॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

# આપણે જૈન કે મુસ્લિમ ?


લેખક

મુનિરાજ શ્રી ગુણહંસવિજયજી મ.સા.



પ્રકાશક

કમલ પ્રકાશન ટ્રસ્ટ

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ,
આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે, ભઠ્ઠા, પાલડી,
અમદાવાદ-૭. ટેલિ. : ૦૭૯-૨૬૬૦૫૩૫૫

## દિવ્ય આશિર્વાદ

સચ્ચારિત્ર ચુડામણી, કર્મ સાહિત્ય નિષ્ણાંત,
સિદ્ધાંતમહોદધિ **પૂ.આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.**
ન્યાયવિશારદ વર્ધમાન તપોનિધિ **પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**
સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ **આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.**
યુગપ્રધાનઆચાર્યસમ શાસન પ્રભાવક ગુરૂદેવ **પ.પૂ.પં.પ્ર.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.**

## નિશ્રાદાતા

પ્રશાંતમૂર્તિ સરલસ્વભાવી પ.પૂ. ગચ્છાધિપતિ આ. **શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
સરળસ્વભાવી પ.પૂ.આ. **શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સા.**

## પ્રાપ્તિસ્થાન

**પ્રતિકભાઈ શાહ**
**મો. : 93232 29655**


પ્રથમ આવૃત્તિ : ૩૦૦૦ નકલ, ૨૬, જાન્યુઆરી ૨૦૨૨, વિક્રમ સંવત ૨૦૭૮, પોષ વદ ૯

**: Title Design By :**
**Dharm Veer : 917636470  Swarnim Vajawat : 8637438961**

## કમ્પ્યુટર ટાઇપ સેટિંગ-મુદ્રક

# પાર્શ્વ ઓફસેટ – ક્રિએટીવ પ્રકાશન

**'વિક્રમ', એમ.જી. રોડ, વેરાવળ-362265. ફોનઃ 02876-222617**

---

**'વિનય', 2/5, જાગનાથ કોર્નર, નંદવાણા બ્રાહ્મણ બોર્ડીંગની બાજુમાં,**
**ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ-360001. ✆ 94269 72609**

# પ્રસ્તાવના

પુસ્તકનું નામ વિચિત્ર લાગે છે ને ? પર્યુષણમાં ક્ષમાપના મુખ્ય કર્તવ્ય છે. જૈનોમાં પરસ્પર વૈરભાવ જોવા મળ્યો, એટલે એક ચિંતન મનમાં પ્રગટ થયું એ જ છે આ પુસ્તક.

વાંચજો, પછી દરેક જીવ સાથે સાચી ક્ષમાપના કરી લેજો...

સાધુ-સાધ્વીને ઉદ્દેશીને લખેલ છે. સંસારીઓએ પોતાના માટે જરાક બદલીને સમજી લેવું.

**– ગુણહંસ વિજય**

કેટલાક પદાર્થો કર્મગ્રંથના છે. એ ન સમજાય તો એટલો ભાગ છોડી દઇ આગળ વાંચવું. પણ આખું પુસ્તક કેન્સલ ન કરવું. એ કર્મગ્રંથનો પદાર્થ પણ જ્ઞાની પાસે સમજી લેવો.

# અનુક્રમણિકા


**આપણે જૈન કે મુસ્લિમ ?** ........................................ ૫

ઉવસમસારં ખુ સામણ્ણં ................................. ૩૨

ઝંકારા .................................................. ૬૮

## આપણે જૈન કે મુસ્લિમ ?

ઓઘો-મુહપત્તી રાખનારા, શ્વેતવસ્ત્રધારી, વિશ્વપ્રસિદ્ધ પહેરવેશવાળા આપણને કોઈ જાણકાર માણસ પ્રશ્ન પૂછે કે મહારાજ સાહેબ ! તમે સાચું કહેજો, 'તમે જૈન ? કે તમે મસ્લિમ ?' તો આપણને પળવાર તો ગુસ્સો જ આવી જાય ને ?

પણ આ પ્રશ્ન આજે એક જૈનમુનિ જ તમને, પોતાની જાતને પણ પૂછે છે કે 'આપણે જૈન ? કે મુસ્લિમ ?'

અત્યંત વિચિત્ર લાગતા આ પ્રશ્ન પાછળનું ગંભીર રહસ્ય વિચારવું છે આપણે !

તમે મને પહેલા કેટલાક જવાબ આપો.

**પ્રશ્ન :** આપણામાં/જૈનોમાં કોઈ મૃત્યુ પામે, તો એ મૃતદેહનું શું કરવામાં આવે ?

**ઉત્તર :** બાળવામાં આવે.

**પ્રશ્ન :** ક્યાં ?

**ઉત્તર :** શ્મશાનમાં.

**પ્રશ્ન :** એ બાળ્યા બાદ શું થાય? એનું શું કરવામાં આવે ?

**ઉત્તર :** એ બાળ્યા બાદ રાખ થઈ જાય. એને યોગ્ય સ્થાને નાખી દેવામાં આવે.

**પ્રશ્ન :** એ મરી ગયેલા માણસને, એના મૃતદેહને ફરી જોવો હોય તો જોઈ શકાય ?

**ઉત્તર :** ના.

**પ્રશ્ન :** કેમ ?

**ઉત્તર :** એ રાખ થઈ ગયો છે, વધુમાં વધુ રાખ જોવા મળે, એ પણ રાખી હોય તો! **સરસ.** આટલા જવાબો તો ખૂબ સરસ આપ્યા તમે ! હવે બીજા કેટલાક પ્રશ્નો !

**પ્રશ્ન :** મુસ્લિમોમાં કોઈ મૃત્યુ પામે, તો એ મૃતદેહનું શું કરવામાં આવે ?

**ઉત્તર :** દાટવામાં આવે.

**પ્રશ્ન :** ક્યાં ?

**ઉત્તર :** કબ્રસ્તાનમાં.

**<u>પ્રશ્ન :</u>** એ દાટ્યા બાદ શું થાય? એનું શું કરવામાં આવે ?

**<u>ઉત્તર :</u>** એ શબ ધરતીની અંદર પડ્યું રહે, સડતું જાય, કદાચ વર્ષો બાદ પણ એના અવશેષો બિભત્સ રૂપમાં મળી આવે ખરા. હાડપિંજર મળી આવે ખરું.

**<u>પ્રશ્ન :</u>** એ મરી ગયેલા માણસને, એના મૃતદેહને ફરી જોવો હોય, તો જોઈ શકાય?

**<u>ઉત્તર :</u>** લગભગ તો જોઈ શકાય. જો વ્યવસ્થિત કબર ખોદવામાં આવે, તો લાશ જોવા મળે ખરી.

**<u>પ્રશ્ન :</u>** એ લાશ કેવી હોય ?

**<u>ઉત્તર :</u>** અત્યંત બિહામણી ! ગભરાવી નાખે તેવી ! જોવી ન ગમે તેવી !

**<u>પ્રશ્ન :</u>** તો બોલો, આપણે જૈન કે મુસ્લિમ?

**<u>ઉત્તર :</u>** એમાં પુછવાનું શું? આપણે જૈન જ. મુસ્લિમ નહિ.

**<u>ગુરુ :</u>** બસ, આ છેલ્લા પ્રશ્નનો ઉત્તર આપવામાં ઉતાવળ કરી નાંખી. જો કે તમારો એ ઉત્તર બહારથી તો સાચો જ છે. આપણે ખરેખર બહારથી તો જૈન જ છીએ. મડદાને બાળનારા, રાખ કરી દેનારા, શ્મશાનવાળા જ છીએ. દાટનારા, બિહામણી લાશને બહાર કાઢનારા, કબ્રસ્તાનવાળા નથી જ.

પણ આ જ વાત આપણે આધ્યાત્મિકક્ષેત્રે વિચારવી છે.

આપણે દીક્ષા લીધી, એટલા માત્રથી આપણે કંઈ સાવ નિર્દોષ, નિષ્કષાય બની ગયા નથી. અરે ભાઇ ! આપણે દોષી-કષાયી હતા, એ કષાયો આપણને ખુંચતા હતા, માટે જ તો આપણે દીક્ષા લીધી છે.

દીક્ષા એટલે સૌથી મોટી-મોંઘી હોસ્પિટલ !

એમાં આત્માના તમામ દોષોની સારામાં સારી ટ્રીટમેન્ટ કરવામાં આવે છે.

સદ્ગુરુઓ એ આપણા ડોક્ટરો !

આપણે બધા જ એ દોષોથી ત્રાસીને નીરોગી બનવા માટે હોસ્પીટલમાં દાખલ થયેલા દર્દીઓ !

આ હોસ્પિટલ બહુ જ મોંઘી છે, એટલે શ્રીમંતો સિવાય કોઈ આમાં દાખલ થઈ ન શકે. આપણે બધા પ્રચંડપુણ્ય રૂપી સંપત્તિના માલિક ! માટે જ આ દીક્ષા - નામની હોસ્પીટલમાં દાખલ થઈ શક્યા. વિશ્વની સાત અબજની વસ્તીમાંથી માત્ર ૧૫૦૦૦ જ જીવો દીક્ષિત બન્યા, એટલે કે ૦.૦૧ ટકા પણ

નહિ. બાકીના અબજો જીવો બિચારા ગરીબ-મધ્યમવર્ગના ! માટે જ રોગી હોવા છતાં આ હોસ્પીટલમાં દાખલ થઈ શકતા નથી.

સંયમજીવનની સેંકડો ક્રિયાઓ એ સદ્ગુરુઓ દ્વારા અપાતી દવાઓ છે.

પણ આ બધું જ હોવા છતાં હજી આ પ્રશ્ન તો મનને મુંઝવે જ છે કે "આપણે જૈન કે મુસ્લિમ ?"

તમે હજી મારા પ્રશ્નનો ભાવાર્થ સમજી શક્યા નથી લાગતા ! બરાબર ને ? ચાલો, હું વધુ સ્પષ્ટભાષામાં આ ખુલાસો કરી દઉં.

આપણને કોઈને કોઈ સાથે તો અણબનાવ-બોલાચાલી-સંક્લેશ-અબોલા-ચીડ-રીસ-વેરભાવ વગેરે વગેરે દોષો ઘુંટાતા જ હશે ને ? ભૂતકાળમાં એ ઘુંટાયા હશે ને ? આવું બને એમાં હજી બહુ વાંધો ન લઈએ, કેમકે આપણે રોગી છીએ, એટલે આવી નાની-મોટી ભૂલો તો થયા જ કરવાની. ગુરુ સાથે, ગુરુભાઈઓ-ગુરુબહેનો સાથે, શ્રાવક-શ્રાવિકાઓ સાથે... પરિવાર સાથે.. સતત સાથે રહેવાનું થાય. બધાના સ્વભાવ અલગ અલગ હોય. આપણે પાછા બધા પાસે જાતજાતની અપેક્ષાઓ લઈને બેઠા હોઈએ. પૂરી ન થાય એટલે રોજેરોજ નાના-મોટા સંક્લેશો થાય એમાં કંઈ આશ્ચર્ય નથી.

પણ આપણે સંયમી છીએ, આપણી ફરજ એ છે કે કષાયોને આપણા મનરૂપી શ્મશાનમાં બાળી નાંખવા. જો આપણે સાચા જૈન હોઈએ, તો આપણું મન એ શ્મશાન ! પેલા દોષો એ મૃતદેહ ! એને પશ્ચાત્તાપરૂપી આગમાં રાખ બનાવી દેવાના. પછી ગુરુ પાસે આલોચનાદિ કરીને એ બધી રાખ પણ વોસિરાવી દેવાની.

જો આપણે આવું કરતા હોઈએ તો આપણે સાચા જૈન !

પણ ચોમાસી ચોદશ કે સંવત્સરી જેવા ક્ષમાપનાના દિવસો આવે, ત્યારે બધા જીવો સાથે બહારથી મિચ્છા મિ દુક્કડં માંગી લઈએ. કદાચ થોડોક પશ્ચાત્તાપ હોય, પણ એ તીવ્રતમ ન હોય. અને માટે જ પેલો કષાય બળે નહિ, પણ મનમાં ને મનમાં જ છુપાયેલો રહે. અને માટે જ ભવિષ્યમાં કંઈક પ્રસંગ બને અને ભૂતકાળની બધી વાતો યાદ આવે, ફરી એ જૂનો કષાય પ્રજ્વલિત બને. 'એ છે જ એવો ! પહેલા પણ મારે એની સાથે ખટપટ થયેલી !..' વગેરે વગેરે સંકલેશભાવ જાગે, બીજાઓ પાસે નિંદા થઈ ગયા વિના ન રહે... તો આનો મતલબ એમ કે આપણે કષાયને બાળ્યો નથી, દાટ્યો છે, અને માટે જ દિવસો બાદ એ જ કષાયને ફરી આપણે મનરૂપી કબરમાંથી ખોદી ખોદીને

બહાર કાઢીએ છીએ, એ ખોદીને બહાર કઢાયેલો કષાય વધુ બિહામણો લાગે છે.

જો આવું કંઈક બનતું હોય તો 'આપણે જૈન કે મુસ્લિમ ?' એ હવે વિચારો.

આપણે કેટલાક પ્રસંગો જોઈ લઈએ. એ ઉપરથી અંદાજ આવશે કે જૈન કેવો હોય? અને ભાવમુસ્લિમ કેવો હોય ?

(ક) ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં અમારે ૨૦૬૭ની સાલનું ચોમાસું! પ્રવચનોમાં ભવાલોચનાની પ્રેરણા કરી, અને ઘણાઓએ ભવાલોચના કરી પણ ખરી. એમાંથી એક ૫૦ વર્ષની ઉંમરના ભાઈ એક દિવસ સમય લઈને મારી પાસે આવ્યા.

સાહેબજી ! આપની પ્રેરણાથી મેં આલોચના લખી દીધી છે, મોકલાવી દીધી છે. બધું જ વિસ્તારથી સ્પષ્ટભાષામાં લખ્યું છે. પણ સાહેબજી ! મારા જીવનમાં દસેક વર્ષ પહેલા એવો પ્રસંગ બની ગયો છે કે જેની બળતરા હજી પણ થયા કરે છે. જ્યારે જ્યારે એ પ્રસંગ યાદ આવે, ત્યારે મન ખિન્ન થઈ જાય છે. મારું મન એ લોકોને સાચી ક્ષમા આપી શકતું નથી. એ લોકોની ભૂલોને હું ભૂલી શકતો નથી. હું ખોટો જ છું, મારે ઉદાર બનવું જ જોઈએ, પણ...'

'તમે કોની વાત કરો છો ?' મેં પૃચ્છા કરી.

આપને વિસ્તારથી મારે વાત કરવી છે. અમે મૂળ જામનગરના ! હું ગુજરાત સરકારમાં છું, એટલે છેલ્લા ઘણા બધા વર્ષોથી ગાંધીનગરમાં રહું છું. મારી સંસારી સગી બહેનના લગ્ન જામનગરમાં જ થયા છે, અને અત્યારે પણ એ ત્યાં જ રહે છે. ખૂબ સુખી છે. અમે મધ્યમવર્ગના ગણાઈએ.

બહેનને ૧૮ વર્ષની એક દીકરી ! મારી ભાણેજી ! એણે ત્યારે એટલે કે દસ વર્ષ પહેલા વર્ષીતપ કરેલો, વર્ષીતપના સામૂહિક પારણા એમણે જામનગરમાં જ રાખેલા. બહેને મારા ઉપર પણ આમંત્રણ પત્રિકા મોકલેલી અને થોડાક દિવસ બાદ ફોન પણ આવ્યો કે ભાઈ ! પત્રિકા મળી ગઈ ને ? તમે પારણા પર આવશો ને?

મેં કહ્યું 'મારી પૂરી ભાવના છે. ભાણી આટલો મોટો તપ કરે, અને મામા હાજરી ન આપે એ કેમ ચાલે ? પણ સરકારી કામકાજનું કંઈ કહેવાય નહિ. એટલે અત્યારથી કશું પાકું ન કહી શકું.'

બસ, એ પછી અમારે કોઈ વાતચીત થઈ નહિ.

સરકારી કામમાંથી હું બે દિવસ માટે નિવૃત્ત થઈ શક્યો, એટલે પત્ની અને દીકરા સાથે થોડોક સામાન બેગમાં ભરીને હું ઉપડ્યો જામનગર ! વૈશાખ સુદ બીજનો એ દિવસ ! મેં જાણી જોઈને બહેનને અમારા આવવાની જાણ કરી ન હતી. એક તો સરપ્રાઈઝ આપવી હતી અને બીજું આવડા મોટા પ્રસંગમાં બધી વ્યવસ્થા તો હોય જ, એટલે મારે કંઈ મુશ્કેલી પડવાની ન હતી.

બપોરે જમવાના સમયે જ હું બહેનને ત્યાં પહોંઓ. હું ખૂબ આનંદમાં હતો. સ્વજનોને-અંગત પરિચિતોને ઘણા વખત બાદ મળવાનો આનંદ તો કેટલો બધો હોય? એટલે જ ઘરમાં પ્રવેશ કરતાની સાથે જ 'કેમ છે બહેન ?' વગેરે બોલવાનું મેં વિચારી જ લીધેલું. પણ મેં જોયું કે હાલમાં વીસ-પચીસ જણ જમવા બેઠેલા હતા, અલક મલકની વાતો થતી હતી, અને એ બધા મહેમાનો પાછા મુંબઈથી આવેલા શ્રીમંતો-સુખીઓ !

બહેને મારી સામે જોયું, ''આવો...'' એમ કહ્યું ખરું, પણ એ શબ્દોમાં વિશેષ ઉમળકો ન દેખાયો. જો કે એ વખતે એ બાબત પર મેં ધ્યાન પણ આપ્યું ન હતું. ત્યારે તો હું મારી મસ્તીમાં જ હતો, પણ કંઈક અજુગતું ચોક્કસ લાગેલું.

''ભાણી ! શાતામાં છે ને ?''

''હા !'' ટૂંકોટચ જવાબ મળ્યો, ઉત્કંઠા-ઉમંગ વિનાનો !

મને ખુંચ્યું તો ખરું, છતાં એ તરફ મેં વિશેષ ધ્યાન ન આપ્યું.

નવી ત્રણ થાળી મુકવામાં આવી, એમાં બધું પીરસાયું. હું જમવા બેઠો, પહેલો કોળીયા હાથમાં લીધો, ત્યાં તો ભાણીએ મોટો ધડાકો કર્યો 'મામા ! પહેલેથી સમાચાર તો મોકલવા હતા, તો અમને રસોઈ કરવાની ખબર પડત. આ બધાનું બગડે, રસોઈ ઘટી પડે...'

હું ચોંક્યો, આંખ ઉંચી કરી ભાણી સામે જોયું. ઉદ્ધતાઈ, શ્રીમંતાઈનો નશો, તપસ્વી હોવાનો અહંકાર... એકસાથે દેખાયું. ખ્યાલ આવી ગયો કે 'અમે મધ્યમવર્ગના છીએ અને આજે આમને ત્યાં મુંબઈના શ્રીમંતો બેઠા છે... એ બધાની વચ્ચે મારું આગમન એમને ખુંચ્યું છે.' પણ આ ઘોર અપમાન મને હાડોહાડ લાગી આવ્યું.

મને વધારે તો એ ખુંચ્યું કે બહેન-બનેવી પણ મૌન રહ્યા, એમણે ભાણીને ઠપકો ન આપ્યો મારા મનમાં અંદર ક્રોધ ઘુંટાતો ગયો. મેં બહેન સામે જોયું, એમના મોઢાના હાવભાવ વિચિત્ર જ લાગ્યા. ભાઈ તરફનો

લાગણીભાવ ન દેખાયો મને, પણ મજબુરી દેખાઈ.

"બેન ! તેં મને પત્રિકા મોકલેલી કે નહિ? અને એ પછી ફોન પણ કરેલો કે નહિ? અને મેં કહેલું કે હું લગભગ આવીશ જ. એ વાત સાચી કે નહિ ? તો શું તું આ બધું ભૂલી ગયેલી ? અને આટલા મોટા પ્રસંગમાં અમારા ત્રણના આવવાથી રસોઈ ઘટી પડે એમ? પાછા તમે ભાણીને કશું જ કહેતા નથી ?"

'એ બિચારી નાની છે, એને સમજણ ન હોય. ભાઈ ! તમે એની વાત ભૂલી જાવ, અને હવે જમી લો..' જાણે અમે ગરીબ ભિખારી હોઈએ, અને ખાવા આવ્યા હોઈએ એવી રીતનું વર્તન એ બહેનના શબ્દોમાં અનુભવાયું.

'હવે તો આ ઘરનું પાણી પણ મારે માટે હરામ છે.' કહીને કોળીયો થાળીમાં ફેંકી દઈ ઉભો થયો. સાથે પત્ની અને દીકરો પણ ઉભા થઈ ગયા. બેગ હાથમાં પકડીને બહાર ચાલી નીકળ્યા. બહેન બિચારીએ મને અટકાવવાના પ્રયત્ન શરમના લીધે પણ કર્યા. પણ મેં કહી દીધું 'હવે અહીં નહિ રોકાઉં. ચિંતા ન કરીશ. આવ્યો છું, તો ભાણીને પારણું કરાવીને જઈશ.'

અને સડસડાટ બહાર નીકળી ગયો.

એ દિવસે હોટલમાં રોકાયો, બીજા દિવસે પારણું કરાવી, બહેન વગેરેની ઘણી વિનંતિ છતાં પણ કશું ય ત્યાંનું ખાધા-પીધા વિના નીકળીને પાછો આવી ગયો.

સાહેબજી ! એ પછી ચોમાસામાં મગજ શાંત પડ્યું. મેં ફોન દ્વારા ક્ષમાપના પણ કરી લીધી, જામનગર જઈ બહેન- ભાણીની પાસે રૂબરૂમાં પણ માફી માંગી, એમના ઘરે જમી પણ આવ્યો અને દસે દસ વર્ષથી હું દરેક સંવત્સરી મહાપર્વે યાદ કરીને એમની સાથે ક્ષમાપના કરી લઉં છું.

પણ સાહેબજી ! ખરું કહું ? હજી એમના પ્રત્યેનો ઉદ્વેગભાવ સંપૂર્ણપણે ખતમ થતો નથી. જ્યારે પણ એ પ્રસંગ યાદ આવે છે, ત્યારે હૈયું હચમચી ઉઠે છે. એમના પ્રત્યેનો અરુચિભાવ દીવાની નાનકડી જ્યોતની માફક જલ્યા કરે છે. ઘણું દુઃખ થાય છે, ઈચ્છા થાય છે એ કષાયને સંપૂર્ણ ખતમ કરી દેવાની ! પણ નથી સફળતા મળતી.

"બસ, આપ આશિષ આપો, બધું જ ભૂલી શકુ એ માટે !"

આ સત્યપ્રસંગ આમ ભલે એક જ શ્રાવકના જીવનનો છે, પણ ખરેખર જો જોવા જઇએ, તો ઘણાખરા જીવો શું આ જ પરિસ્થિતિમાં જીવનારા નથી ? અરે ! આ ભાઈને તો લાખ લાખ ધન્યવાદ છે કે પોતાના આ

કષાયદોષને નિર્દંભભાવે સ્વીકારી તો શકે છે. દર વર્ષે સાચા હૈયાથી ક્ષમાપના માંગી તો શકે છે, પણ વિચારો તો ખરા કે જો આટલું બધું કરવા છતાં કષાયભાવ થોડો ઘણો પણ ઉભો રહેતો હોય, તો આપણે શું આ રીતે આપણા કષાયને નિર્દંભ ભાવે સ્વીકારીએ છીએ ખરા ? એ માટે ક્ષમા માંગીએ છીએ ખરા ?

બીજાને તો આપણે ખૂબ જ સરસ ઉપદેશ આપીએ છીએ, તેઓ પોતાની પાત્રતા પ્રમાણે પામી પણ જાય છે, પણ ***"परोपदेशे पाण्डित्यं स्वोपदेशे मूर्खता"*** એવું જ આપણું સ્વરૂપ નથી શું ? *બીજાઓને ઉપદેશ આપવો હોય ત્યારે આપણે પંડિત ! જાતે ઉપદેશ ઝીલવો હોય ત્યારે મૂર્ખ !*

આપણો સૌથી વધુ સંપર્ક આપણા ગુરુ-ગુરુણી સાથે અને સાથે રહેનારા સાધુ-સાધ્વી સાથે જ છે ને ? (સંસારીઓને પોતાના પરિવાર સાથે) બધાના સ્વભાવ-સંયમ વગેરે સરખા નથી હોતા, એટલે જ રોજેરોજ અનેક બાબતોમાં સ્વભાવના ભેદ, સંયમનો ભેદ ઉભા થતા જ રહેવાના. પણ એની આપણા મન પર અસર શું ? તરત એ સંયમી માટે જાતજાતના વિચારો આવવા માંડે ને ? પરસ્પર એના માટે ટીકા-ટીપ્પણ (સ્પષ્ટ ભાષામાં બોલીએ તો 'નિંદા') શરૂ થઈ જાય ને ? મનમાં એ વ્યક્તિ પ્રત્યે પૂર્વગ્રહ-અરુચિ બંધાઈ જવા લાગે ને? અને પછી જ્યારે પણ એ વ્યક્તિ માટે કંઈપણ વાત નીકળે, એટલે 'એ તો છે જ એવો... એવો ઘુંટી રાખેલો કષાય તરત બહાર પ્રગટ થઈ જ જાય ને ? અને એ ય માત્ર એનું સ્વરૂપ દર્શાવવા માટે બોલાયું હોય તો તો બરાબર, પણ ખરેખર તો મોઢા ઉપર એ સંયમી પ્રત્યેનો અણગમો જ છતો થતો હોય ને ?

આપણે ક્યાં છીએ ? એ શોધવાનું છે. C.B.I.ના જાસુસો પણ આ કામ ન કરી શકે એટલું અઘરું કામ છે આ ! અમેરિકાના શ્રેષ્ઠ વૈજ્ઞાનિકોએ પણ હાથ ધોઈ નાંખવા પડે એવું દુષ્કર સંશોધનકાર્ય છે આ ! એમાં આપણે સફળ થવાનું જ છે... જો નિષ્ફળ ગયા, તો આપણે જૈન મટી જવાના, મુસ્લિમ - ક્રીશ્ચન બની જવાના. આપણા કષાયો અનંતાનુબંધી બની જવાના.

'આપણા કષાયો કેવા કેવા સ્વરૂપે હોય છે ?' એના કેટલાક ટુચકાઓ

- આ વ્યક્તિ ખૂબ આળસુ છે. એને કામ કરવાનો રસ જ નથી. ઘરનું નાનામાં નાનું કામ સોંપીએ, તો ય મોઢું બગાડે, કામમાં વેઠ ઉતારે જરાક માંદગી આવે, એટલે તરત બહાનું કાઢે કે મારું માથું દુઃખે છે, પેટ દુઃખે છે... આજે હું કામ નહિ કરું." માંદગી દૂર થયા પછી પણ બે-ચાર દિવસ તો કામ કરવાનું નામ જ ન લે. આપણે સામેથી

કહીએ તો વળી માંડ તૈયાર થાય, બહુ જ વિચિત્ર સ્વભાવ છે આમનો તો ! આપણને તો બિલકુલ ન ફાવે.

- આ તપસ્વીને આસક્તિ કેટલી બધી છે ! માસખમણ કરી શકે છે અને છતાં રોજ નવકારશી કરે છે. બપોરે રોટલી વગેરેને તો અડતો જ નથી. બસ, મીઠાઈ-ફરસાણ જ ખાય છે. બીજુ કંઇ લે જ નહિ, બિચારો રહી જ નથી શકતો. શું જોઈને આવા લોકો તપ કરતા હશે? ઘરે ખાવાનું નહિ મળતું હોય ત્યારે જ ને ?
- આ ભાગ્યશાળી તો માણેકચોકમાં દુકાન નાંખીને જ બેઠા છે, જે આવે, એને પકડે. બસ, આ જ એમનો ધંધો ! બિચારા લોકો ત્રાસી જાય, પણ આને સમજાવે કોણ ? કામકાજ કરવાનું તો એને સુઝતું જ નથી. આખા ગામને ઉપદેશ આપ્યા કરે છે, પણ જાતના તો કોઈ જ ઠેકાણા નથી,
- જુઓ પેલો જ્ઞાની ઠીક ! છે હવે ! બધા એની પ્રશંસા કરે છે એટલે ફુલી ગયો છે, બાકી એનો અભ્યાસ કેવો છે અને કેટલો છે એ તો અમને ખબર છે. પોથીનો પંડિત છે માત્ર ! વ્યવહારકુશળતા બિલકુલ નથી. ઔચિત્ય સાચવતા આવડતું નથી. અરે, અમારી સાથે વાત પણ નથી કરતો. આ બધું કંઈ ચાલે ? પણ હવે એ સિંહને કોણ કહેવા જાય ? કે તારું મોં ગંધાય છે.
- શાસન પ્રભાવનાના બહાના હેઠળ એ કેટલી મલાઈ ખાઈ લે છે, એની મને બધી ખબર છે. સાધ્વી પરિચય અને સ્ત્રી પરિચય કેટલો બધો છે ! હળહળતો કળિયુગ ચાલે છે આ તો ! કે સાધુઓ, આચાર્યો પણ એની આભામાં અંજાઈ ગયા છે. કશું બોલી શકતા નથી.
- પરણેલી સ્ત્રીને ઘણા વર્ષે ઘોડિયું બંધાય, એટલે હરખનો પાર ન હોય. એમ આ સાધુને ઘણા વર્ષે, ઘણી મહેનતે એક મુમુક્ષુ મળી ગયો છે. એટલે સાધુ આખો દિ' એની પાછળ લટ્ટુ બની ગયો છે. ગુરુ કરતાં ય એને આ ચેલો વહાલો થઈ પડ્યો છે. એ મુમુક્ષુ બીજા કોઈની પણ સાથે વાત ન કરે, એ માટે એની કેટલી સખત કાળજી ! દિવસમાં દસવાર કંઈ ને કંઈ ગુસપુસ કર્યા જ કરતો હોય છે. કંઈ વાંધો નહિ. એ રીતે ય એ સુખી થતો હોય તો આપણને શું વાંધો?
- **'ખાટલેથી પાટલે અને પાટલેથી ખાટલે'** આ એક મુદ્દાનો કાર્યક્રમ

બનાવી દીધો છે. આ સાહેબનું તો વજન વધી ગયું છે. ચાલવામાં મુશ્કેલી વધતી જાય છે, રોગો વધે છે, દવાઓ વધે છે, આર્તધ્યાન વધે છે... પણ આપણે કહેલું માને તો ને ? આખો દિ' ગાદીમાં પડ્યા રહે છે. બસ, ત્રણ ટાઈમ ખાવાનું અને બાકી પડ્યા રહેવાનું. અરે ! થોડુંક કામ કરે, હલનચલન કરે, તો ખાધેલું ય પચે...વળી ખાવાનું ય કશું ભાન નથી. દાબીને ખાય છે... હે ભગવાન !

આ બધા તો માત્ર નાના નાના ટુચકાઓ છે. આપણે જાતને પુછીએ કે પરિચિતો માટે આપણા મનમાં આવા સંક્લેશના વિચારો રોજેરોજ કેટલા આવે છે? એને આપણે ખોટા માન્યા? 'એ વિચારો નકામા છે' એમ માન્યું?

આ બધા કષાયો તો ''મનમાં પરણ્યા ને મનમાં રાંડ્યા એની જેમ જાતે જ ઉભા કર્યા અને જાતે જ મનમાં ધરબી રાખ્યા. પણ દિવસ દરમ્યાન કોઈક ને કોઈક સાથે અપશબ્દોની આપ-લે પણ થતી હશે ને ? મહીને એકાદવાર નાનકડો ઝઘડો, વર્ષે એકાદવાર મોટો ઝઘડો પણ થતો હશે ને ? આ બધા કષાયોને આપણે બાળી નાંખીએ છીએ ? કે મનમાં દાટી રાખીએ છીએ ?

**<u>પ્રશ્ન :</u>** તમારું આ વિસ્તૃત વર્ણન વાંચ્યું, પણ દાટી રાખીએ, તો આપણે જૈન નહિ... એવું તમે જે કહો છો, એ તો માત્ર તમે કહેલું ચિંતન જ છે ને ? એને શાસ્ત્રનો કોઈ આધાર ખરો?

**<u>ઉત્તર :</u>** શાસ્ત્રાધાર છે, અને એ ખૂબ સુંદર રહસ્યથી ભરેલો છે. હું તને એ ટુંકાણમાં જ સમજાવીશ. છતાં એ ટુંકાણ પણ તારા માટે તો વિસ્તારની જ ગરજ સારશે.

**શ્રી યોગશાસ્ત્ર** ગ્રન્થમાં ફરમાવ્યું છે કે,

***पक्षः संज्वलनं, प्रत्याख्यानो मासचतुष्टयम् ।***

***अप्रत्याख्यानको वर्ष, जन्मानन्तानुबन्धकः ।।***

*જે કષાય ૧૫ દિવસ સુધી ચાલુ રહે, ટકી રહે, પંદર દિવસની અંદર-અંદર નાશ પામી જાય, એ કષાય* ***<u>સંજ્વલન કષાય</u>*** *કહેવાય.*

*જે કષાય ૧૫ કરતા વધુ દિવસ ચાલે, પણ ચાર મહિના પૂર્વે ખતમ થઈ જાય એ કષાય* ***<u>પ્રત્યાખ્યાન કષાય</u>*** *કહેવાય.*

*જે કષાય ચાર મહિનાથી વધુ દિવસ ચાલે, પણ એક વર્ષ પૂર્વે ખતમ થઈ જાય એ કષાય* ***<u>અપ્રત્યાખ્યાનીય કષાય</u>*** *કહેવાય.*

*જે કષાય એક વર્ષથી પણ વધારે ચાલે, તે કષાય* ***<u>અનંતાનુબંધી</u>***

*કહેવાય.*

આ વાત અત્યંત પ્રસિદ્ધ છે. કર્મગ્રન્થ વગેરે અનેક શાસ્ત્રોમાં દર્શાવવામાં આવી છે.

એમ આ વાત પણ પ્રસિદ્ધ છે કે

જેને અનંતાનુબંધીનો ઉદય હોય તે મિથ્યાત્વી !

જેને અનંતાનુબંધી ન હોય, પણ અપ્રત્યાખ્યાનીય હોય, તે અવિરત-સમ્યકત્વી !

જેને ઉપરના બંને ન હોય, પણ પ્રત્યાખ્યાનીય હોય તે શ્રાવક !

જેને માત્ર સંજવલનોદય હોય તે સાધુ !

આનો મતલબ એ કે જે દિવસે આપણને કોઈની પણ સાથે અણબનાવ થાય, એ દિવસથી માંડીને પંદર દિવસ બાદ પણ જો એ પ્રસંગ આપણે ફરી યાદ કરીએ અને એ વખતે મનમાં પાછો સંક્લેશ ઉત્પન્ન થાય, તો આપણે સાધુ મટી ગયા. કારણ કે આપણો કષાય પંદર દિવસ કરતા વધુ સમય રહ્યો છે.

એમ જે દિવસે આપણો કોઈની સાથે અણબનાવ બન્યો, એ દિવસથી માંડીને એક વર્ષ બાદ પણ જો આપણે ફરી એ અણબનાવ યાદ કરીએ અને પાછો મનમાં સંક્લેશ ઉત્પન્ન થાય તો આપણે મિથ્યાત્વી જ બની ગયા, એટલે કે અજૈન જ બની ગયા.

હા ! પ્રસંગ યાદ આવે, પણ એની સાથે સાથે 'મેં કષાય કરીને એ વખતે ગંભીર ભૂલ કરી. મૈત્રી વગેરે ચાર ભાવના સિવાય એકપણ ભાવના જીવતત્ત્વ તરફ ભાવવાની જ નથી.' એમ પશ્ચાતાપનો ભાવ જાગે, તો તો વાંધો જ નથી. પણ જૂનો પ્રસંગ જ્યારે બનેલો અને મનમાં એ જીવ પ્રત્યે દ્વેષ પ્રગટેલો, એ પ્રસંગ અત્યારે યાદ કરતી વખતે 'એને તો ત્યારે બે-ચાર સખત સંભળાવી દીધી હોત, તો સારું થાત. મને ત્યારે આ વાત યાદ જ ન આવી, બાકી તો એની બોલતી બંધ કરી દેત...' એવા એવા ફરી કષાયના જ વિચારો આવે, તો આપણે મોટા ગુન્હેગાર !

હવે એક વર્ષ બાદ પણ આ અંદરના કષાયોને પાછા ઉખેડ્યા, એનો મતલબ જ એ ને ? કે એને આપણે દાટ્યા જ છે, બાળ્યા નથી. એટલે ઉપમા પ્રમાણે એ અજૈન બને છે, મુસ્લિમ ક્રિશ્ચન બને છે... એમ ચિંતનના આધારે કહીએ તો એમાં કશું ખોટું નથી.

જે ઉત્તમ આત્મા છે એના જીવનમાં ય અવારનવાર કષાયોના પ્રસંગો

બનતા જ રહેવાના. પણ એ તો સાંજે કે સવારે પ્રતિક્રમણ વખતે જ એ કષાયો માટે ભાવભરી ક્ષમાપના કરી જ નાંખે. જેની સાથે અણબનાવ બન્યો હોય, એની પાસે માફી માંગી લે... આમ એનો કષાય તરત જ બળી જાય.

ધારો કે પાંચ દિવસ બાદ નવો પ્રસંગ બને, તો એ વખતે આ સંયમી જુનો પ્રસંગ યાદ ન કરે, યાદ આવે તો ય એના દ્વારા કષાયને તગડો ન કરે. એ પેલા નવા પ્રસંગની માફી માંગી લે... આમ એનો કષાય સંજવલન જ રહે.

<u>**પ્રશ્ન :**</u> ઉત્તમ આત્માને પણ એ જુનો પ્રસંગ યાદ આવે, ત્યારે બિલકુલ કષાય ન જ જાગે, એવું એકાંતે માની શકાય?

<u>**ઉત્તર :**</u> ના. પણ કષાય સંજવલન છે, એટલે કે કષાય નબળો તો પડી જ જાય. એટલે કે એ પ્રસંગ વખતે જેટલી તીવ્રતા હોય, એ લાંબા કાળ પછીના સ્મરણ વખતે કષાય જાગે તો ય નબળી તો પડી જ જાય.

<u>**પ્રશ્ન :**</u> **ગુરુતત્ત્વવિનિશ્ચય** ગ્રન્થમાં તો આ પ્રમાણે લખ્યું છે કે 'સંવત્સરીના દિવસે ૪૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ પૂર્વે જો કષાય જાગે, તો કાઉસ્સગ્ગ પૂર્વે એની ક્ષમાપના કરી લેવાની. જો ન કરે તો એ સંઘ બહાર !' અર્થાત્ અહીં તો માત્ર કષાય ઉભો થયા બાદ બે-ત્રણ કલાક જ પસાર થયા છે, છતાં એને અજૈન કહી દીધો છે.

વળી એ જ ગ્રન્થમાં આગળ કહ્યું છે કે જો સંવત્સરી પ્રતિક્રમણ બાદ એને કષાય જાગે, તો છેક આવતી સંવત્સરી સુધીમાં એણે કષાય ખતમ કરવાનો... જો ત્યાં સુધીમાં પણ ન કરે, અને આવતી સંવત્સરીના પ્રતિક્રમણનો ૪૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ પૂરો થાય ! તો એ સંઘ બહાર !'

આ કેટલું વિચિત્ર નિરૂપણ લાગે છે.

એકને કષાય બાદ બે કલાકમાં જ સંઘબહાર કરવામાં આવે.

એકને કષાય બાદ એક વર્ષ બાદ સંઘબહાર કરવામાં આવે.

આમાં કાળ કરતા પણ સંવત્સરી પ્રતિક્રમણનું જ મહત્ત્વ વધી ગયું. આખા વર્ષમાં કષાય ગમે ત્યારે કરો, જો સંવત્સરીનું પ્રતિક્રમણ કર્યા પૂર્વે ક્ષમાપના કરી લો, તો સંઘમાં ! નહિ તો સંઘબહાર !

આમાં કયું ગણિત કામ કરે છે ?

<u>**ઉત્તર :**</u> આ આખો વ્યવહારમાર્ગ છે. એની પાછળ ઘણું ઉંડુ ગણિત છે. અત્યારે એ બધું તો લઈ શકાય એમ નથી, છતાં ટુંકમાં સમજાવું.

કાશ્મીર પાસે ભારતની સીમારેખા છે. હવે કાશ્મીરવાળા માટે એ

રેખા પચાસ કિ.મી. જ દૂર છે. કન્યાકુમારીવાળા માટે એ રેખા ૨૦૦૦ કિ.મી. દૂર છે. હવે કાશ્મીરીઓ એમ કહે કે 'કન્યાકુમારીવાળાઓ ૨૦૦૦ કિ.મી. સફર કરીને આવે, પછી જ એમને સરહદ લાગુ પડે છે, તો અમારા માટે એવું કેમ નહિ ? અમે પણ અહીંથી ૨૦૦૦ કિ.મી. સફર કરીએ, એ પછી જ સરહદની શરૂઆત ગણાવી જોઈએ.' તો શું એ વ્યાજબી ગણાશે ?

સરહદ મુખ્ય સ્થાન છે, નિશ્ચિત સ્થાન છે. ભારતના લોકોમાંથી કોણ ક્યાં છે ? એના આધારે સરહદ બદલાયા ન કરે. બે હજાર કિ.મી. દૂરથી આવનારા માટે, ૫૦૦-૨૦૦-૧૦૦-૫૦ કે ૧ કિ.મી. જ દૂર રહેલા માટે પણ સરહદ નિશ્ચિત જ છે. દૂર રહેલો એને ઓળંગે કે નજીક રહેલો એને ઓળંગે, એણે ગોળીઓ ખાવાની તૈયારી રાખવી જ પડે.

સંવત્સરી મહાપર્વ આવી સરહદ જેવું છે. કોઈ એનાથી ૩૬૦ દિવસ દૂર હોય કે કોઈ એનાથી બે કલાક જ દૂર હોય, બંને માટે એ મહાપર્વ અને એમાંનું પ્રતિક્રમણ અગત્યનું છે, એનું ઉલ્લંઘન દૂરવાળો કરે કે નજીકવાળો કરે એ બધાને એક સરખું પ્રાયશ્ચિત આવે. બધા જ સંઘબહાર !

અલબત્ત આનો અર્થ એવો નથી કે સંવત્સરીને ૩૦૦ દિવસની વાર હોય, અને કોઈ કષાય થઈ જાય, તો એની ક્ષમાપના કરવા માટે ૩૦૦ દિવસની રાહ જોવી. અરે, શક્ય હોય તો એ જ પળે ક્ષમાપના કરી જ લેવી. અને તમે જુઓ, વચ્ચેના ૨૨ તીર્થંકરના સાધુઓ આ જ રીતે કરતા હતા. એમને રોજ સવાર-સાંજ પ્રતિક્રમણ કરવું જ એવું નિશ્ચિત નહિ, તેઓ તો જ્યારે પાપ લાગે, ત્યારે ત્યાં જ તરત જ પ્રતિક્રમણ કરી લે. (એમને માટે માત્ર ઈરિયાવહિ કે માત્ર મિચ્છામિ દુક્કડમ્... એ પણ તે કાળ પ્રમાણે પ્રતિક્રમણ હોઈ શકે છે.) આપણે બધા જડ-વક્ર હોવાથી જ આપણા માટે આ પાંચ પ્રતિક્રમણની વ્યવસ્થા ગોઠવી છે.

દેવસિઅ-રાઈઅ પ્રતિક્રમણ જો ભાવપૂર્વક કરીએ, રોજીંદા કષાયોને યાદ કરીને-સાચા ભાવથી ક્ષમાપના માંગીને કરીએ તો રોજેરોજના કષાયો ત્યારે જ ધોવાઈ જવાના. પણ જો એમાં ન ધોવાય, કોઈ જીવ ક્ષમાપનાદિ કરવામાં ઢીલ કરે તો એના માટે પક્ખી પ્રતિક્રમણ છે. એનો મહિમા વધારે છે, એટલે જીવને એ દિવસે તો ક્ષમાપના કરી નાંખવાના ભાવ જાગવા જ જોઈએ. પણ ધારો કે ભારેકર્મી જીવો ત્યારે પણ ક્ષમાપના ન કરે, કષાય રાખી મુકે, તો એ બધા માટે છેવટે ચોમાસી પ્રતિક્રમણ છે, અને એમાં ય ઠેકાણું ન પડે, તો છેલ્લે સંવત્સરી પ્રતિક્રમણ છે.

આમ આ આખી વ્યવસ્થા આપણા જેવા જડ-વક્ર જીવો માટે ગોઠવવામાં આવી છે. મધ્યમ તીર્થકરોના સાધુઓ ઋજુ-પ્રાજ્ઞ હોવાથી એમને પાંચમાંથી એક પણ પ્રતિક્રમણ નિશ્ચિત નહિ, એમને તો જ્યારે પાપ ! ત્યારે જ પ્રતિક્રમણ !

**<u>પ્રશ્ન :</u> પ્રસન્નચન્દ્ર રાજર્ષિ**ને મંત્રીઓ ઉપર કષાય જાગ્યો, નરકગતિને યોગ્ય કર્મ બાંધ્યા, એનો અર્થ એ જ કે એ વખતે રાજર્ષિ અનંતાનુબંધીના ઉદયવાળા બની જ ગયેલા. કારણ કે એ વિના નરકગતિના કર્મો શી રીતે બંધાય ? નરકગતિના કર્મો પહેલા મિથ્યાત્વ ગુણસ્થાને જ બંધાય છે, અને ત્યાં તો અનંતાનુબંધી કષાય છે.

હવે થોડી જ પળો બાદ એ તો કેવલજ્ઞાન પામી ગયા. આનો અર્થ એ કે અનંતાનુબંધી કષાય એક વર્ષથી પણ વધુ સમય ચાલે, એવો તો નિયમ જ ન રહ્યો.

બીજી વાત -

**કર્મગ્રંથાદિ** શાસ્ત્રોમાં સ્પષ્ટ જણાવ્યું છે કે *'ઉપરના ગુણસ્થાનોમાં રહેલો જીવ નીચે પડે, પહેલે ગુણસ્થાને આવે, તો જઘન્યથી માત્ર અંતર્મુહુર્ત રહીને તરત જ પાછો સમ્યક્ત્વાદિ પામીને ઉપર પહોંચી શકે છે.'*

આનો અર્થ એ કે તે ઉપર હતો, ત્યારે અનંતાનુબંધી ન હતો, નીચે આવ્યો, ત્યારે અનંતા. કષાય આવી ગયો, પણ અંતર્મુહુર્તમાં જ પાછો ઉપર ચડી ગયો, ત્યારે પાછો અનંતા. ગયો. (અનંતા. કષાય બીજા ગુણસ્થાન સુધી જ હોય, અને બીજાનો કાળ તો ઘણો ઓછો હોવાથી એની વિવક્ષા ન કરીએ, તો અનંતા.કષાય પહેલે જ છે... ઉપર નથી... એમ સ્પષ્ટ કહી શકાય.)

આમ અનંતા. કષાય જઘન્યથી તો માત્ર અંતર્મુહુર્ત કાળ જ રહે છે. એનો મતલબ મધ્યમકાળની અપેક્ષાએ આ કષાય કોઈકને એક દિવસ રહે અને જતો રહે. કોઈકને બે દિવસ રહે અને જતો રહે, કોઈકને ત્રણ દિવસ રહે અને જતો રહે.. આ બધું પણ બનતું જ હશે ને ?

તો અનંતા કષાય એક વર્ષથી પણ વધારે ટકે, આખી જીંદગી ટકે... આ બધી વાતો તો સાવ ખોટી જ સાબિત થઈને ?

વળી આનો અર્થ તો એ થયો કે જો અનંતા કષાય. જઘન્યથી માત્ર અંતર્મુહુર્ત જ રહીને જતો રહેતો હોય, તો બાકીના બધા કષાયો પણ જઘન્યથી અંતર્મુહુર્તમાં જ જતા રહે... તો એમાં કોઈ જ આશ્ચર્ય નથી.

**<u>ઉત્તર :</u>** શાબાશ ! તેં ખૂબ જ સુંદર ચિંતન કર્યું. તારી વાત સાચી છે.

**<u>પ્રશ્ન :</u>** તો પછી યોગશાસ્ત્રમાં, કર્મગ્રંથોમાં શા માટે એવું કહ્યું છે કે, અનંતા.કષાય એક વર્ષ કરતાં ય વધારે, આખી જીંદગી ટકે...

**<u>ઉત્તર :</u>** પહેલી વાત તો એ કે શાસ્ત્રોમાં આવું કહ્યું જ નથી, જે તું અત્યારે બોલી રહ્યો છે. તારે વાક્ય ઉંધુ કરવું પડશે, તે આ પ્રમાણે -

જે કષાય વર્ષથી પણ વધારે ટકે, તે અનંતાનુબંધી ! આમ સમજવાનું છે. પણ એમ નથી સમજવાનું કે - જે અનંતા. હોય, તે વર્ષથી પણ વધારે ટકે જ. - અનંતા. કષાય એના કરતા પહેલા, અરે ! અંતર્મુહુર્તમાં જ જતો રહે... એવું પણ બને.

**<u>પ્રશ્ન :</u>** જુઓ, તમે જે ઉત્તર આપો છો, એ પ્રમાણે પ્રસન્નચન્દ્ર રાજર્ષિ વગેરેમાં ભલે વાંધો ન આવે. કેમકે એમને અનંતા.કષાય જાગ્યો અને તરત જ નીકળી ગયો, એવું માની શકાય છે.

પણ **બાહુબલી**માં શું કરશો ? ત્યાં તો એક વર્ષ સુધી કષાય રહ્યો છે. તો તમારા નિયમ પ્રમાણે એમને અનંતા. માનવો પડશે. પણ શાસ્ત્રોમાં તો એમને સંજવલન જ માન્યો છે, તો શું સંજવલન કષાય એક વર્ષ ટકે ખરો ! એક વર્ષ ટકે એને સંજવલન કહી શકાય ?

**<u>ઉત્તર :</u>** તને ફરી શાબાશી આપું છું. તું ખૂબ સુંદર રીતે શાસ્ત્રના પદાર્થોને વિચારી શકે છે એ સ્પષ્ટ અનુભવાય છે.

તને પરમાર્થ જણાવું. -

પરમાર્થ એ જ છે કે સંજવલનકષાય જઘન્યથી અંતર્મુહુર્તમાં જતો પણ રહે, અને ઉત્કૃષ્ટથી વર્ષ કે આખી જીંદગી પણ ચાલ્યા કરે. શાસ્ત્રોમાં દષ્ટાન્ત પણ આવે છે કે સાધુઓને પરેશાન કરનારા રાજપુત્ર અને તેના મિત્રને એક સાધુએ સબક શીખવાડીને બળજબરી દીક્ષા લેવડાવી. બંને સારી રીતે પાળે છે. માત્ર પેલા મિત્ર સાધુને ગુરુ પ્રત્યે નાનકડો કષાય ઉભો રહ્યો કે, ‘‘બીજુ બધું જ બરાબર. પણ અમને આ રીતે બળજબરી દીક્ષા આપી, તે સારું ન કર્યું.’’

આ કષાય આખી જીંદગી રહ્યો છે અને સાચી સાધુતા પણ રહી છે. એટલે કે આ કષાય સંજવલનનો હતો અને એ આખી જીંદગી રહ્યો, એ સિદ્ધ થાય છે. એટલે હવે જો વિચારીએ તો

ચારમાંથી કોઈપણ કષાય જઘન્યથી અંતર્મુહુર્ત જ ટકે, પછી જતો રહે.

ચારમાંથી કોઈપણ કષાય ઉત્કૃષ્ટથી વર્ષ કે આખી જીંદગી પણ ટકે.

**<u>પ્રશ્ન :</u>** વાહ રે વાહ ! તો પછી સંજ્વલન ૧૫ દિવસ, અપ્રત્યાખ્યાનીય ચાર માસ... આ બધા ગપ્પા માર્યા છે, શાસ્ત્રકારોએ...

**<u>ઉત્તર :</u>** ઉતાવળો ન થા. શાંતિથી સાંભળ.

મેં જે વાત કરી એ નિશ્ચયનયની વાત કરી, અંદરના પરિણામોની વાત કરી. પણ પરિણામને કોણ ઓળખી શકે? કેવલી કે વિશિષ્ટજ્ઞાની વિના ગીતાર્થો પણ ચોકખે ચોકખું તો જોઈ શકવાના જ નથી કે 'આનો કષાય સંજ્વલન છે, આનો કષાય અનંતા. છે...'' વગેરે. તો પછી એમણે શી રીતે નિર્ણય કરવો ? કે ''આને આ કષાય છે, માટે આને આટલું પ્રાયશ્ચિત !''

એટલે એ બધા માટે વ્યવહારનય વચ્ચે લાવવો જ પડે, અને વ્યવહારમાં કાળને આધારે ઘણા બધા કષાયોનો નિર્ણય થતો દેખાય જ છે.

દા.ત. જુવાન છોકરો મરી જાય અને મા રડે, ત્યારે બધા સમજે જ કે **'દુ:ખનું ઓષધ દહાડા'** જેમ જેમ દિવસો પસાર થશે, તેમ તેમ શોક ઓછો થશે.

એટલે જ દસ-પંદર દિવસ મા રડ્યા જ કરે, તો બધા આશ્વાસન ચોક્કસ આપે, પણ બોલે ય ખરા કે ''જુવાન છોકરો મરી ગયો છે, એટલે એનો આઘાત તો લાગેજ ને ?''

પણ એ જ મા એક-બે-ચાર મહિના સુધી પણ વારંવાર રડ્યા જ કરતી હોય, તો બધા કહેવાના કે ''માને આઘાત વધારે લાગ્યો છે.''

અને છ-આઠ-દસ માસ પછી ય મા વારંવાર રડતી દેખાય તો તો લોકો બોલશે જ કે ''માને ઘણો વધારે આઘાત લાગ્યો છે.''

અને વર્ષ બાદ, બે-ચાર-છ વર્ષ બાદ પણ એ માને ધ્રુસકે રડતી જૂએ, છોકરાના નામની ચીસો પાડતી જુએ, ત્યારે તો બધા કહેશે કે ''આવી મા તો પહેલી વાર જોઈ, અરે ભાઈ ! વર્ષો નીકળી ગયા, પછી પણ આટલો બધો કલ્પાંત !''

વ્યવહાર આ પ્રમાણે થાય છે ને ?

'દુ:ખનું ઓષધ દહાડા' એમ 'કષાયોનું ઔષધ દહાડા !' એ ન્યાય પણ સમજી જ લેવાનો છે. અરે, એ શોક-આઘાત એ પણ એક પ્રકારનો કષાય જ છે. અને એટલે મોટા ભાગે આવું બને કે જો કષાય નબળો હોય, તો એ થોડાક જ દિવસમાં ઓસરી જાય, જો કષાય તગડો હોય તો એ થોડાક વધારે દિવસો બાદ ઓસરે... એમ જો કષાય અતિ-તગડો હોય તો એ પુષ્કળ દિવસો બાદ પણ ઓસરે નહિ.

એટલે વ્યવહારનય પ્રમાણે કહી શકાય કે,

- મોટા ભાગે તો સંજવલનકષાય વધુમાં વધુ પંદર દિન ચાલે, પણ આમાં એકાંત નહિ.
- મોટા ભાગે તો પ્રત્યાખ્યાનીય વધુમાં વધુ ચાર માસ ચાલે, પણ આમાં એકાંત નહિ.
- મોટા ભાગે તો અપ્રત્યાખ્યાનીય વધુમાં વધુ એક વર્ષ ચાલે, પણ આમાં એકાંત નહિ.
- મોટા ભાગે તો અનંતાનુબંધી વધુમાં વધુ એક વર્ષથી પણ વધારે ચાલે, પણ એકાંત નહિ.

એમ વ્યવહારનય પ્રમાણે પણ કહી શકાય કે,

- જે કષાય પંદર દિવસ પહેલાજ જતો રહે, એ મોટા ભાગે સંજવલન જ હોય.
- જે કષાય ચાર મહિના પહેલા જ જતો રહે, એ મોટા ભાગે અપ્રત્યાખ્યાનીય જ હોય.
- જે કષાય વર્ષ પહેલા જ જતો રહે, એ મોટા ભાગે પ્રત્યાખ્યાનીય જ હોય.
- જે કષાય વર્ષથી વધુ ટકે એ મોટા ભાગે અનંતાનુબંધી હોય.

પણ ચારમાંથી એકેયમાં એકાંત તો નહિ જ.

એટલે શાસ્ત્રોમાં જે કહ્યું છે, એ ભાગ્યશાળી ! ગપ્પા નથી, પણ વ્યવહારને આધારે નિરૂપણ કરેલું છે.

<u>**પ્રશ્ન :**</u> ભલે, પણ જો વર્ષ કરતા વધુ રહેનારો કષાય પણ સંજવલન હોઈ શકે છે, તો આપણામાં કોઈક કષાય વર્ષ કરતા વધુ રહ્યો, એટલે આપણે મિથ્યાત્વી થઈ ગયા, એવું શું કામ માની લેવું ? એમ બીજા માટે પણ એવો નિર્ણય શું કામ કરી લેવો ?

<u>**ઉત્તર :**</u> તમે જીવો છો ક્યાં ? વ્યવહારમાં ? કે નિશ્ચયમાં ? આપણે નિશ્ચયને આદર્શ રાખીને વ્યવહારમાં જીવવાનું છે. વળી તમે કેવલી કે વિશિષ્ટજ્ઞાની છો ? કે તમારા લાંબા કાળના કષાય માટે સંજવલનનું લેબલ ચોંટાડી દો છો? આ તો જાતને જ છેતરવાના ધંધા છે.

- એ લાંબો કષાય જેમ સંજવલન હોઈ શકે છે. એમ અનંતા પણ હોઈ શકે છે કે નહિ ? અને જો અનંતા હોય, તમે સંજવલન માનીને ચાલો તો શું થાય ? નુકસાન કોને ?

- એ કષાય લાંબા કાળનો હોય, તો વધુ શક્યતા તો અનંતાની જ છે, છતાં તમે સંજવલન માની લેવાની વાત કરો, એ ગાંડપણ જ ને ? કે બીજું કંઈ ?

૩૫ વર્ષના યુવાનને ગળામાં સોજો થયો. સોજો થવાના કારણ ઘણા હોઈ શકે, પણ કોઈકે એને કહ્યું કે 'કદાચ કેન્સરની ગાંઠ તો નહિ હોય ને ?' ત્યારે એ યુવાન શું કરે ? "હું તો ૩૫ વર્ષનો જ છું, મને થોડું કેન્સર થાય ? કશી ચિંતા કરવાની જરૂર નથી." એમ વિચારે ?

કે પછી "તપાસ કરી લેવી સારી, આ કાળમાં તો નાની ઉંમરમાં પણ કેન્સર થાય છે. ભલે શક્યતા ઓછી શું કામ જોખમ લેવું ?" એમ વિચારે.

આ યુવાને તો બાયોપ્સી કરાવી, રિપોર્ટ નોર્મલ આવ્યો, તો પણ નિર્ભયતા ખાતર ફરી એકવાર બાયોપ્સી કરાવી. એ રિપોર્ટ પણ નોર્મલ આવ્યો, પછી એને શાંતિ થઈ.

કેન્સરની શક્યતા ઓછી હોવા છતાં, એ ભયંકર રોગ હોવાથી એની ઉપેક્ષા ન કરાય... એમ સમજીને સમજુ માણસ એના માટે પૂરી તકેદારી કરે જ. તો અહી તો ઉંધું છે. અનંતા.કષાયની શક્યતા વધારે છે, કારણ કે વર્ષ કરતા પણ વધુ કષાય ટક્યો છે, અને તેમ છતાં એ વખતે એવું વિચારવું કે "એ તો સંજવલન પણ હશે.." એ વિચારનારો કાં તો ગાંડો છે, કાં તો રોગની ભયંકરતા વિશે તદ્દન અજ્ઞાની છે. ડાહ્યો અને જ્ઞાની માણસ તો પોતાના કષાયને વધુ ભયંકર સમજીને એનો વહેલી તકે ખાત્મો બોલાવવાનો જ પ્રયત્ન કરે.

એક બીજી વાત -

'પહેલા સ્ટેજનું કેન્સર છે' એવી ખબર પડે, એટલે રોગી તરત જ એના ઉપચાર શરૂ કરે છે. એ સમજે છે ડે "વિલંબ કરીશ, તો આ કેન્સર ધીમે ધીમે બીજા સ્ટેજનું થઈ જશે." માનો કે વિલંબ થઈ ગયો અને બીજા સ્ટેજનું કેન્સર થઈ ગયું, તો વધુ જાગ્રત બનીને તરત જ ઉપચાર શરૂ કરી જ દે. કારણ કે જો એમાં વિલંબ કરે, તો તો ત્રીજા સ્ટેજનું કેન્સર થઈ જાય, અને પછી તો બચી શકવું શક્ય જ ન બને.

એમ આજે કષાય જાગે, તો ઉત્તમ જીવ એમ ન વિચારે કે પકખીને તો વાર છે, પછી ક્ષમાપના કરીશ. ઉતાવળ શું છે ?" આવો વિચાર આવે કે ક્ષમાપના કરવામાં વિલંબ કરે, ઉપેક્ષા કરે તો એમ માનવું પડે કે પહેલા સ્ટેજનું કેન્સર બીજા સ્ટેજમાં જાય, એમાં એને વાંધો નથી .

આપણે પણ આવું જ કરીએ છીએ ને ? ગુરુ પ્રાયશ્ચિત્ત આપવા તૈયાર હોય, પણ આપણે આલોચના કરીને શુદ્ધ થવા તૈયાર ખરા ? બે-ચાર-આઠ કે વર્ષે-બે વર્ષે છેક આલોચના કરીએ, એ શું દેખાડે છે ? એ જ કે આપણને એ કષાયો કેન્સર જેવા લાગ્યા નથી.

**ભગવતી**સૂત્રમાં નોંધ્યું છે કે, *"ગોચરી ગયેલો સાધુ ગોચરીચર્યા દરમ્યાન કોઈક દોષ સેવી બેસે, તો એને ખૂબ પશ્ચાત્તાપ થાય. હવે ગોચરી પૂરી કરી, ગુરુ પાસે પહોંચી આલોચના કરવામાં થોડોક તો વિલંબ થવાનો જ. આ સાધુનો સંવેગભાવ એટલો બધો તીવ્ર છે કે એટલી રાહ જોવા પણ એ તૈયાર નથી. વળી એ સંસારની અસારતા જાણે છે. 'આટલા જ સમય દરમ્યાન મારું મૃત્યું થઈ ગયું તો ? મારું પાપ ધોવાશે નહિ.' આ વિચાર એને મુંઝવે છે. અને માટે જ તાત્કાલિક દાંડો સ્થાપીને, એને ગુરુ માનીને એ સ્થાપનાગુરુની આગળ પોતાના કષાયભાવની આલોચના કરી લે. એ પછી જ્યારે ભાવગુરુ પાસે પહોંચે, ત્યારે તો કષાયની આલોચના કરે જ.*

ત્યાં લખ્યું છે કે "જો ભાવગુરુ પાસે પહોંચતા પહેલા જ એ કાળધર્મ પામે, તો પણ એ આરાધક જ થાય છે, કારણ કે એના અધ્યવસાય અત્યંત નિર્મળ છે."

વિચાર તો કરો કે ગોચરીમાંથી ગુરુ પાસે પહોંચવા જેટલો સમય પણ કષાયોની આલોચના કરવામાં વિલંબ સહન ન કરી શકનાર એ મુનિ કેવા હશે ? એની સામે રોજેરોજ ચિક્કાર કષાયોનો ભોગ બનનારા અને છતાં વર્ષે માંડ એકાદવાર લખવા ખાતર આલોચના લખી દેનારા આપણે કેવા ?

પણ સાચી જ વાત છે કે જેનું વસ્ત્ર એકદમ સફેદ જ છે, એને નાનકડો પણ ડાઘ ખુબ ખુંચવાનો. જેનું વસ્ત્ર કાળું મેશ જ થઈ ગયું છે. એને બીજા બે-ચાર ડાઘા લાગે, તો ફરક શું પડવાનો ?

આપણું આત્મવસ્ત્ર કેવું ? ધોળું ધબ ? કે કાળું મેશ ? એ તો આપણા વર્તન ઉપરથી આપણે જ નક્કી કરી લેવાનું રહે છે.

**પ્રશ્ન :** તમારી હિતશિક્ષા પામીને એટલી તો ઈચ્છા થાય છે કે કષાયભાવને ખતમ કરી નાંખવો. પણ આ કામ સહેલું નથી. તમે કહ્યું એ પ્રમાણે રોજેરોજ સંપર્કમાં આવનારાઓ માટે, સાથે રહેનારા માટે કંઈ ને કંઈ દ્વેષ જાગ્યા જ કરે છે. એ નાનો છે કે મોટો ? એ પછી વાત ! પણ આનાથી છટકી શકાતું નથી. આ માટે શું કરવું ?

**ઉત્તર :** તમે જો ઝીણવટથી જોશો તો તમારા ખ્યાલમાં આવી જશે કે -

(ક) કેટલાક કષાયો એવા છે કે જેમાં આપણા સાથે એ જીવને કશું જ બન્યું નથી હોતું, માત્ર આપણે એના દોષો જોઈને એના પ્રત્યે દ્વેષવાળા બનતા હોઈએ છીએ. દા.ત. આગળ જેટલા ટુચકા આપ્યા, એમાંથી મોટા ભાગના ટુચકા એવા જ છે કે જેમાં આપણી દોષદષ્ટિ જ કષાયોને ઉત્પન્ન કરે છે. કોઈએ આપણું કશું જ બગાડ્યું ન હોય, છતાં એના દોષો જોઈ આપણે હાથે કરીને કષાયી બનતા હોઈએ છીએ. પાકિસ્તાનમાં કે ભારતમાં પણ કોઈક કારણોસર મુસ્લિમો મરે, તો એમાં આપણને આનંદ થાય ખરો ? થાય તો એ કેવો ભયાનક કષાય કહેવાય ? એ મરનારાઓએ તો આપણું કશું જ બગાડ્યું ન હતું ને ? આવું તો ઢગલાબંધ બાબતોમાં બને છે.

(ખ) કોઈક આપણું બગાડે, પરેશાન કરે, અપમાન કરે, તિરસ્કાર કરે... અને આપણને કષાય જાગે.

આમાં પહેલા પ્રકારના કષાયોમાં તો આપણી બહિર્મુખતા, દોષદષ્ટિ જ વધુ દોષપાત્ર છે. સામેના જીવો તો આપણને કોઈ હેરાનગતિ કરતા જ નથી. એટલે આપણે બીજાના દોષ જોવાના છોડી દેવા, અંતર્મુખ બની જવું, સ્વાધ્યાયાદિ શુભયોગોમાં એટલા બધા તલ્લીન બની જવું કે કોઈના દોષો જોવાનો, સાંભળવાનો, બોલવાનો અવસર જ ન આવે. બાકી છાપા વાંચો અને 'આ રાજનેતાઓ ભ્રષ્ટાચારી છે. બધાને જેલમાં પૂરી નાંખવા જોઈએ...' વગેરે વિચારો આવે, તો એમાં દોષ કોનો ? અન્ય ગચ્છની કે અન્ય સાધુની શિથિલતા જોઈને આપણું મન ગુસ્સે થાય, તો એમાં દોષ કોનો ?

**વિનયવિજયજી મહોપાધ્યાયે માધ્યસ્થ્યભાવના**માં કેટલું બધું સરસ વર્ણન કરેલું છે ! **सूत्रमपास्य**... એ ગાથામાં કહે છે કે *"કેટલાકો ઉત્સૂત્રપ્રરૂપણા કરે છે, પણ આપણે શું કરીએ ? એ બિચારાઓ દૂધ છોડીને મૂત્ર પીવા જાય, એમાં આપણે શું કરવું ?"*

એ આખી માધ્યસ્થ્યભાવના બરાબર ઘુંટવામાં આવે, તો આ પહેલા પ્રકારના, સાવ નકામા કષાયો એની મેળે દૂર થઈ જાય, ઉભા જ ન થાય.

જે બીજા પ્રકારના કષાયો છે, એ દૂર કરવા થોડાક અઘરા છે. કેમકે જે આપણને પરેશાન કરે, આપણી સાથે ગમે તેમ વર્તન કરે, આપણી નિંદા કરે... એના માટે પણ બિલકુલ કષાય ન જાગવો એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે.

આ કામ **કુરગડુ** કરી શકે, જે પોતાના પાત્રામાં થુંકનારાઓ માટે પણ એમ જ વિચારે છે કે *"મારા ભાત લુખા હતા, એટલે મુનિવરોએ ઘી*

*નાંખી આપ્યું.''*

આ કામ **ચંડરુદ્ર**ના શિષ્ય જ કરી શકે, જે માથે દાંડા મારનારા, લોહી કાઢી નાંખનારા ગુરુ માટે એમ જ વિચારે કે *''હું કેવો અધમ શિષ્ય ! મારા ગુરુજીને મેં પહેલી જ રાતે કેવો ત્રાસ પહોંચાડ્યો.''*

આ કામ **મૃગાવતી** જ કરી શકે જે *સાક્ષાત્ સૂર્યચન્દ્ર* નીચે આવવાના લીધે સમયનો ખ્યાલ ન રહેવાથી મોડા આવવાની ભૂલનો માત્ર એક જ વાર, પ્રથમવાર ભોગ બન્યા હોવા છતાં ચંદનબાળાએ એમને સ્પષ્ટ શબ્દોમાં ઠપકો આપ્યો અને છતાં ચેડા મહારાજાની દીકરી, શતાનીકની પત્ની, રાજરાણી એવી પણ મૃગાવતી એમ જ વિચારે છે કે *''ભૂલ મારી જ છે. મારે ઉપયોગ રાખવો જ જોઈએ.''*

આપણે કુરગડુ, ચંડરુદ્રશિષ્ય કે મૃગાવતી બનવું તો છે ને ? તો નિર્ણય કરવો જ રહ્યો કે ''ગમે તેવો પ્રસંગ બને, મારે મારી જ ભૂલ જોવાની, બીજા પર દ્વેષ નહિ જ કરવાનો. બીજાની ભૂલ હોય, તો પણ નહિ જ જોવાની.''

છતાં માનો કે કષાય જાગી જાય, આપણે પણ જેમ તેમ બોલી નાંખીએ, મનમાં ગમે તેવા વિચારો આવી જાય, તો ય એકાદ કલાક બાદ કે એકાદ દિવસ બાદ સામે ચાલીને ક્ષમાપના કરી લેવાની, સાચા હૃદયથી કરવાની. એ પછી સ્વભાવ મેળ ન પડવાને લીધે કદાચ એમની સાથે રહેવું ન ફાવે, તો ય એના ઉપર લેશ પણ દ્વેષ ક્યાંય રાખવો નહિ, એની નિંદા ક્યાંય કરવી નહિ.

આટલું કરશું તો આપણે જૈન ! સ્મશાનમાં મૃતદેહને સળગાવીને રાખ કરનારા જૈન ! અરે, આ પણ અઘરું લાગતું હોય, તો હજી એ વચ્ચેનો વિકલ્પ પણ આપું. **કમસેકમ કબર ખોદીને લાશ બહાર કાઢવાનું તો બંધ કરો જ.**

આશય એ છે કે મનમાં કષાયો જાગ્યા છે, દૂર કરવા છતાં એ દૂર થતા નથી. અંદર એ દ્વેષભાવ પડ્યો છે. પેલા ભાઈની જેમ વારંવાર કષાય જાગ્યા પણ કરે છે... આનો અર્થ એ જ કે આપણે કષાયોને હજી બાળી શક્યા નથી, પણ ઘુંટયા છે.

પણ કમ સે કમ આટલું કરો, એ જ વ્યક્તિ સાથે ફરી ક્યારેક બગડે, તો પણ એ જૂની વાતો ઉખેડવાની નહિ. જૂનો એક પણ પ્રસંગ એને સંભળાવવાનો નહિ.

અરે ! બીજા કોઈની પણ આગળ એના માટેની કશી જ જૂની વાત

ઉખેડવાની નહિ. ''એણે એ વખતે આવું કરેલું, મને ભયંકર શબ્દો સંભળાવેલા, મારું અહિત કરવા માટે ઘણી માયાજાળો રચેલી... '' આવું કશું જ બોલવાનું નહિ.

''વડીલો પણ એને ઘણો ઠપકો આપતા હતા. ગુરુ સાથે એને બિલકુલ બનતું ન હતું. મને ખબર છે ને બધી ! અરે, વડીલોએ એને જે ઠપકાના કાગળો લખ્યા છે, એ મેં ય વાંચ્યા છે...'' વગેરે વગેરે બધું જ બંધ કરી દેવું.

જો વચનમાં એ ભૂતકાલીન પ્રસંગો બોલવાના બંધ કરશો, મનને સમજાવીને વચન પર કાબુ મેળવશો, તો પણ તમે કબરને ખોદીને બેહુદી લાશ બહાર ન કાઢનારા, એટલા જ આરાધક ગણાશો. અરે, આવાને ય આજે જૈન તરીકે ગણી લેશું.

અંતે પૂ. ગુરુદેવશ્રીના જીવનમાં બનેલો, નજરે નિહાળેલો એક પ્રસંગ કહીને આ લેખ સમાપ્ત કરીશ. આ પ્રસંગ લખવો કે નહિ ? એની દ્વિધા હતી. કારણ કે કદાચ કેટલાકોને આ પ્રસંગ ન પણ ગમે. કેટલાકોને એમ પણ લાગે કે ''આમાં તો તમે પૂ. ગુરુદેવશ્રીનો દોષ દર્શાવી એમની મહાનતાને ઓછી કરી...'' પણ મને એમ લાગે છે કે આમાં પૂ. ગુરુદેવશ્રીની મહાનતાને લેશ પણ ઓછી કરી નથી. એમનો આ પ્રસંગ અનેકાનેક સંયમીઓને કષાયોના વિસર્જન માટે અત્યંત ઉપયોગી થશે, એવો મને દૃઢ વિશ્વાસ છે. આત્માર્થી જીવો એમની ભૂલ નહિ, પણ એમની ગુણવત્તાના દર્શન કરશે, એનો મને વિશ્વાસ છે. બાકી જેણે દૂધમાંથી પોરા કાઢવાના હોય, એમને તો આ લેખ શું ? કોઈપણ લેખ ઉપયોગી થવાનો નથી. (પૂ. ગુરુદેવશ્રી એટલે ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ)

મારી દીક્ષા થઈ, એ જ વર્ષે તપોવન નવસારી માટે પૂ.ગુરુદેવશ્રી અને ટ્રસ્ટીઓ વચ્ચે મતભેદ ઉભા થઈ ગયેલા જોવા મળ્યા. પૂ. ગુરુદેવશ્રીને રાત્રે બધા શિષ્યો વંદન કરવા આવે, ત્યારે કરવા જેવી ઘણી બધી વાતો કરે, એના દ્વારા મને આ બધું જાણવા મળેલું. હું નૂતન દીક્ષિત હોવાથી પૂ. ગુરુદેવશ્રીની સાથે રહેવાનું સૌભાગ્ય પામેલો. જો કે હું વૈયાવચ્ચી ન હતો, સ્વાધ્યાયી હતો. પૂ. ગુરુદેવશ્રીની સાથે રહીને પણ મોટા ભાગે ભણવા-ભણાવવાનું જ કામ કરતો.

મતભેદ વધતો ગયો અને પૂ. ગુરુદેવશ્રીએ ''નવસારી તપોવન હું છોડી દઉં છું.'' એ રીતનું લખાણ કરીને ટ્રસ્ટીઓને મોકલી આપ્યું. પૂ. ગુરુદેવશ્રીને એવો ખ્યાલ હતો કે ''હું આ પગલું ભરીશ, એટલે ટ્રસ્ટીઓ

તરત દોડતા આવશે, માફી માંગશે, બધું સુધરી જશે...''

પણ આવું કશું ન બન્યુ. પૂ. ગુરુદેવશ્રીનો તપોવનત્યાગ ટ્રસ્ટીઓએ સ્વીકારી લીધો.

હા ! વચ્ચે એક ખુલાસો ચોક્કસ કરવો જરૂરી છે. તે એ કે પ્રાયઃ તમામ ટ્રસ્ટીઓ શાસન-અનુરાગી, આરાધક, ઉત્તમ હતા અને છે. ખુદ પૂ. ગુરુદેવશ્રીએ સ્વયં ટ્રસ્ટીઓને ચૂંટી ચૂંટીને લીધેલા. તેઓ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક હતા જ, છે જ. આમ છતાં શા માટે એમણે પૂ. ગુરુદેવશ્રીની વાત ન સ્વીકારી, એમને દુઃખ થાય એવા પ્રકારનો નિર્ણય કર્યો... એનો ઉત્તર તો જ્ઞાનીઓ જ આપી શકે . આપણે એ એક ભવિતવ્યતા જ સમજવી રહી, અને અત્યારે એ ઉત્તરની જરૂરિયાત પણ નથી.

સંક્લેશ વધતો જતો હતો, તિરાડ મોટી થતી જતી હતી. પૂ. ગુરુદેવશ્રીએ સમાધાન માટેના પ્રયત્નો કર્યા ખરા, પણ જેવું સમાધાન તેઓશ્રી ઈચ્છતા હતા, તેવું ટ્રસ્ટીઓને મંજુર ન હતું. અને જેવું સમાધાન ટ્રસ્ટીઓ ઈચ્છતા હતા, તે પૂ. ગુરુદેવશ્રીને મંજુર ન હતું. એટલે ઉભયપક્ષે સમાધાનના પ્રયત્નો ચાલુ હોવા છતાં ફળ મળતું ન હતું.

મહીનાઓ પસાર થઈ ગયા, આ જ પરિસ્થિતિમાં !

અંતે અમદાવાદ સેટેલાઈટ જૈનસંઘમાં ચોમાસા દરમ્યાન એક દિવસ પૂ. ગુરુદેવશ્રીએ બહુ મોટો નિર્ણય લઈ લીધો. ''જ્યાં સુધી તમામ ટ્રસ્ટીઓ રાજીનામા ન આપે, ત્યાં સુધી મારે ઉપવાસ કરવા.'' ઉપવાસ શરુ કરવાનું સ્થાન ભગવાન નગરનો ટેકરો વિશ્વ નંદીકર જૈનસંઘ નક્કી કરવામાં આવ્યું.

જે દિવસથી ઉપવાસ શરુ કરવાના હતા, એ પૂર્વેથી જ બધે એની જાહેરાત થઈ ગઈ અને મુંબઈ-સુરત-નવસારી બધે દોડધામ મચી ગઈ. પૂ. ગુરુદેવશ્રીની ઉમર ૭૫ આસપાસ ! અનેક બિમારીઓ ! નવકારશીની પોરિસી પણ ન કરી શકે એવું નબળું શરીર ! જો તેઓ ઉપવાસ પર ઉતરે અને એમને કંઈ થઈ જાય તો ? પૂ. ગુરુદેવશ્રીના હજારો ભક્તોએ, અગ્રણી શ્રાવકોએ તમામ ટ્રસ્ટીઓના રાજીનામા મેળવવા માટે આકાશપાતાળ એક કરવા માંડ્યા. અને ખરેખર ઉપવાસ શરુ કરતા પહેલા જ ઘણા રાજીનામા આવી પણ ગયા. છતાં બધા આવ્યા ન હતા, એટલે પૂ. ગુરુદેવશ્રીએ ટેકરે જઈને ઉપવાસ શરુ કર્યા. અમે બધા સાથે હતા, નાના હતા, નવા હતા, પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેનો બહુમાનભાવ ખૂબ ! માટે જ ભય લાગતો કે શું થશે ? જલ્દી બધા રાજીનામા આવી જાય તો સારું...''

એક અને બે ઉપવાસ થઈ ગયા, લગભગ બધા રાજીનામા આવી ગયા, માત્ર એક સિવાય ! નવસારીના મુખ્ય ટ્રસ્ટી સુશ્રાવક મનુભાઈનું રાજીનામું આવ્યું ન હતું. બધાએ ખૂબ તપાસ કરી, પણ કોઈ એમને શોધી ન શક્યું. પૂ. ગુરુદેવશ્રી માટે એમનું રાજીનામું આવશ્યક અનિવાર્ય હતું, પણ પુષ્કળ પ્રયત્નો છતાં પણ એમાં કોઈને સફળતા ન મળી. જો એમની ભાળ મળી હોત, તો બળથી પણ રાજીનામું ભક્તશ્રાવકો મેળવી લેત, પણ ભાળ જ ન મળી.

હવે શું થાય ?

પૂ. ગુરુદેવશ્રી માટે વધુ ઉપવાસ જોખમી તો હતા જ, પણ પારણું શી રીતે કરે? છેવટે જૈનસંઘના અગ્રણી શ્રાવક શ્રેણિકભાઈએ જવાબદારી લીધી કે 'હું કોઈપણ હિસાબે એમનું રાજીનામું મેળવી લઈશ, આપ પારણું કરો.'' અને ત્રીજા દિવસે શ્રેણિકભાઈના હાથે જ પૂ. ગુરુદેવશ્રીએ ટેકરાના ઉપાશ્રયે ગોચરી વહોરીને પારણું કર્યું.

આ પ્રસંગ બાદ પૂ. ગુરૃદેવશ્રીને ખૂબ જ પશ્ચાત્તાપ થયો. મેં કેટલું બધું આર્તધ્યાન કર્યું ? એ ટ્રસ્ટીઓ માટે મને કેવો દુર્ભાવ થયો ? તપોવન પાછું મેળવવા મેં ઉપવાસો કર્યા, અને એમાં એ ટ્રસ્ટીઓ ઉપર ચારેબાજુથી માનસિક દબાણ લવડાવીને એમને કેટલો ત્રાસ પહોંચાડયો ! એમના મનમાં પણ મારા માટે, એક જૈન સાધુ માટે અસદ્ભાવ ઉત્પન્ન થાય જ. એનાથી તેઓને ય પાપકર્મ બંધાય, કદાચ દુર્લભબોધિ થાય...'' એમાં ય મનુભાઈએ છેલ્લે સુધી રાજીનામું આપ્યું ન હતું, બે ઉપવાસ પૂરા થઈ જવા છતાં એમણે નમતું જોખ્યું ન હતું, એટલે એમના માટે પૂ. ગુરુદેવશ્રીને એ વખતે વધુ અરુચિ થઇ જાય એ સ્વાભાવિક હતું, એટલે જ પૂ. ગુરુદેવશ્રી એમની પાસે ક્ષમાપના કરવા માંગતા હતા. પણ મનુભાઈને ટેકરાના ઉપાશ્રય લાવે કોણ ?

પણ પૂ. ગુરુદેવશ્રીનું ભાગ્ય પ્રબળ હતું, અમદાવાદમાં જ એક સ્થાને મનુભાઈ હોવાની ભાળ મળી ગઇ. પૂ. ગુરુદેવશ્રીએ અંગત શ્રાવકોને કામ સોંપ્યું. ''માત્ર એકવાર એમને અહીં લઈ આવો... મારે એમને કશું કહેવું નથી. માત્ર ક્ષમા માંગવી છે...''

સમાચાર આવ્યા કે ''મનુભાઈ આવી રહ્યા છે.'' પૂ. ગુરુદેવશ્રીએ અમને બધાને સૂચના આપી દીધી તમારે કશું જ બોલવાનું નથી. અસભ્ય વર્તન કરવાનું નથી. મારી ભક્તિથી પ્રેરાઇને પણ અવિવેક કરવાનો નથી. તમારે નજીક પણ આવવાનું નથી.''

અમે સૌએ આજ્ઞા સ્વીકારી.

ટેકરાના ઉપરના હોલમાં એક ખૂણામાં મનુભાઈ અને પૂ. ગુરુદેવશ્રી બેઠા. હા! પૂ. ગુરુદેવશ્રી પાટ પર નહિ, પણ નીચે આસન ઉપર બેઠા હતા. અમે સૌ દૂર હતા. પૂ. ગુરુદેવશ્રી શું બોલ્યા, એ તો સાંભળ્યું નહિ, પણ પૂ. ગુરુદેવશ્રી પોતાનું મસ્તક પૂરે પુરું જમીન સુધી નમાવી દઈને બે હાથ જોડીને ક્ષમા માંગી... એ દૂરથી પણ સ્પષ્ટ દેખાયું. અમારી સૌની આંખોમાંથી આંસુ ટપકી પડ્યા. ૫૦ શિષ્યોના ગુરુ, મહાન શાસન-પ્રભાવક, ૪૫થી વધુ વર્ષના દીક્ષાપર્યાયવાળા પૂ ગુરુદેવશ્રી પોતાનાથી જ પામેલા, પોતાને ગુરુ માનનારા એક શ્રાવક પાસે માથુ જમીન સુધી નમાવીને બે હાથ જોડીને માફી માંગતા હતા, અને અમે સૌ નજરે નજર જોતા હતા. આ હતું જિનશાસન ! જિનશાસન વિના આવું દશ્ય બીજે ક્યાં જોવા મળે ? અમે સહુ ગદ્ગદ બની ગયા.

જો કે આટલું થયા પછી પણ હજી તપોવનના પ્રશ્નનો નિકાલ આવ્યો ન હતો. નવા પ્રશ્નો તપોવન મુદ્દે ઉભા થયા કરતા હતા. એટલે જ પુ. ગુરુદેવશ્રી હજી માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ બની શક્યા ન હતા. આમ પણ તાજો ઘા હોવાથી, રુઝાતા અને પીડા દૂર થતા વાર તો લાગેજ ને ?

ઉપરના પ્રસંગને લગભગ ચાર-પાંચ વર્ષ પસાર થઈ ગયા. એકંદરે બધું જ શાંત પડી ગયું હતું. સમાધાનો પણ થઈ ગયા હતા.

મુખ્ય વાત હવે આવે છે.

એ વર્ષે પૂ. ગુરુદેવશ્રીનું ચોમાસું નવસારી તપોવનમાં ! અમે આઠેક સાધુઓ પૂ. કલ્પરક્ષિત મ. ની સાથે ચિંતામણી પાર્શ્વનાથ જૈનસંઘમાં ! શ્રી આદિનાથ જૈન સંઘમાં પૂ. રાજરક્ષિત મ. નું ચોમાસું ! પૂ. ગુરુદેવશ્રી દર રવિવારે આદિનાથ આવતા, બે-ત્રણ કલાકની શિબિર થતી, બીજા દિવસે પાછા તપોવન જતા રહેતા. અમે બધા સાધુઓ રવિવારે આદિનાથ ભેગા થતા. શિબિરમાં આશરે બે હજાર જેટલા ભાઈ-બહેનો પ્રવચનાદિનો લાભ લેતા.

એક રવિવારે અમદાવાદથી મનીષભાઈ પંડિતજી પણ ત્યાં આવેલા હતા. તેઓ સંગીત પણ સારુ શીખેલા. શિબિરમાં એકાદ કલાકના પ્રવચન બાદ વચ્ચે વચ્ચે બધાને ભકિત ભીના કરવા માટે મનીષભાઈએ ગીત ઉપાડ્યું. પણ ભવિતવ્યતા ગણો કે જે ગણવું હોય તે ગણો... એ દિવસે એમણે દર્દ ભરેલું ગીત શરુ કર્યું... **ક્યારે બનીશ હું સાચો રે સંત! ક્યારે થશે**

**મારા ભવનો રે અંત...'**

મધુર રાગ ! શાંત સંગીત ! અદ્‌ભુત ભાવથી ભરેલા શબ્દો ! પૂ. ગુરુદેવશ્રી હચમચી ઉઠ્યા. એકદમ ટટ્ટાર થઈ ગયા. આંખો બંધ કરી દીધી. એ શબ્દોએ એમને ભયાનક ભૂતકાળની યાદ અપાવી દીધી કારણ કે તપોવનના પ્રસંગ બાદ તેઓશ્રીને ખૂબ વિચારો આવેલા, એ પછી એનો પશ્ચાત્તાપ પણ થયેલો, અને એ સમય દરમ્યાન જ એમણે **"ક્યારે બનીશ હું સાચો રે સંત"** પુસ્તક લખેલું એની પ્રસ્તાવનામાં પોતાના હૈયાનો પશ્ચાત્તાપ શબ્દો રૂપે ઠાલવી દીધેલો. એમને એમ જ લાગેલું કે 'મેં મારી સાધુતા ગુમાવી દીધી છે, તપોવન પ્રત્યેની આસક્તિથી અને ટ્રસ્ટી પ્રત્યેના કષાયથી હું સાધુ મટી ગયો છું.' એવું એમને દૃઢપણે લાગવા માંડેલું અને એ બધું જ બાળકની જેમ નિખાલસ બનીને એમણે એ પ્રસ્તાવનામાં લખી નાંખેલું. એ લખવું જોઈએ કે નહિ? એ બધી વિદ્વાનોને શોભે એવી ચર્ચાઓ બાજુ પર મૂકીને માત્ર હકીકત જણાવું છું કે "આજે પણ એ પુસ્તકની પ્રસ્તાવનામાં એ હૈયાના પશ્ચાત્તાપના શબ્દો છપાઈ ચુકેલા જોવા મળે છે..."

આજે એ જ ગીત ગવાયું. એ પુસ્તક યાદ આવ્યું. એ પ્રસ્તાવના યાદ આવી. તપોવનનો પ્રસંગ યાદ આવ્યો. પોતાના માનસિક કષાયો યાદ આવ્યા અને ફરી ઘોર-અતિઘોર પશ્ચાત્તાપ એમના સાડા ત્રણ કરોડ રુંવાડામાં વ્યાપી ગયો. એમની બંધ આંખોમાંથી ચોધાર અશ્રુધારા ટપકવા લાગી. જેઓની નજર પૂ. ગુરુદેવશ્રીના મુખ પર ગઈ, તેઓ ચોંકી ગયા. અકથ્ય ઉદાસીનતા ! અને આંસુઓનો ધોધ ! અત્યંત સ્પષ્ટ રીતે દેખાયા કરતો હતો.

એ ગીતના પ્રત્યેક શબ્દોએ પૂ. ગુરુદેવશ્રીને રોવડાવ્યા, ખૂબ-ખૂબ રોવડાવ્યા.

ગીત પૂરું થયું, પણ પૂ. ગુરુદેવશ્રીના ડુસકા ચાલુ જ રહ્યા, એમનું ગળું રુંધાઈ ગયું. છતાં એ માંડ માંડ બોલ્યે જતા હતા. પોતાના દોષોનો એકરાર કર્યે જતા હતા, આખી સભા ધ્રુસકે ધ્રુસકે રડી રહી હતી.

સભામાં સૌથી આગળ સંઘના ટ્રસ્ટી સુશ્રાવક મનુભાઈ બેઠેલા હતા. પૂ. ગુરુદેવશ્રીએ જાહેરસભામાં બે હાથ જોડીને એમની ક્ષમા માંગી, આંસુઓ તો અટકવાનું નામ જ લેતા ન હતા. આજે એમનો પશ્ચાત્તાપ ખરેખર આસમાનને આંબ્યો હતો. એ જે શબ્દો બોલ્યા, એ આજે તો અક્ષરશઃ યાદ પણ નથી, અને કદાચ યાદ હોત, તો ય એ શબ્દો લખવાની હિંમત મારામાં ન

હોત.

પણ જુઓ,

એક સાધુએ ક્ષમાપના કરવામાં જે કમાલ કરી, એ શ્રાવકે પણ ક્ષમાપના કરવામાં એટલી જ કમાલ કરી.

એ ઉત્તમ શ્રાવક મનુભાઈ ત્રિકમલાલ મહેતા ઉભા થયા. બે હજાર માણસોની વચ્ચે એ બોલ્યા. "ગુરુદેવ ! અપરાધ તો મારો છે. હું આપની સામે પડ્યો. આપના ઉપવાસ વખતે પણ મેં નમતું ન જોખ્યું. આપને કંઈપણ થાત, તો હજારોના તારણહારનું અહિત કરવાનું પાપ મારા માથે લાગત. ક્ષમાપના તો મારે કરવાની છે, આપ શા માટે કરો છો ? હું અપરાધી છું, ગુરુદ્રોહી છું, આપે મારા પર અગણિત ઉપકારો કર્યા છે, એનો બદલો વાળવાને બદલે મેં આપને જ પરેશાન કર્યા.

આજે ગુરુદેવ ! ચતુર્વિધ સંઘની હાજરીમાં મારા અપરાધોનો સ્વીકાર કરું છું. આપ મને પ્રાયશ્ચિત્ત આપો. આપ જે પ્રાયશ્ચિત્ત આપશો એ મારે મંજુર છે."

બે હજાર માણસો રડી રહ્યા, પણ હવેના આંસુ હર્ષના હતા. બે મહાન આત્માઓની મહાનતા નિહાળવા મળી એના આનંદના હતા. એક સાધુ હજી ક્ષમાપના કરી લે, પણ સંસારી માણસ અહંકાર છોડી જાહેરમાં આ રીતે ક્ષમાપના કરે, એ ખરેખર એમની મહાનતાને ચાર ચાંદ લગાડે એવી અદ્ભુત પ્રવૃત્તિ કહેવાય.

બસ, પ્રસંગ પૂરો થાય છે.

મારે તો એટલું જ કહેવું છે કે આપણે બધા છદ્મસ્થ છીએ. અવસર્પિણી નામના પડતા આરામાં જન્મ્યા છીએ કળિયુગમાં જીવી રહ્યા છીએ, ભસ્મગ્રહની માર ખાઈ ખાઈને માંડ ટકી રહેલા જિનશાસનના સભ્ય બનીને જીવી રહ્યા છીએ. આ કાળમાં મોટા ભાગે તો કુસંસ્કારો અને કુકર્મોથી ભરચક એવા આત્માઓ જ જન્મ લેતા હોય છે. આપણે પણ એવા જ છીએ. એટલે જ આપણને, આપણી આજુબાજુના સંયમીઓને, શ્રાવકોને કષાયો જાગે, બોલાચાલી થાય. આળ-આક્ષેપો મૂકાય, નિંદા-ટીકા થાય... આવું બધું જ બન્યા જ કરવાનું. એ ન બને, એ આ કાળમાં ખરેખર આશ્ચર્ય કહેવાય.

આપણે એક જ કામ કરતા રહેવાનું છે. આવું ન બને, એ માટે પૂરેપૂરો પ્રયત્ન કરવાનો જ. તેમ છતાં ય જો આવું બની જાય, તો પૂ. ગુરુદેવશ્રી અને સુશ્રાવક મનુભાઈની માફક ખુલ્લા મનથી, સાચા મનથી, ભીના મનથી,

નિષ્કપટ મનથી ક્ષમાપના કરી જ લેવાની. એ વેરની ગાંઠને પશ્ચાત્તાપના આગમાં બાળીને રાખ કરી જ નાંખવાની.

આટલું આપણે કરીએ, કરી શકીએ તો આપણે જૈન !

પણ ખૂબ ખૂબ ખૂબ અઘરું છે આ ક્ષમાપના કૃત્ય !

ચારેબાજુ સંક્લેશો, ઝઘડાઓ, બોલાચાલીઓ, આક્ષેપબાજીઓ, નિંદા-ટીકાઓની વચ્ચે આવી ક્ષમાપનાને આરાધવી-સાધવી... આ બધી વિષ્ટાઓથી સાવ જ અળગા રહેવું એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ છે. તાલપુટ ઝેર ખાઈને ય જીવવા જેવું કપરું કામ છે...

યાદ કરી લો **કલ્પસૂત્ર**ના એ મહાન શબ્દો !

કોતરી લો હૈયામાં એ મહાન શબ્દો !

***''जो खमइ तस्य अत्थि आराहणा'' જે ક્ષમાપના કરે, તે આરાધક !***

***''जो न खमइ तस्स नत्थि आराहणा'' જે ક્ષમાપના ન કરે, તે આરાધક નહિ.***

***''उवसमसारं खु सामण्णं'' સાધુપણામાં ઉપશમભાવ પ્રધાન છે.***

કરોડોના મંત્રજપથી, હજારો ગ્રન્થોના વાંચનથી, પુષ્કળ તપશ્ચર્યાથી, હજારોને પમાડી દેવાથી, અઢળક પુસ્તકો લખી નાંખવાથી જાત આરાધક બની જાય છે, એવી અતિ ભયાનક ભ્રમણાને વહેલી તકે ભાંગી નાંખીએ અને ***''कषायमुक्तिः किल मुक्तिरेव'' કષાયોથી મુક્ત એ જ મુક્તિ છે.*** એ સાચી સમજણ આપણે સૌ આપણા શ્વાસોચ્છવાસમાં વણી લઈએ.

પ્રભુ ! આ **ભરતક્ષેત્ર**ના હજારો સંયમીઓને, અમને સૌને તું સાચા આરાધક બનવા માટેનું સાત્વિક બળ આપ, સફળતા આપ એવી મારી ખૂબ ખૂબ ખૂબ તને પ્રાર્થના છે.

***।। नमोऽस्तु तस्मै जिनशासनाय ।।***

***।। अर्हं नमः ।।***

*

# ઉવસમસારં ખુ સામણ્ણં

"મા ! મારા જેવો પિતા આજ સુધીમાં કોઈ પાક્યો નહિ હોય. જે પોતાના સંતાન પ્રત્યેના વાત્સલ્યથી એના મૂત્રવાળું ભોજન પણ મસ્તીથી આરોગતો હોય. કેમ ખરું ને ? મા ! હું ભારતનો શ્રેષ્ઠ રાજવી ! અને વિશ્વનો શ્રેષ્ઠ પિતા !" અજાતશત્રુ અર્થાત્ **કોણિક** અહંકાર ભરેલા શબ્દો બોલી ઉઠ્યો.

રાજદરબારનું કામકાજ પતાવીને રાજમહેલમાં આવી કોણિક બેઠો જમવા ! માતા **ચેલ્લણા** પ્રત્યે એને ભારે આદર ! કોણિક જમવા બેસે, ત્યારે એના ભોજનની કાળજી કરવાનું કામ કરે મા ! સેંકડો નોકર-ચાકર હોવા છતાં ય મા એ તો મા જ છે ને ? અને રોજના ક્રમ પ્રમાણે ચેલ્લણા પણ પોતાનું કર્તવ્ય નિભાવી રહી હતી.

હા ! અત્યાર સુધી ચેલ્લણા પુત્ર પ્રત્યેના વાત્સલ્યથી એને જમાડતી હતી, પણ હવે ? હવે એ વાત્સલ્ય લગભગ મરી પરવાર્યુ હતું. માત્ર એક ફરજ રૂપે, ઉદાસ હૈયે મા પોતાનું કામ કર્યા કરતી હતી.

આવું શા માટે બન્યું ? એ ખબર છે ?

કોણિકે પોતાના પિતાને, ચેલ્લણાના પ્રાણપ્યારા પરમેશ્વરને, મહારાજા **શ્રેણિક**ને જેલમાં ધકેલી દીધા હતા. શ્રેણિક મહારાજા વૃદ્ધ થવા આવ્યા હતા, છતાં એ હજી કોઈને રાજગાદી સોંપતા ન હતા. અલબત્ત એમ કરવા પાછળ એમની દીર્ઘદૃષ્ટિ કામ કરતી હતી. તાત્કાલિક કોઈને પણ રાજ્ય સોંપવામાં એ પોતાના સંતાનો વગેરે વચ્ચે જ આંતરિક સંઘર્ષ થવાની શક્યતા જોતા હતા. એટલે જ એ કોઈક તકની રાહ જોતા હતા. કોણિક પ્રત્યે અગાધ સ્નેહ હોવા છતાં, એની સુરક્ષા ખાતર જ શ્રેણિકે એને રાજગાદી સોંપી ન હતી.

પણ પિતાની આ દીર્ઘદૃષ્ટિને કોણિક ન સમજ્યો. એ એટલું જ સમજ્યો કે "આ ડોસો રાજ્યલંપટ છે, સત્તાલંપટ છે... એ મરશે નહિ, ત્યાં સુધી રાજગાદી છોડશે નહિ. અને કોણ જાણે એ કેટલું જીવે ? કદાચ ત્યાં સુધીમાં હું જ ઘરડો થઈ જાઉં તો મને કશું જ ભોગવવા ન મળે."

અને ભારતીય સુવર્ણમય ઇતિહાસને કલંકિત કરનારું પગલું ભરી બેઠો રાજકુમાર કોણિક ! પોતાની શક્તિ-સત્તાનો ઉપયોગ કરી એક દિવસ સગા બાપને જેલમાં ધકેલી દીધો. સખ્તાઈ સાથે પોતાનું શાસન સર્વત્ર ફેલાવી દીધું. પ્રજામાં ઉહાપોહ થયો ખરો, પણ હવે શ્રેણિક રાજાનું પુણ્ય પરવાર્યું હતું

અને આમ પણ સત્તા સામે પ્રજા પણ વધુ શું કરી શકે ?

આર્યદેશમાં તો સંતાનો માતાપિતાને ભગવાન માનીને એમની સેવા કરે, એ હતો આર્યદેશનો ઉજ્જવળ ઈતિહાસ ! એને બદલે આખાય ભારતદેશનું પ્રતિનિધિ ગણાતું અને એ વખતનું સૌથી વિશાળ રાજ્ય, સૌથી વધુ સત્તા-શક્તિ ધરાવતું રાજ્ય **મગધ** આ કાળા કલંકથી ખરડાયું. સગા દીકરાએ સગા પિતાને જેલના સળિયા પાછળ આખી જીંદગી માટે ધકેલી દીધા.

ચેલ્લણાને આઘાત તો ઘણો લાગ્યો. દીકરા કોણિકને ઘણી આજીજી કરી, પણ વિધિની વિચિત્રતા ય કેવી ! કે માતા પ્રત્યે પૂરેપૂરી લાગણી ધરાવતો કોણિક પિતાને તો ધિક્કારતો જ હતો, અને એટલે જ વાત્સલ્યમયી માની વિનંતિ પણ કોણિકે ઠુકરાવી દીધી. "મા ! પિતા સંબંધમાં તારે મને કશું જ કહેવાનું નહિ. એમના માટે કોઈપણ રહેમ = દયા ગુજારવા હું તૈયાર નથી."

ચેલ્લણાનું મોઢું તૂટી ગયું, એ અત્યંત આઘાત પામી, પણ એ લાચાર હતી.

ચેલ્લણા એ દિવસે તો ધ્રુસકે ધ્રુસકે રડી પડી, જે દિવસે એને ખબર પડી કે મારા સ્વામીને, મહારાજા શ્રેણિકને મારા પેટના પત્થરે જેલમાં પૂર્યા છે. એટલું જ નહિ, ત્યાં એમને બીજા તુચ્છ કેદીઓ કરતા ય વધુ ખરાબ સ્થિતિમાં રાખવામાં આવેલાં છે.

ગંધાતી - અંધારી એક કોટડી !

શ્રેણિકની હોજરી જે પચાવી ન શકે, દાંત જે ચાવી ન શકે એવા જેલના શુષ્ક ભોજન !

ગંદુ-ગંધાતું પાણી !

અને

રોજ પહેલવાન દ્વારા શ્રેણિકને ખુલ્લી પીઠ ઉપર કચકચાવીને ફટકાઓ મરાવવાના !

એ ફટકાઓના લીધે પીઠ ઉપર ઉપસી આવેલા સોળ ! પડેલા ઘા ! ફાટી ગયેલી ચામડી ! એને રૂઝ ન આવી જાય, એ માટે ચામડાનું બનેલું વસ્ત્ર પહેરાવી રાખવાનું ! ફટકાઓ મારવાની ચાબુક પણ મીઠાના પાણીમાં બરાબર પલાળી-પલાળીને જ ઉપયોગમાં લેવાની, જેથી ઘા ઉપર મીઠું લાગવાથી વેદના હજારગણી બની જાય.

મહાસતી ચેલ્લણા પોતાના સગા દીકરા દ્વારા, પતિદેવની આવી કરાતી દુર્દશા શી રીતે સાંભળી શકે ? સહી શકે ? એ કમકમી ઉઠી.

એકવાર ફરી એ કોણિક પાસે બે હાથ જોડીને ઉભી રહી, ઘોર વિલાપ કર્યો, પણ માને, તો એ કોણિક શેનો ? નિર્લજ્જ અને નિષ્ઠુર બનીને કોણિકે ચેલ્લણાની વિનંતિનો તિરસ્કાર કરી દીધો.

છેલ્લે કોઈ જ ઉપાય ન દેખાવાથી ચેલ્લણાએ કહ્યું, "દીકરા ! કમસેકમ એમને દિવસમાં એક વખત માત્ર મળવા જવાની તો મને છૂટ આપ. બસ, બીજું કશું જ હવે હું નહિ માંગુ..."

અને કોણિકે માત્ર 'માતાની પ્રસન્નતા આટલી નાની વાતથી જળવાઈ રહેશે' એ વાતને મનમાં લાવીને સંમતિ આપી, પણ સાથે કડક સૂચના પણ કરી દીધી કે "માત્ર મળવાનું જ, કશું ખાવા-પીવાનું, દવા વગેરે સાથે લઈ જવાશે નહિ... અને એ મળવાનું પણ ઓછા સમય માટે જ ! જેલર બૂમ પાડે એટલે તરત જેલ છોડી દેવાની."

અને ચેલ્લણાએ આ વાત સ્વીકારી.

એ જ દિવસે પહોંચી ગઈ એ અંધારી કોટડીમાં !

જેલરે કોટડીનો દરવાજો ખોલી આપ્યો, ચેલ્લણા જેવી અંદર પ્રવેશી કે તરત દરવાજો બંધ કરી તાળું લગાવી દીધું. ચેલ્લણા હેબતાઈ ગઈ "શું મને પણ જેલમાં પૂરી દેવાની છે ?" એવો વિચાર મનમાં આવી ગયો અને મુખ ઉપર એની રેખાઓ પણ ઉપસી આવી.

જેલર મુખ જોઈને જ સમજી ગયો કે રાણીબા કંઈક ખોટું સમજી રહ્યા છે. એટલે તરત ખુલાસો કર્યો કે "રાણી બા ! ક્ષમા કરજો, પણ મહારાજાનો આદેશ છે કે પિતાની કોટડીનો દરવાજો ક્ષણ માટે પણ ખુલ્લો મુકવો નહિ. પિતા ભલે વૃદ્ધ છે, પણ અનુભવી છે... રાજકારણના અઠંગ ખેલાડી છે. એ ભાગી જાય તો ? પિતાની ચાલાકી-ચપળતા-સાહસને મહારાજા કોણિક સારી રીતે પિછાણે છે, એટલે એમને આ ભય થાય એ સ્વાભાવિક છે, માટે જ મેં તરત જ આ દરવાજે તાળા લગાવી દીધા છે. બાકી આપને પુરવાના નથી. થોડાક સમય બાદ હું આવીને આપને લઈ જઈશ. પણ રાણીબા ! હું આવું એટલે તરત બહાર આવી જવા તૈયાર રહેજો. વધુ રોકાવાની જીદ ન કરતા, મારે આપના ઉપર બળ વાપરવું પડે એવું ન કરશો. હું નોકર છું, મહારાજાનો સ્પષ્ટ આદેશ છે કે અમુક સમય સુધી જ આપને અહીં રહેવા દેવા. પછી કોઈપણ ભોગે બહાર લઈ જ જવા..."

ચેલ્લણા સાંભળી જ રહી. "ખરેખર સંસાર અસાર છે." ચેલ્લણાને **પ્રભુવીર**ની વાણી આજે વધુ ને વધુ સાચી લાગવા માંડી.

જેલરે વિદાય લીધી, અને ચેલ્લણાએ કોટડી તરફ નજર માંડી. પ્રકાશમાંથી અંધારામાં પ્રવેશ કર્યો હોવાથી તત્કાળ તો કશું દેખાતું ન હતું, પણ ધીમે ધીમે આંખો અંધકારથી ટેવાઈ ગઈ, આખી કોટડીમાં માત્ર એક નાનકડી ઉંચી બારી હતી, એમાં ય સળીયા લગાડેલા હતા. એમાંથી થોડો-થોડો પ્રકાશ અંદર આવતો હતો.

એ પ્રકાશના આધારે ચેલ્લણાએ જોયું કે કોટડીના ખૂણામાં એક પુરુષ નાનકડી ગંદી-ગંધાતી ગોદડી ઉપર આડો પડેલો છે...

અરે ભગવાન ! આ મારા સ્વામી ! હાડપિંજર જેવું થઈ ગયેલું શરીર ! જેલ પહેલાની હૃષ્ટપુષ્ટ કાયા ક્યાં ! અને આજે હાડકા-નસો ગણી શકાય એવું સુકલકડી શરીર ક્યાં !

ચેલ્લણાની આંખો શી રીતે સૂકી રહી શકે ?

સમય ઓછો હતો, અને જલ્દી મળી લેવાનું હતું, એટલે ચેલ્લણા ઝડપથી આગળ વધી.

"સ્વામી !" કહીને શ્રેણિકના શરીરને ધીમેથી જેવો સ્પર્શ કર્યો કે "વીર !" શ્રેણિકે જોરથી ચીસ પાડી. ચાબુકના મારથી ઉપસી આવેલા ઘા ઉપર જ ચેલ્લણાનો હાથ સ્પર્શ્યો હતો, અને અસહ્ય વેદનાના કારણે શ્રેણિક ચીસ પાડી ઉઠ્યો.

આ ય કેવું દુર્ભાગ્ય ! આજ સુધી ચેલ્લણાના સ્પર્શથી સ્વર્ગીય સુખ અનુભવનાર શ્રેણિક આજે એ જ ચેલ્લણાના સ્પર્શથી નરકના દુઃખોનો અનુભવ કરે છે.

ગભરાઈ જઈને ચેલ્લણાએ તરત હાથ લઈ લીધો.

"કોણ છે ?" શ્રેણિકે પડખું આ બાજુ ફેરવીને પ્રશ્ન કર્યો. એને હજી ખબર જ નથી કે આ નરકમાં પ્રિયતમા એના આંસુ લુંછવા આવી છે.

"કોણ ? પહેલવાન ? હજી ફટકા મારવાના બાકી છે ?" શ્રેણિકે ફરી પ્રશ્ન પૂછ્યો.

"સ્વામી ! હું ચેલ્લણા ! આપની દાસી !" ચેલ્લણાએ માંડ માંડ રૂદન ઉપર કાબુ રાખીને જવાબ દીધો. જગતની સામાન્ય સ્ત્રી પણ પતિની આવી હાલત સહન ન કરી શકે, તો આ તો મહાસતી છે. એને રડવું ન આવે તો જ આશ્ચર્ય !

"ચેલ્લણા ? ખરેખર તું ચેલ્લણા છે ? કોણિકે તને અહીં આવવા દીધી ?" શ્રેણિકના અવાજમાં આનંદ-આશ્ચર્ય-લાગણી બધું એકસાથે ઉભરાઈ આવ્યું.

"હા ! આપને મળવા જેટલી છૂટ આપી છે અને રોજ હવે એકવાર મળવા આવી શકીશ." ચેલ્લણાએ આશ્વાસન આપ્યું.

તો તો ખૂબ સરસ ! તું ચોક્કસ આવજે, તું આવશે તો મને ગમશે, ખૂબ ગમશે. આ અંધારી ઓરડીનો - ભયંકર એકાંતનો - ચાબુકના ફટકાઓનો - મોત બાદ અવશ્ય થનારી નરક નામની દુર્ગતિના સ્મરણનો ત્રાસ એટલો બધો ભયંકર છે કે ચેલ્લણા ! જીવતો છતાં મરેલા કરતા ભૂંડો છું. આ તો સારું છે કે પ્યારા વીરની દેશનાના શબ્દો હજી ય કાનમાં ગુંજે છે, હજી ય એ હૈયાને હચમચાવે છે... એ વખતે તો ઝાઝો વૈરાગ્ય જાગતો ન હતો, પણ હવે ખરેખર એમ થાય છે પ્રભુ હજાર ટકા સાચા હતા. પણ ચેલ્લણા ! હવે શું ? એ વખતે જ જો સુધરી ગયો હોત, તો... એ વખતે જ જો પ્રભુવીરનો અદકેરો શિષ્ય બની ગયો હોત તો... તો આજે મારી આ દશા ન હોત. એ મને દુશ્મન માનનારો કોણિક મને વંદન કરતો હોત... પણ..."

"ચલો, રાણીબા ! સમય થઈ ગયો છે." કડવા ઝેર જેવા લાગતા એ જેલરના શબ્દો સાંભળી ચેલ્લણાને ખૂબ ગુસ્સો આવી ગયો. પણ એણે તરત જાત પર કાબુ મેળવી લીધો. કંઈપણ આડું-અવળું પગલું ભરવામાં પોતાને જ નુકસાન હતું...

"હું આવતી કાલે ફરી આવીશ..." અને ચેલ્લણા ઉભી થઈ ગઈ.

"બસ, આટલો જ સમય આપણે મળવાનું... જેલર ! થોડીકવાર શાંતિથી વાતો કરવા દે ને ?" શ્રેણિકે તરસી આંખે, વિનંતિ કરી તો ખરી, પણ ચેલ્લણાએ જ વાત વાળી લીધી, "ના, સ્વામી ! એવો આગ્રહ ન રાખશો. એને ઉપરથી આદેશ છે, આપણે એને શરમમાં નથી પાડવો..." અને ચેલ્લણા તરત જ બહાર નીકળી ગઈ.

પણ ચેલ્લણાનાં આવા વર્તનને હિસાબે મોટો ફાયદો એ થયો કે જેલરને એના તરફ સદ્ભાવ-આદર પ્રગટ થયો. "રાણીબા એકદમ અવસર પ્રમાણે કામ લે છે, સમજુ છે." એ છાપ એના મનમાં દૃઢ થઈ ગઈ.

પછી તો રોજ ચેલ્લણાનું જેલમાં ગમનાગમન શરુ થઈ ગયું. નારકીના જીવોને જેમ આખી જીંદગીમાં માત્ર પ્રભુના કલ્યાણકોના સમયે ક્ષણવાર સુખ મળે. બાકી દુઃખ ને દુઃખ જ ! એમ શ્રેણિકને પણ હવે જેલમાં જેટલો સમય ચેલ્લણા સાથે મળવામાં વીતે, એટલો પ્રસન્નતા ભરેલો સમય ! એ સિવાય નારકની યાતનાઓ જ ભોગવવાની બાકી રહેતી.

ચેલ્લણાને વારંવાર ઈચ્છા થતી કે પતિને સારું ભોજન કરાવું, સારું

સ્વાદિષ્ટ પાણી પીવડાવું... તો એમનું શરીર સ્વસ્થ બને, મન પણ પ્રસન્ન બને.

પણ આ બધા માટે કોણિકને કંઈપણ કહેવું એ નરી મૂર્ખતા જ સાબિત થાય. ભૂલથી ય જો ઉંધુ પડે તો કોણિક તો આ રોજનો મેળાપ પણ બંધ કરાવી દે.

જેલરનો વ્યવહાર સારો હતો, પણ એને રાજાની વિરુદ્ધમાં કામ કરતો કરવો એ અશક્ય હતું. એ મહારાજા કોણિકને સંપૂર્ણ વફાદાર હતો. એટલે જ વ્યવહાર સારો રાખવા છતાં અત્યાર સુધી એણે સમયની બાબતમાં બિલકુલ છૂટછાટ મૂકી ન હતી.

તો કયો રસ્તો અપનાવવો ?

અને ચેલ્લણાએ એક ઉપાય શોધી કાઢ્યો.

પોતાના ઘણા લાંબા અને ભરચક વાળની અંદર એક સ્વાદિષ્ટ, શક્તિશાળી ઔષધિઓથી ભરપૂર લાડવો છુપાવીને લઈ જઈ શકાય એટલી તો અનુકૂળતા થતી જ હતી. જેલરનો વિશ્વાસ પણ જીતી લીધેલો, એટલે જેલર કંઈ વાળની અંદર જોવાનો ન જ હતો. આમ પણ એવું કરવાનો વિચાર કે હિંમત પણ જેલર ન કરી શકે.

અને એ જ વાળને સ્વાદિષ્ટ-પોષક એવા પાણીમાં બરાબર પલાળી દેવાની પણ અનુકૂળતા હતી. બરાબર પલાળી દીધા બાદ એને નિતારી દેવાના ખરા, પણ નિચોવવાના નહિ. આવા ભીના ભચ વાળમાં મોદક છુપાવીને એક દિવસ ચેલ્લણાએ જેલમાં પ્રવેશ કર્યો. જેલરને કશી શંકા ન પડી, એ તો નિત્યક્રમ પ્રમાણે ચેલ્લણાને શ્રેણિકની કોટડીમાં મૂકીને પાછો ફર્યો. કે તરત જ ચેલ્લણાએ ઉતાવળથી મોદક બહાર કાઢીને શ્રેણિકને આપ્યો, "સ્વામી ! આ ખાઈ લો, આનાથી ઘણું સારું લાગશે. ભલે એક જ મોદક છે, પણ બધી રીતે પોષક બનશે."

પત્નીની ચતુરાઈ અને ભક્તિભાવના જોઈને શ્રેણિક હર્ષથી રડી પડ્યો. પણ અત્યારે લાગણી દર્શાવવા જેટલો પણ સમય ન હતો, એક ખૂણામાં જઈને ઝડપથી એ મોદક ખાઈ લીધો. ઘણા વખત બાદ શ્રેણિકને ખાવાનું ગમ્યું, મનગમતું મળ્યું.

તરત જ ચેલ્લણાએ શ્રેણિકને કહ્યું "મારા વાળની નીચે બરોબર બે હાથનો ખોબો બનાવી રાખો. હું વાળ નિચોવીશ, એટલે એમાંથી પાણી પડશે, એ તમે પી લેજો. તરસ છીપશે, ખૂબ સારું લાગશે..." અને ચેલ્લણાએ બે

હાથથી પોતાના લાંબા વાળ ધીમે ધીમે નિચોવવા માંડ્યા, નળમાંથી પાણી ટપકે, એમ વાળમાંથી પાણી ટપકવા લાગ્યું, શ્રેણિકે ખોબા દ્વારા બધું પાણી પી લીધું. આજે એને ખૂબ ખૂબ તૃપ્તિ થઈ.

"ચેલ્લણા ! તું મારી કેટલી બધી કાળજી કરે છે ! તું મારા ઉપર ઉપકારની વર્ષા..." શ્રેણિક આગળ બોલે, એ પહેલા જ ચેલ્લણાએ મોઢું દાબી દીધું "આપ આ શું બોલો છો ? આપે આખી જીંદગી મને બધું જ આપ્યું છે, એની સામે આ બધું તો સાવ તુચ્છ છે. આવું બીજીવાર બિલકુલ ન બોલશો..."

એ દિવસે પૂરી પ્રસન્નતા સાથે બે ય વિખૂટા પડ્યા.

બસ પછી તો આ ક્રમ પણ રોજનો થઈ ગયો. મહારાજા શ્રેણિકને મનનું અને તનનું બે ય સુખ મળવા લાગ્યું.

એક બાજુ આ નિત્યક્રમ બની ગયેલો, તો બીજી બાજુ ચેલ્લણા કોણિકના ભોજનની વ્યવસ્થા સાચવવાનો નિત્યક્રમ પણ બરાબર જાળવતી હતી.

એમાં વળી એક દિવસ નાનકડો રાજકુમાર **ઉદાયી** રમતો રમતો ભોજનકક્ષમાં જ આવી ચડ્યો, કોણિકે ખૂબ સ્નેહથી પોતાના લાડીલા કુંવરને ખોળામાં બેસાડી જમવાનું ચાલુ રાખ્યું. ત્યાં જ થોડીકવારમાં જ એ નાનકડા નગ્ન રાજકુમારે માત્રુ કર્યું. એ પડ્યું સીધું થાળીમાં ! દાસીઓ "અરેરે !" બોલી, એ થાળી દૂર કરવા પ્રયત્ન કર્યો, બીજી દાસીએ ઉદાયીને લઈ લેવા પ્રયત્ન કર્યો, પણ કોણિકે બંનેને અટકાવ્યા, એ જ મૂત્રવાળી થાળીમાંની મૂત્રમિશ્રિત વસ્તુઓ દૂર રાખી બીજી વસ્તુ મસ્તીથી ખાતો જ રહ્યો. મોઢાની રેખા પણ ન બદલાઈ અને ઉદાયીને પણ પોતાના ખોળામાંથી દૂર ન કર્યો, પોતાના વસ્ત્રો પણ થોડા-ઘણા બગડ્યા હતા, છતાં એની ફિકર ન કરી,...

કોણિકને આ વખતે પોતાના આ પુત્રવાત્સલ્ય માટે અભિમાન જાગ્યું અને બાજુમાં રહેલી ચેલ્લણાની સામે જ એ સ્વપ્રશંસા કરી બેઠો "મા ! મારા જેવો મહાન બાપ આખા વિશ્વમાં કોઈ નહિ હોય, જે પોતાના દીકરાના મૂત્રથી મિશ્રિત થયેલી થાળીમાં હોંશે હોંશે ભોજન આરોગી જાય..."

અને આ શબ્દો સાંભળતા જ ચેલ્લણાને ઘણા-ઘણા વર્ષો પહેલા બનેલો એક નાનકડો પ્રસંગ યાદ આવી ગયો, એ પ્રસંગ આમ ઘણો નાનકડો ! છતાં રાઈના દાણા જેવો તમતમતો !

અને કોણ જાણે, અત્યાર સુધી સ્ત્રીસ્વભાવના કારણે કે નમ્રતાદિ

ગુણોના કારણે કાયમ મંદસ્વરે બોલતી, આજીજીના સ્વરે બોલતી, સમજાવટ માટેની મીઠી મધુર ભાષામાં બોલતી ચેલ્લણાના મુખ ઉપર એક ગજબ કોટિનો આવેશ-તેજ તરવરવા લાગ્યા.

કોણિક માતાના મુખ ઉપર થઈ રહેલા આવા વિચિત્ર ફેરફારો જોઈ રહ્યો, એમાં વળી ચેલ્લણા ખૂબ જ માર્મિક રીતે હસી પડી, "ઠીક છે હવે..." એવા ઉપેક્ષા ભરેલા માત્ર બે શબ્દો બોલી બેઠી અને કોણિક ચોંક્યો "કેમ મા ! મારી વાત ખોટી છે ?"

"એક હજાર ટકા ખોટી !" ભારે વજન સાથે ચેલ્લણાએ તમતમતો શબ્દ-તમાચો મારી દીધો.

"એટલે ? શું મારા કરતા પણ વધુ પુત્રવાત્સલ્ય ધરાવતો કોઈ બાપ છે, આ જગતમાં ?"

"હા ! છે..."

"કોણ ?"

"ખુદ તારા પિતા ! મહારાજા શ્રેણિક ! મારા સ્વામિનાથ !"

"મા ! તું શું બોલે છે ? તું ભાનમાં તો છે ને ? અરે, એ ડોસાને તો મારા પ્રત્યે બિલકુલ સ્નેહ નથી. માટે જ તો મને રાજ્ય આપવા ય તૈયાર ન હતા. માટે જ તો મારે છિનવીને રાજ્ય લેવું પડ્યું." કોણિક અસ્વસ્થ થઈ ગયો.

ચેલ્લણાનો સ્વર આજે વધુ સ્પષ્ટ-વધુ કડક બની ગયો હતો. "દીકરા ! તેં હજી તારા પિતાને ઓળખ્યા જ નથી. મોટી થાપ ખાધી છે તેં ! એ જો ન હોત, એમણે જો તારી કાળજી ન કરી હોત તો તું જીવતો જ ન હોત. ક્યારનો ય મરી ગયો હોત !"

"એટલે ? શું મારા પિતાએ મને જીવાડ્યો ? એટલે શું હું મરી જવાનો હતો ? ક્યારે ! કોણ હતું મને મારનાર ?" કોણિકને કશી સમજણ પડતી ન હતી. એની મુંઝવણ વધતી જતી હતી.

"તને મારવા-મારી નાંખવા તૈયાર થનાર કોણ હતું જાણવું છે ?" ચેલ્લણા હસી પડી. "તારી મા ! હું ! ચેલ્લણા ! જેને તું ખૂબ ચાહે છે, એ હું જ તને મારી નાંખવા તૈયાર હતી. જો તારા પિતાએ તને બચાવી લીધો ન હોત, તો આજે આખા મગધને માથે કલંક લગાડનાર તું આ દુનિયામાં હાજર ન હોત !"

કોણિકનું મગજ ભમવા લાગ્યું. એને કશી ખબર જ ન પડી કે મા શું

કહેવા માંગે છે ? "મા ! મને કશી જ સમજણ પડતી નથી. મહેરબાની કરીને તું મને બધી વાત વિસ્તારથી કર."

ચેલ્લણાને લાગ્યું કે "આજે લોખંડ બરાબર તપી ગયું છે. સારું થયું કે આજે જ વર્ષો પુરાણી, ભૂલાઈ ગયેલી એ વાત મને યાદ આવી."

વાત થોડીક લાંબી છે, ચાલ, આપણે શાંતિથી બેસીએ.

કોણિકને ભારે ઉતાવળ હતી, ઉત્કંઠા હતી... ભોજન પડતું મૂકીને એ માતાની વાત સાંભળવા બેસી ગયો.

"ઘણા ઘણા વર્ષો પહેલાની વાત ! એ વખતે તું મારા ગર્ભમાં હતો. પણ જ્યારથી તું મારા ગર્ભમાં આવ્યો, ત્યારથી મને તારા પિતા પ્રત્યે ધિક્કાર-અરુચિની લાગણી પેદા થવા લાગી. મને એમનું મોઢું જોવું પણ ન ગમતું. હું એમની સામે ગમે તેવા અપશબ્દો બોલી બેસતી. મેં એમની સાથેનો ઘણો બધો બાહ્ય વ્યવહાર લગભગ બંધ કરી નાંખ્યો. એમણે વિશાળ મન રાખી મારી બધી અધમતા સહન કરી.

મને ભારે આઘાત લાગેલો એ વખતે ! એક બાજુ મારો અંતરાત્મા મને જ ઠપકો આપતો કે "પતિ સાથે આવું બેહુદું વર્તન શા માટે ? એમનો દોષ શું છે ?" બીજી બાજુ એમના તરફના અરુચિભાવને હું બિલકુલ અટકાવી શકતી ન હતી.

મને એટલો ખ્યાલ તો આવી જ ગયો કે "જ્યારથી ગર્ભવતી બની છું, ત્યારથી આવા કુવિચારો આવે છે. એટલે ગર્ભનું બાળક એના પિતાનો શત્રુ બનશે, એ શક્યતા પાકી !"

એટલે જ આવનારા બાળક માટેની ચિંતા તો ઉભી થઈ જ ગયેલી. કોણ જાણે કેવો પાકશે મારો આ દીકરો !

થોડોક સમય થયા બાદ મને અતિ ભયંકર ઈચ્છા થઈ "તારા પિતાનું = મારા સ્વામીનું માંસ મારે ખાવું છે." શરુઆતમાં તો વિચાર આવતા જ હું ધ્રુજી ગઈ. આખી જીંદગી માંસનો ટુકડો પણ ન ખાનારી મને આજે અચાનક આ હલકટ વિચાર કેમ આવ્યો ?

મેં એ વિચાર દાટી દેવા પ્રયત્ન તો કર્યો, પણ એ વિચાર વધુ ને વધુ જોર પકડતો ગયો. કારણ કે એ તો ગર્ભના પ્રભાવથી ઉત્પન્ન થયેલો દોહ્યલો હતો.

હવે મારે શું કરવું ? જો દોહ્યલો પૂરો ન થાય તો મારું સ્વાસ્થ્ય બગડે, ગર્ભ પડે, હું ય મરું... એ બધું જ સંભવિત હતું પણ દોહ્યલો પૂરો

કરવો એનો મતલબ એ કે મારે મારા પતિદેવનું માંસ ખાવું... અરે બાપરે ! એ મહાપાપ મારે કરવાનું ? અને એ શક્ય પણ શી રીતે બને ? આ વાત કહેવાય પણ કોને ?

આ ચિંતામાં ને ચિંતામાં મારું શરીર ઓગળતું ચાલ્યું. રાજા તો ભારે અનુભવી અને જમાનાના જાણકાર હતા. એ તરત સમજી ગયા કે 'મને કોઈક ચિંતા સતાવી રહી છે.' એમણે બુદ્ધિમાન **મંત્રીશ્વર અભયકુમાર**ને આ કામ સોંપી દીધું કે "મહારાણીને શી મુશ્કેલી છે, ચિંતા છે... એ તું જાણી લે. હું પુછીશ, તો મને કશું જ નહિ કહે. શરમાશે, ગભરાશે..."

અને અભયે મને ખાનગીમાં ખૂબ મીઠાશપૂર્વક બધી વાત પૂછી. શરુઆતમાં તો મારી જીભ જ ન ઉપડી, પણ અભયે મને પૂરેપૂરો વિશ્વાસ આપ્યો, ત્યારે મારામાં હિંમત આવી અને મેં કહી દીધું કે "મહારાજા શ્રેણિકનું માંસ ખાવાની મને ઈચ્છા થઈ છે."

અભય અંદરથી તો ચોંક્યો જ હશે, પણ બહારથી તો એણે મોઢાની રેખાઓ પણ બદલાવા ન દીધી. "અરે, આ તો સામાન્ય વસ્તુ છે. આવતીકાલે જ તમારી ઈચ્છા પૂરી થઈ જશે. બસ, હવે તમે પ્રસન્ન રહો."

અભયે જઈને રાજાને બધી જ હકીકત જણાવી. શ્રેણિક રાજાએ, તારા પિતાએ પોતાનું માંસ કાપી આપવાની તૈયારી પણ બતાવી. એ મને અને તને બચાવી લેવા માંગતા હતા. પણ અભયની બુદ્ધિને દાદ દેવી પડે. અભયે તારા પિતાને કહ્યું કે "તમારા દેહનું માંસ કાપી આપી તમને આવું કષ્ટ આપવું એ ઉચિત નથી. વળી ચેલ્લણા માતા આજે માત્ર ગર્ભના પ્રભાવે જ આવી માંગણી કરે છે. જેવી એમની ઈચ્છા પૂર્ણ થશે, જેવો ગર્ભ જન્મ ધારણ કરશે, કે તરત જ તમારા પ્રત્યેનો અગાધ સ્નેહભાવ પાછો પ્રગટ થવાનો જ છે. અને એ વખતે "મેં મારા પતિનું માંસ ખાધું." એ વાતનું સ્મરણ એમને ખૂબ-ખૂબ ત્રાસદાયક બની રહેશે. એ આખી જીંદગી પોતાની જાતને ઠપકો આપ્યા કરશે. કોઈપણ સતી સ્ત્રીએ પોતાના પતિનું માંસ સામેથી માંગીને ખાધું હોય એવું કદી બન્યું છે ખરું ? આ તો એક મહાન કલંક જ છે ને ?

શું આપણે ચેલ્લણા માતાને આવી રીતે આખી જીંદગી દુઃખી રાખવી છે ? ના જ. તો આપનું માંસ તો ન જ અપાય.

આનો એક ઉપાય મેં શોધી કાઢ્યો છે. કોઈ તાજા મરેલા હરણ વગેરેનું માંસ આપના શરીર સાથે એવી રીતે જોડી દેવાનું કે એ માંસ આપના શરીરનું જ હોય એમ લાગે. પછી ચેલ્લણા માતાની સામે જ એ જ માંસ કાપવાનું,

એમાંથી લોહી પણ નીકળશે, આપે પણ વેદના થતી હોવાનો ઢોંગ કરવાનો, પછી એ માંસ માતાને ખવડાવી દેવાનું.

આ રીતે દોહ્યલો પૂર્ણ થયા બાદ માતાને સંતોષ થશે, પણ એ પછી એમને પારાવાર પશ્ચાત્તાપ થવાનો જ. એ વખતે હું યોગ્ય ખુલાસા પણ કરી દઈશ.''

આ હતી અભયે, તારા મોટાભાઈએ, **સુનંદા**ના દીકરાએ ગોઠવેલી યોજના ! (શ્રેણિકની પ્રથમ પત્ની વણિકપુત્રી સુનંદા છે, એનો દીકરો અભય છે..)

એ યોજનાનો બીજા જ દિવસે અમલ પણ થયો.

એ વખતની મારી પરિસ્થિતિની હું તને શું વાત કરું ? એક બાજુ ઘોર પશ્ચાત્તાપ ! બીજી બાજુ તારા પાપે એ બધું જ કરવાની તૈયારી !

મેં માંસ ખાધું, ત્યારે તો મને ખબર જ ન હતી પેલી યોજનાની ! એટલે હું તો એમ સમજતી હતી કે 'હું મહારાજાનું માંસ ખાઉં છું.' રડતી આંખે, છતાં હસતી આંખે કોઈક વિચિત્ર સંવેદનો સાથે મેં માંસ ખાધું.

મારો દોહ્યલો પૂરો થયો, હું સ્વસ્થ થઈ, પણ મારો પશ્ચાત્તાપ આસમાનને આંબ્યો. હું શું કરી નાંખત ? એ મને જ ખબર નથી. પણ ત્યારે અભયે મને બચાવી લીધી. મને બધી વાત કરી દીધી. ''માતાજી ! તમે પિતાજીના માંસનો એક અંશ પણ ખાધો નથી. તમે ખાધું છે પશુનું માંસ ! એ પણ સ્વયં મરી ગયેલા પશુનું ! આપણે માર્યો નથી.'' અને તરત જ અક્ષતદેહવાળા મહારાજાને મારી સમક્ષ હાજર કર્યા. એ હસતા રહ્યા અને હું શરમથી માથું ઝુકાવી ગઈ.

''રાણી ! એમાં તમારો દોષ જ નથી. ગર્ભના પ્રભાવે આ બધું થયું છે, એમાં તમે શું કરી શકો ? હવે પ્રસન્ન રહેજો અને ગર્ભને બરાબર જાળવજો... એને હાનિ ન થવી જોઈએ.'' મહારાજાએ અપાર સ્નેહ સાથે મને આશ્વાસન આપ્યું. હું ધ્રુસકે ધ્રુસકે રડી પડી. શું એમની ઉદારતા ! મને તો માફી આપી જ, પણ જે બાળક ભવિષ્યમાં પોતાના શત્રુ તરીકે જ જન્મવાનું છે, એવા પાકા એંધાણ આવી ગયા છતાં પણ એ બાળકની બરાબર કાળજી કરવાની મને સ્પષ્ટ સૂચના આપી દીધી.

કોણિક ! આ હતી તારા પિતાની મહાનતા !

કોણિક તો અવાચક બનીને સાંભળી જ રહ્યો હતો. એના હૈયામાં ય આઘાત લાગ્યો હતો, પહેલીવાર પિતા પ્રત્યે કંઈક કંઈક કૂણી લાગણીના અંકુરા

ફૂટી રહ્યા હતા.

ચેલ્લણાએ વાત આગળ ચલાવી,

મહારાજાની આજ્ઞાથી અને ઔચિત્ય ખાતર મેં ગર્ભની કાળજી તો બરાબર કરી, પણ મારું મનોમંથન ચાલુ જ હતું. હું સમજી ચૂકી હતી કે "હું મારા પેટમાં મારા પતિના શત્રુને પોષી રહી છું."

મારે બેમાંથી એકની પસંદગી કરવાની હતી, પતિની અથવા પુત્રની ! જો પતિના સુખની રક્ષા કરવી હોય તો મારે તને ખતમ કરવો જ પડે. જો હું તને પાળું-પોષું તો આડકતરી રીતે હું મારા પતિને જ ખતમ કરનારી બનું.

મેં નિર્ણય લઈ લીધો, મારે મહાન પતિની રક્ષા કરવી છે, પાપિષ્ઠ પુત્રની નહિ જ. એ જન્મે એટલી વાર ! એને વહેલો વિદાય કરી દેવો પરલોકની વાટે !

અને

અને ખરેખર જે દિવસે તારો જન્મ થયો, તે દિવસે મને બિલકુલ હર્ષ ન હતો. ન તો મેં રાજાને વધામણીના સમાચાર મોકલવાની વ્યવસ્થા ગોઠવેલી. આ પણ કેવી ભાગ્યની વિચિત્રતા કે સગી માતા પોતાના તાજા જન્મેલા દીકરાને ન ચાહે, મારી નંખાવવાનું પગલું ભરે છતાં એ કુ-માતા ન કહેવાય.

મારા હાથે તને મારી નાંખવાની તો મારી તાકાત ન હતી, એટલે મેં દાસીને કહી દીધું કે "આ બાળકને ઉકરડામાં નાંખી આવ. પોષણ નહિ મળવાથી અને પશુ-પંખીના આક્રમણથી એ એની મેળે મરી જશે." ચિઠ્ઠીની ચાકર દાસી તો હેબતાઈ ગઈ, પણ એણે આજ્ઞા પાળી અને તને નાંખી દીધો ઉકરડામાં !

પણ તારું ભાગ્ય (!) જાગતું હતું.

બીજી બાજુ ગમે તે રીતે તારા પિતાને સમાચાર મળી ગયા કે 'બાળકનો જન્મ થઈ ચૂક્યો છે.' અને એ સમાચાર મળે એમાં આશ્ચર્ય પણ નથી. આટલી મોટી વાત રાજાથી છાની રહે ખરી ? વળી સમય થઈ ચૂક્યો હોવાનો અંદાજ તો રાજાને આવી જ ગયો હોય ને ?

મહારાજા તો હરખઘેલા થઈને દોડી આવ્યા અંતઃપુરમાં ! એ તારું મુખ જોવા, તને રમાડવા ઉત્સુક હતા. પહોંચી ગયા સીધા મારા સ્થાને ! મને સુતેલી જોઈ, પણ આજુબાજુમાં ક્યાંય બાળકનું અસ્તિત્ત્વ નહિ, એના કોઈ ચિહ્નો નહિ !

"ચેલ્લણા ! બાળક ક્યાં ?" મહારાજાએ ધબકતા હૈયે મને પ્રશ્ન

કરેલો.

"શું કામ છે તમારે એ બાળકનું ? તમે જાણો જ છો કે એ તમારો શત્રુ બનશે..." મેં સીધો જવાબ ન આપ્યો.

"ચેલ્લણા ! એ મારો શત્રુ બને કે મિત્ર ! પણ એ મારું સંતાન છે. વળી ભવિષ્ય કોણે જોયું છે ? એના આધારે કંઈ નિર્ણય થતા હશે ? અને ખરેખર એ મારો શત્રુ બને. તો ય શું વાંધો ? દીકરાના હાથે મરવાનો પણ અનેરો આનંદ હશે મને ! બોલ, ક્યાં છે બાળક !"

"મેં એને નાંખી દીધો છે ઉકરડામાં ! નથી જોઈતો મારે એ દીકરો, જે મારા સ્વામીનો હત્યારો બને એવી શક્યતા હોય..." મેં આવેશમાં જવાબ તો આપી દીધો. પણ મહારાજા માટે એ જવાબ અસહ્ય થઈ પડ્યો. એમણે ઉતાવળે મારી પાસેથી માહિતી મેળવી લીધી, તરત સેવકોને દોડાવ્યા, "જાઓ, જલ્દી એ ઉકરડા પાસે જાઓ, બાળકને લેતા આવો. એકદમ જલ્દી જજો. મોડા પડશું તો કદાચ..." અને સેવકો દોડ્યા. એમને ભય હતો કે આટલી વારમાં બાળક મરી ગયો હશે તો ? કોઈ પશુ-પંખીએ એને ફાડી ખાધો હશે તો ? આ તો સાવ તાજું જન્મેલું બાળક !

ચિંતિત ચહેરે એ ઓરડામાં આમથી તેમ આંટા મારતા રહ્યા. હું એમને, એક મહાન પિતાને, સ્નેહવત્સલ પિતાને જોતી રહી. એમને શાબાશી આપવી કે ઠપકો આપવો ? એ જ હું નક્કી ન કરી શકી.

"વધામણી હો મહારાજને ! નૂતન રાજકુમાર મળી આવ્યા છે અને જીવંત છે, સેવકો એમને સીધા અહીં આપની પાસે જ લાવી રહ્યા છે..." અચાનક જ એક સેવક દોડતો દોડતો આવી ચડ્યો, હાંફતા હાંફતા એણે રાજાને વધામણી આપી.

રાજાના આનંદનો પાર ન રહ્યો. થોડી જ વારમાં બીજા સેવકોએ પ્રવેશ કર્યો, એમના હાથમાં નાનું બાળક = તું હતો. રાજા રીતસર દોડ્યા, સેવકોના હાથમાંથી તને ઉંચકી લીધો. અત્યંત હર્ષથી તને રમાડવા લાગ્યા.

પણ તું જોર જોરથી રડતો હતો, ચીસો પાડતો હતો. રાજાને થયું કે તને કંઈક તકલીફ થઈ છે...

સેવકોએ જ વચ્ચે ખુલાસો આપ્યો. "અમે ગયા, ત્યારે એક કુકડો રાજકુમારના અંગુઠા ઉપર ચાંચ મારી-મારીને એને કોતરતો હતો, એના કારણે એમાંથી લોહી-પરુ ટપકી રહ્યા હતા. અમે આમ તો વૈદ્ય પાસે જ લઈ જાત, પણ એમાં વિલંબ થાય, આપ અતિશય ચિંતામાં તો હતા જ, એટલે સીધા અહીં

જ લઈ આવ્યા."

અને અહંકારના પૂતળા ! કોણિક ! સાંભળ તારા પિતાનું તારા પ્રત્યેનું વાત્સલ્ય કેવું ગજબનું હતું તે ! પળનો ય વિચાર કર્યા વિના તારો લોહી-પરુવાળો અંગુઠો પોતાના મોઢામાં મૂકી દીધો, મોઢાની ભીનાશથી - જીભની કુમાશથી તને ખૂબ સારું લાગ્યું, તું રડતો અટકી ગયો પણ આ રીતે તારા પિતાએ તારું લોહી-પરુ પીધું, હા ! રીતસર પેટમાં ઉતારી દીધું. પોતાના ભાવિ હત્યારાને એમણે બચાવી લીધો.

કોણિક ! એ પછી તો મહારાજાએ જ તારી સંપૂર્ણ કાળજી લીધી છે. એમને મારા પર ભરોસો રહ્યો ન હતો. એટલે તારી તમામ પ્રકારની કેળવણી એમણે સ્વયં ધ્યાન દઈને કરી છે.

આજે તું જીવે છે, યુવાન છે, શક્તિમાન છે... એ બધો જ પ્રતાપ માત્ર ને માત્ર તારા પિતાનો છે, મારો કે બીજા કોઈનો નહિ.

ધિક્કાર છે તને ! કે આવા અત્યંત ઉપકારી પિતાને તેં નાંખી દીધા જેલમાં ! વાહ-વાહ તારી પિતૃભક્તિને ! એમને ચાબુક મરાવતા પણ તને લેશ પણ શરમ નથી આવતી.

હા ! એટલા ધન્યવાદ તને ચોક્કસ આપવા પડે કે તેં તારા પિતાને મારી તો નથી નાંખ્યા, રિબાવી-રિબાવીને પણ જીવતા તો રાખ્યા છે...

"મા, મા ! તું આવું ન બોલ. મને ક્ષમા કર." કોણિક કટાક્ષોને સહન ન કરી શક્યો. બે હાથે કાન જોરથી ઢાંકી દઈને એ ચૂપચાપ બેસી રહ્યો. અચાનક એની નજર પોતાના અંગુઠા તરફ ગઈ, ઘા વાળો અંગુઠો એ જોઈ જ રહ્યો. "દીકરા ! મેં જે વાત કરી, એ સાચી જ છે, એમાં લેશ પણ અસત્ય નથી એની સાક્ષી પૂરે છે તારો આ અંગુઠાનો ઘા ! શું હજી પણ તને સદ્બુદ્ધિ નથી જાગતી ? જો ભૂલ સમજાઈ હોય, તો દોડી જા તારા પિતા પાસે ! બંધનમુક્ત કરી દે..."

હજી તો ચેલ્લણાના વાક્યો પૂરા થાય ન થાય ત્યાં તો કોણિક ઉભો થઈને રીતસર દોડવા લાગ્યો, ચેલ્લણા એને રડતી આંખે, હર્ષિત આંખે જોઈ રહી. "ચાલો, છેલ્લે છેલ્લે પણ પિતા-પુત્રનો વૈરભાવ ખતમ થશે, ફરી એક સોહામણો સંસાર મગધરાજ્યમાં પ્રગટ થશે..."

બિચારી ચેલ્લણા ! ભાવિમાં શું થવાનું છે ? એની એ અજ્ઞાની સ્ત્રીને શી રીતે ખબર હોય ?

કોણિક દોડતો દોડતો પહોંચ્યો સીધો જેલમાં ! એને ખબર હતી કે

તાળાની ચાવી તો જેલર પાસે હોય. એટલે કોણિક સીધો જેલરના સ્થાને પહોંચ્યો, પણ દુર્ભાગ્યવશ ત્યારે જેલર હાજર ન હતો, કદાચ એ સમય જ બપોરના ભોજનાદિનો હોય.

કોણિક ઉતાવળો થયો, એ પિતાને ભેટવા તડપતો હતો, એમના પગમાં પડીને ઝૂરવા માંગતો હતો, પોતાના અપરાધોની ધ્રુસકે ધ્રુસકે રડીને ક્ષમા માંગવા ઈચ્છતો હતો, પિતાને મા પાસે લઈ જઈ માને ખૂબ-ખૂબ પ્રસન્ન કરવા માંગતો હતો, આખા મગધમાં ફરી એક આનંદના સમાચાર ફેલાવવા માંગતો હતો કે "મહારાજા શ્રેણિકને બંધનમુક્ત કરવામાં આવ્યા છે અને હવે એ જ મગધ સામ્રાજ્ય સંભાળશે. કોણિક યુવરાજ તરીકે કાર્ય કરશે."

આવા આવા કેટલાય મધુર અરમાનો એણે ઘુંટવા માંડ્યા હતા. એટલે જ જેલર ભોજનાદિ કરીને આવે, ત્યાં સુધી કે એને સેવકો દ્વારા જલ્દી બોલાવી લાવવા સુધી પણ એ ધીરજ ન રાખી શક્યો. કહો ને કે નિયતિએ જ એને ઉતાવળો બનાવ્યો.

અને કોણિકે કુહાડી હાથમાં પકડી. "મારે ચાવીની જરૂર જ નથી, આ કુહાડીથી જ તાળું તોડી નાંખીશ."

અને હાથમાં ઉંચી કુહાડી સાથે "પિતાજી ! પિતાજી !" ની બૂમો પાડતો કોણિક જેલની અંદર દોડવા લાગ્યો.

બૂમો સાંભળીને શ્રેણિક ચોંક્યો. સળિયામાંથી બહાર નજર નાંખી. દૂરથી દોડતા આવતા અને બૂમો પાડતા કોણિકને જોયો, હાથમાં ઉંચી થયેલી કુહાડી દેખાઈ અને મહારાજા શ્રેણિક ગભરાઈ ગયો. "અરે ભગવાન્ ! આને છેલ્લે છેલ્લે આવી દુર્બુદ્ધિ સૂઝી ? મને કુહાડીના ઘા કરીને મારી નાંખશે ? આવું મોત મારાથી સહન થશે ?

એક તો મગધના માથે કલંક લાગેલું જ છે, હવે આ બીજું કલંક લાગશે કે "મગધરાજે તેના પિતાની ક્રૂર બનીને હત્યા કરી."

વળી કુહાડીથી ખોપરી ફાટે એ વખતની વેદના ય કેવી ભયંકર ! જો મરવાનું જ છે, તો શાંતિથી ન મરી જાઉં...?

શ્રેણિકે સ્વયં જ મરી જવાનો નિર્ણય કરી લીધો. હાથમાં પહેરેલી વીંટીમાં તાલપુટ ઝેર તો હતું જ. જૂના જમાનામાં રાજાઓ યુદ્ધ વગેરેમાં જીવતા ન પકડાઈ જવાય એ માટે આ રીતે વીંટીમાં ઝેર રાખતા. જો જીવતા પકડાય તો શત્રુઓ રિબાવી-રિબાવીને મારે. તાળવાને એ ઝેર અડે કે તરત જ માણસ મૃત્યુ પામે... એટલું બધું તીવ્રતમ એ ઝેર હોય છે.

શ્રેણિકે છેલ્લીવાર વીર પ્રભુને યાદ કરી લીધા. વીંટી ખોલી, અંદર રહેલું ઝેર જોરથી ચૂસી લીધુ અને એ જ પળે શ્રેણિક ઢળી પડ્યો, એનું પ્રાણપંખેરું ઉડી ગયું. પહોંચી ગયો આત્મા પૂર્વે કરેલા પાપકર્મોના પ્રતાપે પહેલી નરકમાં !

કોણિકે પિતાને ઢળી પડતા જોયા, એ ગભરાયો, કુહાડીના એક જ ઘાએ તાળાના ટુકડા કરી સીધો અંદર પેઠો, પિતાના મુખને ખોળામાં લીધું, "પિતાજી ! પિતાજી ! હું આપને મુક્ત કરવા આવ્યો છું. આપની ક્ષમા માંગવા આવ્યો છું." પણ હવે કોણ સાંભળે ? કોણ જવાબ આપે ? હા ! શ્રેણિક ખરેખર બંધનમુક્ત બન્યા, એ જેલમાંથી પણ છૂટ્યા અને સંસારમાંથી પણ !

કોણિક ચોધાર આંસુએ રડતો જ રહ્યો. "કાશ ! મેં ઉતાવળ ન કરી હોત તો ? થોડીક વાર રાહ જોઈ હોત તો ? જેલરને આવવા દીધો હોત તો ? પિતાજી ! તમે ય શા માટે ઉતાવળા થયા ? પણ એ ય શું કરે ? મારા હાથમાં કુહાડી જોઈને એ કંઈ બીજું જ સમજી બેઠા હોય એ શક્ય જ છે. મારા પરિવર્તનની તો એમને ગંધ પણ ક્યાંથી આવે ? અરેરે ! હવે માતાને શું જવાબ આપીશ ? એ તો રાહ જોઈને બેઠી હશે, મારી અને પોતાના પરમેશ્વરની ! મારે તો હવે માત્ર એ પરમેશ્વરના શબના જ દર્શન કરાવવાના રહેશે માતાને !"

આનું નામ ભવિતવ્યતા !

એ જ સમયે જેલરનું ત્યાં ન હોવું - કોણિકને ધીરજ ન રહેવી - કુહાડી લઈને દોડવાની પ્રવૃત્તિ થવી... આ બધું જ શ્રેણિકના નિશ્ચિત મોત રૂપી ભવિતવ્યતા જ કરાવતી હશે ને ?

આ જ વખતે જેલર ત્યાં આવી પહોંચ્યો, સૈનિકોએ એને સમાચાર આપી દીધેલા કે "કોણિક મહારાજા ખુદ આવ્યા છે, તમારી ગેરહાજરી જોઈ જાતે કુહાડી લઈને દોડ્યા છે..." જેલર પણ કોટડીનું દશ્ય જોઈને ઘણું ખરું પામી ગયો. કોણિકનું હૈયાફાટ રૂદન અને શ્રેણિકનું શબ...આ બે વસ્તુ ઘણું બધું કહી દેતી હતી.

"મહારાજ ! હવે જે થઈ ગયું, તે થઈ ગયું. તમે તો સારું જ ઈચ્છતા હતા, પણ વિધાતાને એ માન્ય ન હોય તો આપણે શું કરી શકીએ ?" જેલરે આશ્વાસન આપ્યું.

એ પછી તો ઝપાટાબંધ બધી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી. શબની

અંતિમયાત્રાની જાહેરાતો પણ થઈ ગઈ.

સોહામણા સપના જોતી ચેલ્લણાને જ્યારે કોણિકે બની ગયેલી ઘટના જણાવી, ત્યારે એના ઉપર તો જાણે કે વિજળી જ તૂટી પડી, પણ નિયતિ સામે ક્યાં કોઈનું ચાલે છે ?

શ્રેણિક મહારાજાના અંતિમ દર્શન ચેલ્લણાએ કરી લીધા, મન ભરીને રડી લીધું, વૈરાગ્યભાવ મજબુત બનાવી દીધો.

શબયાત્રા શરુ થઈ, રાજગૃહીના હજારો માણસો અને ખુદ મહારાજા કોણિક ખુલ્લા પગે એ યાત્રામાં જોડાયા. લોકોને એવી શંકા તો થઈ કે "કોણિકે જ એના પિતાને કપટથી મારી નાંખ્યા છે. હવે જે રૂદન કરે છે, એ નાટક છે, લોકોમાં વિદ્રોહ ફાટી ન નીકળે એ માટેની ચતુરાઈ છે."

પણ કોણિકના ઉદાસ મુખને જોયા બાદ અને ચેલ્લણા માતાના કોણિક તરફના લાગણીસભર વર્તનને જોયા બાદ ઘણા ખરાની શંકા દૂર થઈ ગઈ.

જો કે આજે કોણિકને એ બધી ચિંતા કરવાનો અવસર જ ન હતો. એ માત્ર ને માત્ર આઘાતમાં કણસતો હતો. "મારી નાનકડી ભૂલ અને નુકસાન કેટલું મોટું ! અને મારા મહાન ઉપકારી પિતાનું ઋણ તો મેં ન ચૂકવ્યું, ઉલટું એમને સૌથી વધારે પીડા પહોંચાડનાર હું બન્યો..."

ચંદનના લાકડાઓની ચિતા ઉપર શ્રેણિકનો દેહ મુકવામાં આવ્યો, કોણિકના હાથમાં સળગતું લાકડું આપવામાં આવ્યું. કોણિકે ચિતામાં આગ ચાંપી અને એ સાથે જ એ ચોધાર આંસુએ રડી પડ્યો, જમીન પર ફસડાઈ પડ્યો, લોકો એને ચિતાથી થોડેક દૂર લઈ ગયા, પણ એને રડવા દીધો. રડવાથી ભાર હળવો થાય ને ?

એમ સાંભળવા મળ્યું છે કે જેમ જેમ એ ચિતા સળગતી ગઈ, તેમ તેમ એમાંથી *વીર ! વીર !* એ ધ્વનિ સંભળાવા લાગ્યો. હા ! મહારાજા શ્રેણિકે આખી જીંદગી સાડા ત્રણ કરોડ રૂંવાડેથી *વીર ! વીર !* નો જપ અસંખ્યવાર કરેલો, એના પ્રતાપે જ આ ચિતામાંથી ય *વીર ! વીર !* ના શબ્દો નીકળવા લાગ્યા.

કેવી વીરભક્તિ !

દિવસો ઉપર દિવસો પસાર થતા ગયા, લોકો તો શ્રેણિકને ભૂલી ગયા, પણ મહારાજા કોણિક પિતાને ભૂલી શકતો નથી. એના પશ્ચાત્તાપનો પાર નથી. અંતઃપુરમાં, રાજસભામાં... બધે જ એને પિતાનું સતત સ્મરણ થયા કરે છે, તે તે સ્થાને પિતા સાથે બનેલા પ્રસંગો તો સ્થાન જોતાની સાથે જ

યાદ આવે છે અને ફરી આખા તન-મનને બેચેની ઘેરી વળે છે. શું કરવું ? એ જ સમજાતું નથી. રાજગૃહીના દરેક સ્થાને પિતાના સ્મરણો જોડાયેલા હોવાથી કોણિક મહેનત કરવા છતાં પિતૃશોકમાંથી બહાર નીકળી શકતો નથી.

પરિણામ ?

કોણિકનું સ્વાસ્થ્ય બગડતું ચાલ્યું, રાજકાજમાં ધ્યાન સાવ જ ઘટી ગયું.

મંત્રીઓએ ભેગા મળીને આનો ઉપાય વિચાર્યો, રાજાને વાત કરી અને નિષ્કર્ષ એ જ આવ્યો કે મહારાજા જો નવી રાજધાની વસાવે, ત્યાં જઈને રહે તો ત્યાં આ જૂના સ્મરણો યાદ ન આવે, નવું સ્થાન-નવી દુનિયા ! જૂનું ભૂલાઈ જાય... તો સ્વસ્થતા પાછી આવે...

અને એ નિષ્કર્ષ પ્રમાણે **પાટલીપુત્ર** નામની નવી નગરીની સ્થાપના કરવામાં આવી. મગધની એ નવી રાજધાની બની. કોણિકે ત્યાં જ પોતાની જીંદગી વિતાવી. (આજે એ નગરીનું નામ છે **પટના** !)

વાચકોને પ્રશ્ન થશે જ કે આ કથાનું મથાળું રાખ્યું છે કે "સાધુપણામાં ઉપશમભાવ પ્રધાન છે." પણ આ મથાળાને અને આ કથાને શું સંબંધ ? એ કશું સમજાતું નથી.

તો એનો ઉત્તર એ કે

(A) કોણિક ગર્ભમાં આવ્યો, ત્યારથી જ ચેલ્લણાને શ્રેણિક પ્રત્યે અરુચિ થવા લાગી. એવું શા માટે ?

(B) ગર્ભના પ્રભાવથી ચેલ્લણા જેવી મહાસતીને પોતાના પતિનું માંસ ખાવાની ઈચ્છા થઈ, એવું શા માટે ?

(C) શ્રેણિકે અપાર વાત્સલ્ય આપ્યું, છતાં કોણિક છેલ્લે સુધી એમને ધિક્કારતો જ રહ્યો, એવું શા માટે ?

આ બધાનો જવાબ મેળવવા માટે આપણે જોવો પડશે શ્રેણિક-કોણિકનો પૂર્વભવ !

અને એ પૂર્વભવમાં જ આ કથાના મથાળાનું રહસ્ય પણ મળી રહેશે.

શ્રેણિક-કોણિકનો વૈરભરપૂર ઇતિહાસ તો આપણે સાંભળી લીધો, પણ આવું શા માટે થયું એ ખબર છે ? આ ભવમાં શ્રેણિકે કોણિકનું કશું જ બગાડ્યું ન હોવા છતાં પણ શા માટે કોણિક આખી જીંદગી સુધી પિતાને = પરમોપકારી પિતાને ધિક્કારતો જ રહ્યો, એ ખબર છે ?

ચાલો, એ માટે એમનો પૂર્વભવ જાણી લઈએ.

એક નગરના રાજાને ઘોડા પર બેસીને નગરમાં, નગરની બહાર ફરવા જવાનો ઘણો શોખ ! ઘણીવાર યુવાન રાજા આ રીતે ફરવા માટે એકલો કે સૈનિકો સાથે નીકળી પડતો.

એક વખતની વાત...

ફરતા ફરતા રાજા નગરની બહાર એક વિશાળ આશ્રમમાં જઈ ચડ્યો. અત્યાર સુધી રાજાએ આ આશ્રમ નિહાળ્યો જ ન હતો. એટલે રાજાને તો આ નવું સ્થાન જોઈ ભારે કુતૂહલ જાગ્યું.. એમાં વળી અંદરનું શાંત વાતાવરણ જોઈને તો રાજા અતિપ્રસન્ન બની ગયો.

બધા ઋષિ મુનિઓ પોતપોતાની સાધના-આરાધનામાં લીન હતા. કોઈક ઋષિઓ ધ્યાનમાં બેઠા હતા, કોઈક ઋષિઓ સ્વાધ્યાય કરતા હતા. કોઈક ઋષિઓ આશ્રમ સ્વચ્છ કરતા હતા... બધા પોતપોતાનામાં મસ્ત ! બધાના મુખ પર અનોખો આનંદ ઝગમગતો દેખાતો હતો.

પળભર તો રાજા પોતાના રાજવીસુખોને ય વિસરી ગયો.

"આ આશ્રમમાં મુખ્ય ઋષિ કોણ છે ? ક્યાં છે ?" રાજાએ એક સંન્યાસીને પ્રશ્ન કર્યો.

"આ બાજુ બિરાજમાન છે." સ્મિત સાથે ખૂબ જ આત્મીયભાવથી સંન્યાસીએ જવાબ આપ્યો "હું એમને મળી શકું છું ?"

'હા ! હા ! ચોક્કસ !'

અને રાજા ત્યાં પહોંચી ગયો.

રાજા તો મુખ્ય ઋષિને જોઈને જ ઠંડોગાર થઈ ગયો.

એકદમ સૌમ્ય મુખમુદ્રા !

મોટી ઉંમરની ચાડી ખાતી સફેદ ભરાવદાર દાઢી અને કરચલીઓ !

આકર્ષક શ્વેતવર્ણી ત્વચા !

***'राजन् ! कल्याणमस्तु ते'*** ઋષિ બોલ્યા

"આશ્ચર્ય ! આપે મને શી રીતે ઓળખી લીધો ? કે 'હું રાજા છું.' "

"એ તો પહેરવેશ-તેજ ઉપરથી ખ્યાલ આવી જ જાય ને !"

"આપનો આશ્રમ અદ્ભુત છે. બધા ઋષિઓને જોઈને ખૂબ જ આનંદ આવ્યો."

"બધા ઋષિઓ ઉત્તમ છે, સારી ભાવનાવાળા છે."

“એક પ્રશ્ન પૂછું ? આ બધાનું લક્ષ્ય શું છે ?”

“મોક્ષ ! અજન્મા બનવું તે ! ભગવાન બનવું તે ! ચોરાશીના ચક્કર મીટાવવા તે.”

“આપના તમામ શિષ્યોમાં શ્રેષ્ઠતમ સાધક કોણ ? એ આપશ્રી કહી શકશો ખરા ?”

“ચોક્કસ ! આમ તો બધા જ ઉત્તમ સાધના કરે છે. પણ એક શિષ્યની તો કંઈ વાત જ થાય એમ નથી. એ ૩૦-૩૦ દિવસના ઉપવાસ કરે છે. ખાન-પાન બંનેનો ત્યાગ ! માત્ર એક દિવસ પારણું કરે, વળી પાછા ૩૦ દિવસ ઉપવાસ !

એ પારણું પણ ગજબનું ! કોઈપણ એક જ ગૃહસ્થને ત્યાં ભિક્ષા માટે જવાનું ! ત્યાં જેટલી ભિક્ષા મળે, એટલાથી જ પારણું ! ઓછું મળે, તો બીજા ઘરે નહિ જ જવાનું ! વળી જે મળે, તે લઈ લેવાનું.

વધુ આશ્ચર્ય તો એ કે ધારો કે જે ઘરે ઋષિ ભિક્ષા માટે જાય, એ ઘરે કશું જ ન મળે, એક દાણો પણ ન મળે, તો બીજા ઘરે નહિ જ જવાનું. તરત બીજા ૩૦ ઉપવાસ કરી લેવાના. આ રીતે ૬૦ ઉપવાસ પણ કરી લે.”

“આપની વાતો સાંભળીને તો મારું હૈયું હચમચી ગયું છે. મારા જેવાને તો રોજેરોજ કેટલું બધું ખાવા જોઈએ, એમાં વળી જીભના ચેનચાળા પણ ઓછા નહિ. એની સામે આ રીતે ઉપવાસો - મહીનાના ઉપવાસો... ભગવન ! કમાલ ! કમાલ ! કોઈ શબ્દો નથી, મારી પાસે એમની પ્રશંસા માટેના !

ભગવાન ! આપ રજા આપો, તો હું એમને પ્રત્યક્ષ મળવા માંગું છું. એમનો પરિચય કરવા માંગું છું અને આપની રજા હોય, એમની અનુકૂળતા હોય તો હવે જે પારણું આવે, એ મારા ઘરે કરાવવા માંગુ છું. આ પામરને આટલો લાભ આપવા કૃપા કરો એવી વિનંતિ છે.”

રાજા ગદ્ગદ બની ગયો. એને ખૂબ જ અહોભાવ જાગી ગયો હતો.

“તમે એમને મળી શકશો, એ આશ્રમમાં જ એક એકાંતસ્થાને ધ્યાનમાં બિરાજમાન છે. આમ તો એને લોકસંપર્ક ગમતો નથી. પણ મારા સૂચનથી એ તમારી સાથે વાતો કરશે. અને તમે મારા નામથી કહેજો કે “આવતું પારણું તમારે ત્યાં કરવાની મેં સંમતિ આપી છે. તમારી ભાવના એણે સંતોષવાની છે.”

આટલું કહીને મુખ્ય ઋષિ મૌન થયા, પોતાના સેવકને બોલાવીને

કહ્યું, "રાજાને તપસ્વીઋષિ પાસે લઈ જાઓ, કહેજો કે મેં આમને મળવા મોકલ્યા છે. આ નગરના રાજા છે."

સેવકની પાછળ રાજા પહોંચી ગયો તપસ્વી મુનિ પાસે !

ભરયૌવનથી ચમકતો દેહ !

પોતાના સરખી જ ઉંમર !

તપના તેજથી આંખોને આંજી દેતું અદ્ભુત ઐશ્વર્ય !

રાજાએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

"આપની તપશ્ચર્યાની વાતો સાંભળીને હું અત્યંત પ્રભાવિત થયો છું."

બધી ભગવાનની અને ગુરુની કૃપાનો પ્રભાવ છે."

"મારી ભાવના છે કે આવતું પારણું મારે ત્યાં જ આપ કરો. આપના ગુરુજીએ સંમતિ આપી છે."

***'તથાऽस्तु'***

એ પછી ઔપચારિક વાતચીત બાદ રાજાએ વિદાય લીધી, પારણાનો દિવસ બરાબર ધ્યાનમાં રાખી લીધો. એ દિવસે ઉત્તમોત્તમ દ્રવ્યોથી પારણું કરાવવાનો મનોરથ સેવવા લાગ્યો.

પણ ભાગ્યમાં - ભવિતવ્યતામાં કંઈક જુદા જ લેખ લખાયેલા હતા.

બન્યું એવું કે જે દિવસે પારણું હતું, એ જ દિવસે રાજાને વહેલી સવારથી જ માથામાં અતિ સખત દુઃખાવો શરુ થઈ ગયો. ભીંત સાથે માથું કુટવાનું મન થાય, એવી અસહ્ય વેદના ! રાજા રીતસર ચીસ પાડવા લાગ્યો. રાજાની આ પીડાને કારણે આખા રાજમહેલમાં દોડધામ મચી ગઈ. બધા બેબાકળા બની ગયા, વૈદ્યોએ ઉપચાર શરૂ કર્યા, પણ બધું જ વ્યર્થ !

બપોરે ભિક્ષાનો સમય થયો અને તપસ્વી ઋષિ રાજમહેલ પાસે આવી પહોંચ્યા. પણ અહીં તો એમને આવકારવાની વાત તો દૂર રહી, સામે જોવાની પણ કોઈને ફુરસદ નથી.

ઋષિ થોડાક સંકોચાયા, છતાં માન-અપમાન સમાન ગણીને એ આગળ વધ્યા.

"મારે રાજાને મળવાનું છે, મળી શકાશે ?" દ્વારપાળને પૂછયું.

"અરે, તારામાં કંઈ અક્કલ છે કે નહિ ? રાજાને સવારથી ભયંકર પીડા થાય છે. આખું રાજકુટુંબ ભારે ચિંતામાં છે, રાજાને બોલવાના હોંશ નથી, અને તને મળવાનું સૂઝે છે ? હાલતો થા, અહીંથી !" દ્વારપાળ એટલે

હલકી જાત ! શિષ્ટ ભાષા બોલતા એને ન આવડે, એટલે અપમાનજનક શબ્દો ઉચ્ચારી તપસ્વીને કાઢી મૂક્યા.

"જેવા મારા કર્મો ! ચાલો, મોટી તપશ્ચર્યા કરવાની અનાયાસે તક મળી." વિચારી પાછા ફર્યા, આશ્રમમાં ગુરુ પાસે પહોંચ્યા.

"ઋષિશ્રેષ્ઠ ! થઈ ગયું પારણું ? આટલો જલ્દી કેમ પાછો આવી ગયો ?"

"ગુરુજી ! આજે મારો ભાગ્યોદય ઘણો સરસ છે, એટલે વધુ સાધના કરવાની તક મળી. રાજા આજે સખત પીડાથી પીડિત છે. એ બિચારો પોતે જ આટલો ત્રસ્ત હોય, ત્યાં મારા પારણાની કાળજી શી રીતે રાખી શકે ?"

"પણ રાજાના પરિવારજનો..."

"એ બધા અત્યારે તો રાજાની ચિંતાથી જ પરેશાન હોય ને ! એ ક્યાં મારા તરફ ધ્યાન આપી શકે ? દ્વારપાળે મને બારણેથી જ કાઢી મુક્યો, એટલે પાછો આવી ગયો."

"પણ..." ગુરુને ચિંતા થઈ.

"આપ મારી ફિકર ન કરો. આજથી બીજા ૩૦ ઉપવાસની પ્રતિજ્ઞા આપી દો."

ગુરુ તો તપસ્વી ઋષિની ક્ષમા-ઉદારતા જોઈ ખૂબ આનંદ પામ્યા.

બીજા દિવસે

વહેલી સવારે મારતે ઘોડે રાજા આશ્રમમાં આવી પહોંચ્યો, પહોંચ્યો સીધો તપસ્વી મુનિ પાસે ! દંડવત્ પગમાં પડી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. "ઋષિવર ! મારો ઘોર પાપોદય ! આપના પારણાના જ દિવસે હું અત્યંત અસ્વસ્થ બની ગયો, મને મારું જ ભાન ન હતું. એમાં આપના પારણાનું શી રીતે યાદ રહે ? પરમ દિવસે સાંજ સુધી સતત આપના પારણાના વિચારો કરતો હતો અને ગઈકાલે સવારે જ માથાનો સખત દુઃખાવો મને ઘેરી વળ્યો, હું બધું જ ભૂલી ગયો... અરે ભગવાન ! મારી ગંભીર ભૂલ થઈ.

વૈદ્યોની દવા છતાં દુઃખાવો દૂર ન થયો. પણ બપોર પછી આપમેળે દુઃખાવો ગાયબ થઈ ગયો. હું સ્વસ્થ બન્યો અને મને આપનું સ્મરણ થયું. મેં તરત બધાને પૂછયું કે 'કોઈ તપસ્વી ઋષિ આવેલા' બધાને તો કંઈ ખબર ન હતી, પણ તપાસ કરતા કરતા ખ્યાલ આવ્યો કે દ્વારપાળે કોઈક ઋષિને ત્યાંથી જ કાઢી મુકેલા.

ઋષિવર ! મારો અપરાધ ક્ષમા કરો. મેં ત્યારે ને ત્યારે જ એ

દ્વારપાળને કાઢી મુક્યો છે. અરરર ! મારા નિમિત્તે આપનું પારણું અટકી ગયું.

ઋષિવર ! આપ આજે હમણા જ મારે ત્યાં પધારો, હું આજે આપનું પારણું કરાવીશ.''

''રાજન ! એ શક્ય નથી. તું તો મારી પ્રતિજ્ઞા જાણે જ છે ને ! ગઈકાલથી જ મારે ૩૦ ઉપવાસનો પ્રારંભ થઈ ગયો છે. વળી રાજન ! આમાં તારો કોઈ જ દોષ નથી. મારા ભાગ્ય ! અરે, આ તો મારું ઘણું સારું ભાગ્ય કહેવાય કે મારી સાધના વિકસિત કરવાની મને તક મળી.

બીજી વાત...

મારી એક વિનંતિ છે કે પેલા દ્વારપાળને તમે પાછો રાખી લેજો. બિચારા એનો પણ શું દોષ ? એણે તો તમારા તરફની લાગણીથી - ભક્તિથી પ્રેરાઈને જ મારી સાથે આવો વ્યવહાર કર્યો છે.''

રાજા ઋષિમુનિની ક્ષમાને જોઈ જ રહ્યા. કેવો આ ઉત્તમ આત્મા ! ૩૦ ઉપવાસનું પારણું ન થયું, ૩૦ને બદલે ૬૦ ઉપવાસ કરવા પડ્યા, તો ય લેશ પણ આવેશ નહિ, કોઈ જ ફરિયાદ નહિ.

રાજાનું બહુમાન આસમાનને આંબવા લાગ્યું.

તો બીજી બાજુ 'પોતે અપરાધી છે' એની પીડા પણ રાજાને ખૂબ ખૂબ પરેશાન કરી રહી હતી.

''આપ જેમ કહેશો, એમ બધું કરીશ. પણ મારા આત્માને શાંતિ થતી નથી. હું પળેપળ અપરાધભાવના વિચારથી પીડાઈ રહ્યો છું. આપને વિનંતિ કરું છું કે હવે જે પારણું આવે, એ તો આપે મારે જ ત્યાં કરવાનું. બસ, મારા અપરાધની શુદ્ધિ ત્યારે જ થશે, જ્યારે હું આપને સારામાં સારું પારણું કરાવું.'' રાજાની આંખમાં આંસુ ટપકી રહ્યા હતા.

''રાજન ! તારે આવો કોઈ જ ખેદ કરવાની જરૂર જ નથી. છતાં તારો અતિ-આગ્રહ છે અને એનાથી જ તને સંતોષ થાય છે, તો જા ! તારી પ્રસન્નતા ખાતર આવતું પારણું કરવા તારે જ ત્યાં આવીશ. બસ ! પણ મારા ગુરુજીની પણ આ બાબતમાં રજા લઈ લેવી.''

રાજા હર્ષઘેલો બની પહોંચ્યો સીધો ગુરુજી પાસે ! બધી વાત કરી અને છેલ્લે નવા પારણા માટેની આજીજી ભરેલી વિનંતિ કરી.

''રાજન !'' ઋષિ બોલ્યા ''મારી સંમતિ જ છે. પણ મારી ગુરુ તરીકે ફરજ છે કે શિષ્યની કાળજી કરવી. એક પારણું ચુકાઈ ગયું, હવે બીજું પારણું ચુકાઈ ન જાય, એનું ખાસ ધ્યાન રાખજે.''

"આ વખતે કોઈપણ હિસાબે ભૂલ નહિ જ થાય. હું મારા તમામ પરિવારજનોને નોકર-ચાકરોને આ વાત કહી દઈશ. અરે, હું મરી જાઉં તો ય તેઓ પારણું કરાવશે જ... એવી પાકી સૂચના બધાને કરી દઈશ. આપ મારા પર ભરોસો રાખો. ઠાઠમાઠ સાથે પારણું થશે." રાજાએ વિશ્વાસ આપ્યો અને વિદાય લીધી. રાજમહેલમાં પહોંચી બધાને ભેગા કર્યા અને કડક સૂચના આપી દીધી. "આ દિવસે એક ઋષિ ૬૦ ઉપવાસનું પારણું કરવા માટે આપણે ત્યાં પધારવાના છે. હું ખુદ એમનું સ્વાગત કરીશ. પણ તમને બધાને એટલા માટે કહી રાખું છું કે ગઈકાલ જેવી ભૂલ ન થાય. એ મહાત્મા માત્ર એક જ ઘરે ભિક્ષા માટે જાય છે, ત્યાં ન મળે, તો ફરી ૩૦ ઉપવાસ લગાવી દે છે. મારા પાપે એમને ૩૦ ને બદલે ૬૦ ઉપવાસ થઈ ગયા છે. પણ હવે એવું બિલકુલ ન બનવું જોઈએ."

બધા સાવચેત થઈ ગયા, દિવસની નોંધ કરી લીધી.

પણ ભવિતવ્યતા આગળ કોનું ચાલે ?

દિવસો પસાર થતા ગયા. ધીરે ધીરે એ વાતની અસર ઓછી થતી ગઈ.

બીજી બાજુ રાણીનો ગર્ભકાળ ચાલુ હતો. રાજાને ત્યાં પ્રથમવાર પારણું બંધાવાનું હતું. અંતિમ દિવસોની ગણતરી થઈ રહી હતી. આખું રાજમહેલ એ આનંદમય દિવસની રાહ જોઈ રહ્યું હતું. તડામાર તૈયારી ચાલી રહી હતી. રાજાને પારણાનો ખ્યાલ હતો ખરો, પણ બીજી બાજુ પોતાના પ્રથમ સંતાનનો વિચાર એમને અત્યંત હર્ષઘેલા બનાવી જ દે એ સ્વાભાવિક જ છે ને !

ધીમે ધીમે પુત્રજન્મના વિચારે મન ઉપર કબજો જમાવી દીધો, પારણાનો વિચાર માંદો પડતો ગયો.

એમાં વળી વિધાતાએ ગોઠવણ જ એવી કરી કે પારણાના જ દિવસે રાણીએ રાજકુમારને જન્મ આપ્યો. હવે તો શું બાકી રહે ? આ તો યુવરાજનો જન્મ ! પ્રથમ વખતની પ્રસૂતિ ! આખો રાજમહેલ આનંદના અતિરેકમાં નાચ-કુદમાં પડ્યો. બસ, ચારેબાજુ દોડાદોડ ! બધા એકબીજાને સમાચાર આપવા માટે દોડાદોડ કરતા જ રહ્યા. કોઈને એક પળ પણ બેસી રહેવાની ફુરસદ નહિ. નગરમાં ઢંઢેરો પીટાયો અને હજારો લોકો રાજાના મહેલે વધામણી આપવા દોડી આવ્યા. મહેલમાં પ્રવેશ કરવાની પણ જગ્યા નહિ. રાજા પણ પ્રજાની આ લાગણીને શી રીતે ઠુકરાવી શકે ? એટલે રાજા

અંદર સિંહાસન પર બેઠો. વારાફરતી પ્રજાજનો અંદર આવતા જાય છે, રાજાના, નૂતન રાજકુમારના દર્શન કરે છે, ભેટ આપે છે, વધામણી આપે છે અને વિદાય લે છે.

હજારો માણસોના ટોળેટોળા રાજમહેલ પાસે ઉભા છે.

ભિક્ષાચર્યાનો સમય થઈ ગયો, તપસ્વી ઋષિ ગુરુવરની રજા લઈ ૬૦ ઉપવાસનું પારણું કરવા રાજમહેલની દિશામાં ચાલવા માંડ્યા. ધીમે ધીમે એમને ચારેબાજુ કોલાહલનો અવાજ સંભળાવા લાગ્યો. 'શું હશે ?' એ શાંતચિત્તે વિચારી રહ્યા.

રાજમહેલથી ૧૦૦ ડગલા દૂર પહોંચ્યા, પણ એમણે જોયું કે હજારો માણસોની ભીડ ! દ્વારપાળ સુધી પણ પહોંચી શકાય એવી બિલકુલ શક્યતા નહિ. પ્રજાજનોને તો પારણા અંગેની કશી ખબર હતી જ નહિ. મહેલના એકપણ માણસને જો ખબર પડે, તો તે બધું કામ આસાન હતું. પણ ત્યાં સુધી પહોંચવું જ શી રીતે ? વળી રાજાના ઘરનો સંકલ્પ કરી લીધેલો, એટલે બીજા ઘરે પારણું કરવા જઈ ન શકાય.

તપસ્વીએ રાહ જોઈ, પાછળ રહેલા પ્રજાજનોની ભીડમાંથી આગળ જવા પ્રયત્ન કર્યો, પણ કોને ફુરસદ હતી આજે તપસ્વીને આગળ જવા દેવાની !

અંતે તપસ્વી પાછો ફર્યો, થોડોક ખેદ થયો ખરો, પણ તરત જ મનને વાળી લીધું. "ચાલો, મને વધુ સાધના કરવાનો, ક્ષમાભાવ વધુ કેળવવાનો અવસર મળ્યો... અને પ્રસન્નચિત્તે આશ્રમમાં પાછા ફર્યા.

"કેમ ? આજે પણ આટલો વહેલો પાછો આવી ગયો ? પારણું ન થયું શું ?" તપસ્વીને જલ્દી પાછો આવેલો જોઈને ગુરુના મનમાં ધ્રાસ્કો પડ્યો, ઉચાટ સાથે પ્રશ્નો પૂછી નાંખ્યા.

"ના જી ! પારણું ન થયું."

"કેમ ? શું આ વખતે પણ રાજા ભૂલી ગયો ?"

"ના ! એવું તો નથી લાગતું, પણ રાજમહેલની બહાર હજારો માણસો ઉભા હતા, રાજમહેલના દરવાજા સુધી પણ પહોંચી શકાય એમ ન હતું, થોડોક પ્રયત્ન કર્યો, પણ લાગ્યું કે કદાચ આજે તો તક નહિ જ મળે. ત્યાં પારણા માટે ત્રણ-ચાર કલાક ઉભા રહેવું એ પણ ઉચિત તો નથી ને ?"

"તો હવે ?"

"હવે ? હવે નવા ૩૦ દિવસના ઉપવાસ ! આપી દો પ્રતિજ્ઞા મને !"

"પણ..."

"ગુરુજી ! આ જ તો મારી સાધનાની કસોટી છે. ૯૦ ઉપવાસ થશે, કશી ચિંતા નહિ."

"શિષ્ય ! લાખ લાખ ધન્યવાદ છે તારી દૃઢતા અને ધીરતાને ! પણ એક પ્રશ્ન પૂછું ? તને રાજા ઉપર ગુસ્સો નથી આવ્યો ને ? જો જે ! ક્ષમા બિલકુલ ગુમાવતો નહિ. રાજા પ્રત્યે લેશપણ અસદ્‌ભાવ લાવતો નહિ. તારા કર્મ પ્રમાણે તારે કષ્ટો સહન કરવા પડે છે, એમાં રાજાનો દોષ ન માનીશ. તો જ તારી સાધના સફળ બનશે."

અનુભવી ગુરુએ અનુમોદનાની સાથે સાથે માર્મિક ટકોર પણ કરી દીધી.

"ગુરુજી ! આપની કૃપાથી મન અત્યંત પ્રસન્ન છે, કશી ચિંતા કરશો નહિ."

અને એ જ દિવસથી નવા ૩૦ ઉપવાસની તપશ્ચર્યા શરુ થઈ ગઈ, તપસ્વી પોતાના સ્થાને જઈ જ્ઞાન-ધ્યાનમાં મસ્ત બની ગયા.

આ બાજુ સાંજ સુધી રાજા પ્રજાજનોની ભેટસોગાદો લેવામાંથી ઉંચો ન આવ્યો, સાંજે નિવૃત્ત થયો અને રાણી પાસે પહોંચ્યો.

"રાણી ! તમારા દીકરાના જન્મે આખું નગર હરખઘેલું બન્યું છે. હજારો માણસો વધામણી આપવા દોડી આવ્યા હતા. માંડ અત્યારે મને શાંતિ મળી છે. હજી તો ભોજન કરવાનો..." અને અચાનક રાજાની જીભ અટકી ગઈ.

"અરે, આજે તો પેલા તપસ્વીના પારણાનો દિવસ હતો. અરે, ભગવાન !" પોતાના ભોજનની યાદ સાથે જ તપસ્વીનું પારણું રાજાને યાદ આવી ગયું.

રાણી રાજાના મોઢા ઉપર પલટાઈ રહેલા હાવભાવ જોઈ રહી. રાણીને પણ ખ્યાલ આવી ગયો કે આનંદના અતિરેકમાં ગંભીર ભૂલ થઈ ગઈ છે. તપસ્વી જો વીફરે અને શ્રાપ આપી દે, તો... તો આપણું બધાનું સત્યાનાશ જાય.

"સ્વામિનાથ ! હવે શું થશે ? તમે જલ્દી પહોંચો, અત્યારે જ પહોંચો, માફી માંગો..."

"પણ હવે કયા મોઢે ત્યાં જાઉં ? મારા પગ જ ઉપડતા નથી. છતાં તું કહે છે, એ વાત પણ સાચી. મારે જવું જ જોઈએ." અને રાજા મારતે ઘોડે

આશ્રમમાં જઈ પહોંચ્યો. આ વખતે તપસ્વી પાસે જવાને બદલે ગુરુજી પાસે ગયો, દંડવત્ પ્રણામ કરી ઉદાસ થઈને બેઠો.

"બોલો રાજન !..."

"શું બોલું ભગવન ! મારી તો જીભ જ ઉપડતી નથી. આપને મોઢું બતાડવા માટે પણ હું લાયક રહ્યો નથી. મેં આપને વચન આપેલું, પણ હું વચન પાળી ન શક્યો. હું શું કરું ? આપ જે પ્રાયશ્ચિત્ત આપો, એ મારે મંજુર છે. પણ મારું મન સતત મને ડંખ્યા કરે છે."

"રાજન ! તારે આટલો બધો શોક ન કરવો. સંસારમાં આવું બધું તો ચાલ્યા જ કરે. તારા મોઢા ઉપર સ્પષ્ટ દેખાય છે કે તને ઘોર પશ્ચાત્તાપ છે. તેં કંઈ હાથે કરીને તો આ અપરાધ કર્યો નથી, પણ પરિસ્થિતિ જ એવી ઉભી થાય તો તું પણ શું કરે ?"

રાજા સાંભળતો જ રહ્યો, ઋષિની ઉદારતાને પી રહ્યો, આંખમાંથી ચોધાર આંસુ પડવા માંડ્યા.

"તું તપસ્વી ઋષિને પણ મળી આવ. એને લેશ પણ ગુસ્સો આવ્યો નથી. પૂરેપૂરો પ્રસન્નભાવ જાળવી રાખ્યો છે. એને મળીને તને પણ શાંતિ વળશે."

રાજાને ગુરુજીના શબ્દોથી સાન્ત્વના મળી, ત્યાંથી ઉભો થઈ તપસ્વી પાસે ગયો. વંદન-પ્રણામ કરી પાસે બેઠો, ત્યાં જ તપસ્વીએ જ સામેથી વાત કાઢી "મારું પારણું ન થયું, એનો શોક ન રાખીશ. તું તો મારી સાધનામાં સહાયક જ બન્યો છે. પણ આજે આ હજારો માણસો ભેગા શા માટે થયેલા ?"

"ઋષિવર ! મારે ત્યાં આજે જ પ્રથમવાર ઘોડિયું બંધાયું છે, રાણીએ યુવરાજને જન્મ આપ્યો છે. એની વધામણી આપવા માટે હજારો લોકો ભેગા થયા હતા.હું એ બધા વ્યવહારમાં જ આપના પારણાની વાત ભૂલી ગયો. નહિ તો તો..."

"ઓ હો હો ! આવું હોય તો તો તારો દોષ બિલકુલ ન ગણાય. મને તો આ વાતની ખબર જ ન હતી. પણ હવે તો બધો જ સંકોચ મનમાંથી કાઢી નાંખવો."

"પણ આપને મારા કારણે સળંગ ૯૦ ઉપવાસ..."

રાજાના શબ્દોમાં ભારોભાર ખેદ વર્તતો નિહાળીને તપસ્વી ઋષિને થયું કે રાજાની પ્રસન્નતા ખાતર મારે કંઈક કરવું જોઈએ.

"જો રાજન ! બે વાર તેં માંગણી કરી અને મેં વિનંતિ સ્વીકારી. હવે

હું જ તને સામેથી કહું છું કે તારે જ ત્યાં હું ૯૦ ઉપવાસનું પારણું કરવા આવીશ. બસ, હવે તો સંતોષ ને ! જો મને તારા ઉપર લેશ પણ દ્વેષ હોય તો હું આ વાત કરી શકું ખરો ? માટે તું હવે સંપૂર્ણ પ્રસન્ન બની જા.''

''આપની ક્ષમાને હું કેટલા વંદન કરું એ જ મને સમજાતું નથી. મારી આટલી મોટી ભૂલ છતાં પણ આપ આટલી બધી ઉદારતા દાખવો છો. આપનો ઉપકાર હું જીંદગીભર નહિ ભૂલું. આ વખતે તો હું કોઈપણ ભોગે આપને સર્વોત્તમ પારણું કરાવીશ જ.''

રાજમહેલમાં આવીને તમામ રાણી-નોકરો વગેરેને ભેગા કરીને જાહેરાત કરી કે ''આપણે બે-બે વાર એક તપસ્વીને પારણું કરાવવાનું ચૂકી ગયા છીએ એના હિસાબે એમને ૯૦ ઉપવાસ થઈ ગયા છે. આપણા બધાની ફરજ છે કે ૯૦ ઉપવાસનું પારણું કોઈપણ ભોગે ચૂકી ન જવાય.

એકવાર મારી માંદગીના શોકમાં, બીજીવાર રાજપુત્રના જન્મના આનંદમાં આપણે ચૂક્યા. પણ હવે આ ભૂલ ન જ થવી જોઈએ.

આ રીતે બધાને સાવધ કરી દીધા, દિવસ પણ ગોખાવી નાંખ્યો. રાજાને મનમાં હતું કે આ વખતે તો મારી ઈચ્છા પૂર્ણ થશે જ.

પણ જેમ લોકોમાં કહેવત છે કે **''રામ રાખે એને કોણ ચાખે. (મારે)''**

એમ આ પણ એક સત્ય છે કે ''ભવિતવ્યતા = કર્મ મારે, એને કોણ રાખે,''

ભવિતવ્યતા કંઈક જુદી જ હતી, પણ બિચારા સંસારીઓ એને શી રીતે પરખી શકે !

દિવસો ઉપર દિવસો વીતતા ગયા.

બસ, થોડાક જ દિવસો બાકી...

ત્યાં જ એકવાર રાજ દરબારમાં ગુપ્તચરે આવીને ખાનગીમાં સમાચાર આપ્યા કે ''આપણા આસપાસના શત્રુ રાજાઓ ષડ્‌યંત્ર બનાવી રહ્યા છે, તેઓ ગમે ત્યારે આપણા ઉપર આક્રમણ કરીને આપણું રાજ્ય પચાવી જવા માંગે છે. આ બાબતમાં જો ઉપેક્ષા કરશું, તો રાજ્ય અને કદાચ જીવન બંને ય ગુમાવશું.''

રાજા અને મંત્રીઓએ ભેગા મળીને મંત્રણા કરી, સૈન્યને તૈયાર થવાનો આદેશ આપવામાં આવ્યો. આખા રાજમહેલમાં આ વાત પ્રસરી ગઈ, બધા જ અત્યંત ચિંતાતુર બની ગયા. આ તો યુદ્ધ ! શું થાય, કશી ખબર ન પડે.

આખો પરિવાર મૂળથી ખતમ થાય તો ય આશ્ચર્ય નહિ. દરેકના હૈયામાં થડકારો પેસી ગયો. રાજાએ બધાને આશ્વાસન આપ્યું.

અને ૯૧માં દિવસનો સૂર્યોદય થયો,

તપસ્વી ઋષિના પારણાનો જ દિવસ.

સમાચાર આવી ગયા કે "શત્રુઓનું આક્રમણ આવી રહ્યું છે."

શૂરવીર રાજા લડી લેવા તૈયાર થયો. નગરમાં જાહેરાત થઈ. "તમામ સૈનિકો રાજમહેલ પાસે એકઠા થાય. એ સિવાય પણ શૂરવીરો-લડાયકો આજે રાજ્યરક્ષા માટે બલિદાન આપવા આગળ આવ્યા."

જોતજોતામાં શસ્ત્રસજ્જ હજારો સૈનિકો રાજમહેલ પાસે ભેગા થવા લાગ્યા. વાતાવરણ એકદમ તંગ બની ગયું. વીરતાના નારાઓ લગાવવામાં આવ્યા, મોટા અવાજે યુદ્ધના નગારાઓ વગાડવામાં આવ્યા, રાજમહેલની અંદર રાજા, મંત્રી, સેનાપતિ વગેરેની છેલ્લી મંત્રણાઓમાં યુદ્ધની યોજના ગોઠવાઈ રહી હતી. હજારો સૈનિકો આદેશની રાહ જોઈને ઉભા હતા.

આ બાજુ ભિક્ષાચર્યાનો સમય થયો.

તપસ્વી મુનિ ગુરુની રજા લઈ ૯૦ ઉપવાસનું પારણું કરવા માટે રાજમહેલ તરફ ચાલી નીકળ્યા, પણ જેમ જેમ નગરમાં પ્રવેશ કરતા ગયા, તેમ તેમ વાતાવરણમાં વધુ ગંભીરતા, વધુ ડર, વધુ બેચેની એ અનુભવતા ગયા.

રાજમહેલની નજીક ગયા,

"એ ય જોગી ! આમ ક્યાં હાલ્યા અત્યારે !" એક અજાણ સુભટે એમને અટકાવ્યા.

"આજે રાજાને ત્યાં મારું પારણું છે."

"અરે, એ ય પારણાવાળા ! આખા રાજ્ય ઉપર યુદ્ધનો ભય છે, અને તું પારણાની પંચાત કરે છે. નીકળ અહીંથી !"

"પણ તમે એક વખત રાજાને પૂછી તો આવો કે..."

"અલ્યા, તું તો ભારે જીદ્દી છે..."

"જુઓ, પાછળથી રાજાનો જ તમને ઠપકો મળશે, એના કરતા તમે એકવાર પૂછી તો આવો. મને વિશ્વાસ છે કે એક જ પળમાં રાજા ખુદ મને લેવા માટે બહાર આવશે." તપસ્વી આત્મવિશ્વાસથી બોલ્યો.

સુભટને આ જીદ બિલકુલ ન ગમી, પણ લાગ્યું કે આ જોગી માનશે નહિ, એટલે એ રાજમહેલની અંદર પ્રવેશ્યો, પણ બંધ ઓરડે ચર્ચાઓ ચાલુ હતી. સુભટને લાગ્યું કે 'આવી પરિસ્થિતિમાં બારણું ખોલાવી પારણાવાળા

જોગીની વાત કરવા જઈશ, તો મારા પર બધા ગુસ્સે ભરાશે.'

એટલે સુભટ બહાર આવ્યો.

"એ ય જોગટા ! સાંભળ ! રાજાએ ચોક્ખા શબ્દોમાં કહી દીધું છે કે 'આવા તો ઢોંગી ધુતારા કેટલાય જોગીડાઓ આવતા હોય છે. હું કંઈ નવરો બેઠો છું. એ બધાને પારણા કરાવવા ! હું રાજકાજ સંભાળું ? કે આ બધી ઝંઝટમાં પડું ?' એટલે તું હવે ઝાઝી પંચાત કર્યા વિના અહીંથી ચાલતી પકડ, નહિં તો ધક્કા મારીને તને કાઢવો પડશે."

સુભટે જુઠ્ઠાણું હાંક્યું.

અને તપસ્વી જોગીનો પિત્તો ગયો.

ત્યાં તો એ કશું ન બોલ્યો, વીલે મોઢે પાછો ફર્યો. પણ એના મનમાં ધમસાણ મચી ગયું. "આનો મતલબ એ જ કે રાજા અત્યાર સુધી મારી સામે ઢોંગ જ કરતો હતો. મારી સામે મોટી મોટી આદર્શોની વાતો માત્ર મને ખુશ કરવા જ કરતો હતો. આનો મતલબ એ કે રાજાએ જાણી જોઈને જ મને હેરાન કર્યો છે. પોતાને ત્યાં પારણા નક્કી કરાવીને ગમે તેવા બહાના ઉભા કરીને પારણા અટકાવ્યા છે.

અને આજે રાજાએ આપેલો જવાબ ! એ હરામીની સાચી ઓળખ થઈ ગઈ મને આજે ! 'મેં એનું કંઈ જ બગાડ્યું નથી. છતાં એણે મને પરેશાન કર્યો, શું હું જોગી છું, એટલે ! હું એને કશું જ કરી શકું એમ નથી એટલે ? 'એક રાજાને જોગી શું કરી લેવાનો છે' એવો અહંકાર જાગ્યો લાગે છે, એ રાજીયાને ! પણ તો પછી હું ય એને દેખાડી દઈશ કે..."

જોગીના મનમાં આક્રોશ સવાર થઈ ગયો, એના કારણે જ એના પગમાં, એના મુખ પર આક્રોશના ચિહ્નો પ્રગટવા લાગ્યા. જેવો એણે આશ્રમમાં પ્રવેશ કર્યો કે તરત જ સામે મળેલા અન્ય સંન્યાસીઓએ પૂછયું "પારણું થઈ ગયું ?" મોઢું બગાડીને, જવાબ આપ્યા વિના એ પોતાના સ્થાને જતો રહ્યો, આજે એ ગુરુ પાસે પણ ન ગયો.

"ગુરુજી ! તપસ્વી તો પાછા આવી ગયા છે. બહુ જ આવેશમાં લાગે છે, પારણું થયું હોય એવું લાગતું નથી. રાજાએ ત્રીજીવાર ભૂલ કરી લાગે છે."

"ક્યાં ગયો એ તપસ્વી !"

"સીધો પોતાની જગ્યાએ ! આપની પાસે પણ આવ્યો નથી."

ગુરુ સમજી ગયા કે આજે વાત વણસી છે. ગુરુ ગંભીર હતા. પારણું ન થયું એના કરતા પણ એમને વધારે ફિકર તો તપસ્વીના મનમાં ઉત્પન્ન

થયેલા ક્રોધની હતી. એક ગુરુ તરીકે તે પોતાની ફરજ સમજતા હતા કે "મારો કોઈપણ શિષ્ય કષાયોને પરવશ થઈને સંન્યાસજીવનને રફેદફે કરી નાંખે એ બિલકુલ બરાબર નથી જ."

એટલે જ આજે શિષ્યને બોલાવવાને બદલે તે સ્વયં શિષ્યના સ્થાને પહોંચવા માટે ચાલી નીકળ્યા. આશ્રમના એક નિર્જનસ્થાનમાં શિષ્ય ધ્યાનસ્થ મુદ્રામાં બેઠો હતો, ગુરુએ એને જોયો, મુખાકૃતિ જોતા જ ખ્યાલ આવી ગયો કે "આજે આ શિષ્ય યોગી નથી, પણ ક્રોધી છે. બાહ્ય મુદ્રા ભલેને એ ગમે તેવી રાખે."

વત્સ !.... ગુરુ સ્પષ્ટ અવાજે બોલ્યા. શિષ્યે આંખ ઉઘાડી, જોયું તો ખુદ ગુરુ જ સામે ઉભા હતા. શિષ્ય વિહ્વળ બની ગયો, અત્યારે એને ગુરુનું આગમન પણ ખૂંચ્યું, છતાં ઔચિત્ય ખાતર ઉભા થઈને ગુરુને બેસવા માટે આસન આપ્યું.

"પારણું થયું ?" બેસતાની સાથે જ ગુરુએ સીધો જ પ્રશ્ન કર્યો.

"ના ! એ દુષ્ટ રાજા જાણી જોઈને મારી પાછળ પડ્યો છે. શું બગાડ્યું છે. મેં એનું ! પણ એ મારો શત્રુ બન્યો છે. બે વાર તો હું એમ સમજ્યો કે રાજાની ભૂલ નહિ હોય... પણ આ વખતે તો રાજાએ સુભટને જે શબ્દો કહ્યા, એ શબ્દો સુભટના મુખે મેં સાંભળ્યા... એનાથી હવે મને ખ્યાલ આવ્યો કે રાજા લુચ્ચો છે, દુષ્ટ છે..." તપસ્વીના હોઠ ધ્રુજવા લાગ્યા, કાયા કંપવા લાગી, મુખ પર લાલાશ ફેલાઈ જવા લાગી. ગુરુ આ ભયંકર પરિવર્તન જોઈ રહ્યા.

"પણ તેં કાનોકાન રાજાના મોંઢે શબ્દો સાંભળ્યા ?"

"ના ! મને સુભટે કહ્યા" કહીને તપસ્વીએ એ શબ્દો કહી સંભળાવ્યા.

"સુભટ જુઠ બોલ્યો હોય તો ?"

"ના ! સુભટ સાચુ જ બોલ્યો છે. નહિ તો ત્રણ-ત્રણ વાર આવી ભૂલ થાય ? એ રાજા કપટી જ છે, આપણને બધાને શક્તિહીન સમજીને પરેશાન કરે છે, મશ્કરી કરે છે. પણ એને ખબર નથી કે હું એનો બદલો લઈ શકું છું."

"તપસ્વી..."

ગુરુજી ! આપ ઠંડી ઠંડી વાત ન કરશો. આવા પાજીઓને તો સીધાદોર કરી દેવા જોઈએ.

"પણ તું શું કરી શકવાનો ?" ગુરુજી 'એ શું કરવા માંગે છે' એ જાણવા ઈચ્છતા હતા.

"હું ? શું કરી શકીશ ? હા ! આ એક પ્રશ્ન તો છે જ. મારી પાસે અત્યારે તો કોઈ વિદ્યાશક્તિ નથી, કે જેના પ્રતાપે હું રાજાને ખતમ કરી શકું. પણ... પણ મારી પાસે તપની તાકાત તો છે જ ને ! એ મને આ ભવમાં ભલે સહાયક ન બને, પણ હું સંકલ્પ મૂકીશ કે આ તપના પ્રભાવે હું આવતા ભવમાં આ જ રાજાના જીવનો સત્યાનાશ કાઢનારો બનું."

ગુરુજી આ શબ્દો સાંભળી હચમચી ગયા. એમને ખ્યાલ આવી ગયો કે તપસ્વી શિષ્યના મનમાં, રોમેરોમમાં વૈરાગ્નિ ભડકે બળી રહ્યો છે. એને ઠારવો શક્ય લાગતો નથી. છતાં...

"જો શિષ્ય ! મારી વાત ધ્યાનથી સાંભળ.

સુભટે પોતાની મેળે જ એ વાત ઉપજાવી કાઢી હોય. એવી શક્યતા પાકી છે. મારા અનુભવ પ્રમાણે રાજા ખરેખર સાચો-સારો ઉત્તમ જીવ છે. એ ખાનદાન છે, એ ક્યારેય તપસ્વી કે સામાન્ય ઋષિને પણ પરેશાન કરવાનું હીન કૃત્ય ન કરે.

વળી કદાચ માની લઈએ કે રાજા ખરાબ છે, દુષ્ટ છે. પણ મુનિ ! આપણે તો સંસારત્યાગી છીએ, ક્ષમા આપણો ગુણ છે. આપણા કટ્ટર શત્રુ પ્રત્યે પણ આપણે ક્ષમા જ રાખવાની છે. તું આ વૈરભાવ કાઢી નાંખ, શાન્ત થા..."

"બસ ગુરુજી બસ ! બહું થયું હવે ! આવી નબળી વાતો કરશો મા ! આ ધર્મશત્રુઓનો પક્ષ લેવો એ ય મહાપાપ છે. એમનો સર્વનાશ એ જ મહાપુણ્યનું કામ છે. ક્ષમાના મધુરા શબ્દ હેઠળ નબળાઈ પોષવાનું મહાપાપ કરવા હું તૈયાર નથી."

અને ગુરુ કંઈક કહે, એ પહેલા તો તપસ્વી ઉઠીને ચાલ્યો ગયો.

ભયંકર ભાવીના એંધાણ ગુરુને આવી તો ગયા, પણ હવે એ ય લાચાર બની ગયા હતા. દુઃખી હૈયે એ પોતાના સ્થાને પાછા ફર્યા.

આ બાજુ

થોડાક જ સમયમાં જ્વલંત વિજય મેળવીને રાજાએ ઠાઠમાઠ સાથે વિજયયાત્રા પૂર્વક નગરપ્રવેશ કર્યો, હજારો માણસોએ પુષ્પોથી, ચોખાથી રાજાને વધાવ્યો. રાજમહેલમાં પ્રવેશ વખતે રાણીએ પણ મીઠો આવકાર-સત્કાર આપ્યો. નાનકડા રાજકુમારને બે હાથમાં ઉંચકીને રમાડ્યો.

"રાણી ! ઘરનું ભોજન તમારા હાથે કરવાની આજે ખૂબ ઈચ્છા છે. કરાવશો ને ?"

"મને ખબર જ છે કે આજે આપને આ ભાવના હોવાની જ. એટલે બધું તૈયાર જ રાખ્યું છે, બસ ! આપ આજ્ઞા કરો, ભોજનખંડમાં પધારો એટલી વાર !"

હસતા હસતા રાજા ભોજનખંડમાં પહોંચ્યો, બત્રીસ પકવાન્નોના ભોજન જોઈને જ પરમતૃપ્તિ પામ્યો, ખાવા માટે એક કોળીયો હાથમાં ઉપાડ્યો અને અચાનક જ રાજા ચોંક્યો. "રાણી ! પેલા તપસ્વીનું પારણું ? ઓ ભગવાન ! એ દિવસ તો ગયો. તપસ્વી આવેલા ? તમે પારણું કરાવ્યું ?"

"ના ! કોઈ આવ્યું નથી. હવે ?" રાણી પણ ગભરાઈ ગઈ.

કોળીયો પડતો મૂકી રાજા તરત નીચે ઉતર્યો, ઘોડા પર બેસી પવનવેગે આશ્રમમાં જઈ પહોંચ્યો. પહોંચ્યો સીધો જ ગુરુજી પાસે ! પ્રણામ કરીને કહ્યું

"ત્રીજીવાર હું ચૂકી ગયો. પણ ઋષિવર ! રાજ્ય ઉપર આક્રમણ આવેલું. એટલે એ દિવસે એની ચિંતામાં ને ચિંતામાં જ હું ચૂકી ગયો. જો કે એ પણ મારી ગંભીર ભૂલ છે..."

"રાજન ! એ તો ઠીક ! પણ જ્યારે તારો સુભટ તને તપસ્વીના આગમનના સમાચાર આપવા આવ્યો, ત્યારે તેં સુભટને એમ કહેલું ખરું કે "આવા તો ઘણા ઢોંગીઓ આવ્યા કરે, હું કંઈ નવરો છું આ બધું સાચવવા માટે..."

"કોણે કહ્યું આપને ? કે હું આવું બોલેલો. અરે, ઋષિવર ! મને તો તપસ્વીના આગમનની ખબર જ નથી. કોઈએ મને વાત નથી કરી. હું ખરેખર સત્ય કહું છું."

"તારા જ કોઈ સુભટે તપસ્વીને તારા દ્વારા બોલાયેલા આ શબ્દો કહી સંભળાવ્યા..."

"ના, ના ! હું તમે કહો એ પરીક્ષા આપવા તૈયાર છું. અરે, તપસ્વી તો મારા માટે ભગવાન છે. એના માટે બીજો કોઈ વિચાર જ ન કરવાનો હોય, તો આવા હલકટ શબ્દો તો હું બોલું જ શી રીતે ?" રાજાની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા.

ગુરુજી સમજી ગયા કે 'રાજા નિર્દોષ છે' પણ આ વાત તપસ્વીને કોણ સમજાવે ?

"જો, રાજન ! તને ખરી વાત કહી દઉં. તારા સુભટે ખોટી વાત કહી હશે, પણ તપસ્વી એને સાચી માની બેઠો છે. એટલે જ અત્યારે એ તારા પર અતિશય ક્રોધે ભરાયો છે. પારણું ન થયું એની ચિંતા નથી. પણ 'તું એને જાણી

જોઈને પરેશાન કરે છે' એ વિચારથી એનો આવેશ કાબુ બહાર છે. મેં એને ઘણો સમજાવ્યો, પણ બધું જ પત્થર પર પાણી !

જો તારી હિંમત હોય, તો તું જ એની પાસે જા. એને સમજાવ, સાચી વાત કર, પેલા સુભટને બોલાવીને એના દ્વારા સાચી વાતનો ખુલાસો કરાવ.

યાદ રાખજે, એ ગમે તેમ બોલશે, ગાળો દેશે, એ બધું સહન કરવાની તાકાત હોય, તો જ આ જોખમ ઉઠાવજે. નહિ તો બાજી વધુ બગડી જશે. એનામાં વૈરાનુબંધ ન રહે, એ માટે જ હું આ બધી મહેનત કરાવું છું."

"ગુરુજી ! આ મારી ફરજ બની રહે છે. એ મને લાતો મારશે, તો પણ સહન કરીશ. પણ મારા પ્રત્યેનો એમનો કષાયભાવ દૂર કરવાના તમામ પ્રયત્નો કરી છુટીશ."

રાજમહેલે જઈ પહેલા તો તપાસ કરી સુભટને પકડી બધી વાત પૂછી. સુભટે પણ બધી વાત કરી દીધી. 'હવે સુભટ ઉપર ગુસ્સો કરવાનો કોઈ અર્થ ન હતો.' એટલે ગમ ખાઈ જઈ રાજાએ એને બધી વાત સમજાવી. બીજા જ દિવસે સુભટ સાથે રાજા આશ્રમમાં પહોંચ્યો. ગુરુજી પાસે સુભટ દ્વારા બધા ખુલાસા કરાવીને એમને તો વિશ્વાસમાં લીધા જ. એ પછી રાજા સુભટને લઈને તપસ્વી પાસે પહોંચ્યો.

"તપસ્વી ઋષિવર ! કોટિ કોટિ વંદન !"

રાજાના શબ્દો સાંભળી ધ્યાનસ્થ તપસ્વીએ આંખ ઉઘાડી, રાજાને જોતાની સાથે ક્રોધ ભભૂકી ઉઠ્યો "નીચ ! લુચ્ચા ! કપટી ! હવે નવું કયું કપટ કરવા આવ્યો છે તું ? અરે, હરામી ! શું બગાડ્યું છે મેં તારું ? મારા સાથે દુશ્મનાવટ હોય, તો ઉડાવી દે ને મારું માથું ! કોણ તને રોકે છે ? પણ આવા નાટકો કરીને અમને બધાને પરેશાન કરવાના ધંધા બંધ કર."

તપસ્વીનું મોઢું લાલચોળ થઈ ગયું.

રાજા ક્ષમા નામનું બખ્તર પહેરીને જ આવેલો, એણે બધી તૈયારી રાખેલી જ હતી.

"ઋષિવર ! હું ખરેખર કોઈ જ કપટ કરતો નથી. આપના માટે કોઈપણ ખરાબ શબ્દો બોલવાની વાત તો દૂર રહી, પણ હું વિચારી પણ શકતો નથી. આપને મારા સુભટના શબ્દોના કારણે મારા માટે આવા વિચારો આવ્યા છે. પણ એ સુભટ આ રહ્યો, આપ એને જ પૂછી લો કે સાચી હકીકત શું છે ?..."

સુભટે બધા જ ખુલાસા કર્યા કે "આ મારી જ ભૂલ છે, રાજા આવું કશું

જ બોલ્યા નથી...'' પણ હવે બાજી સુધરે એમ શક્ય ન હતું.

પાખંડી ! આ બધા તારા જ પોપટો ! તું જેમ બોલાવે, એમ બોલવાના. શું ભરોસો એમનો ! ત્રણ ત્રણ વાર પારણું ચૂકી જવાય, એમાં તારા દીલમાં મહાપાપ છે એ જ નક્કી થાય છે. હું કંઈ બોઘો નથી.

ચાલ્યો જા તું અહીંથી ! અને યાદ રાખજે. હું બદલો લઈશ. આજે નહિ, તો આવતા ભવે ! પણ તને છોડવાનો નથી.''

રાજા વીલે મોઢે પાછો ફર્યો, ગુરુને બધી વાત કરી... છેવટે બધાએ ભાગ્યભરોસે બધું જ છોડી દીધું.

એ રાજા જ કાળના પ્રવાહમાં વહેતો વહેતો એક દિવસ બન્યો મહારાજા શ્રેણિક !

એ તપસ્વી જ કાળના પ્રવાહમાં વહેતો વહેતો એક દિવસ બન્યો યુવરાજ કોણિક !

પૂર્વભવોના સંસ્કારો ઉદયમાં આવ્યા, અને પૂર્વભવની કશી જ ખબર ન હોવા છતાં પણ કોણિક પહેલેથી જ શ્રેણિક પ્રત્યે ધિક્કાર વરસાવતો રહ્યો, અંતે પોતાના પિતા, મગધપતિ, મહારાજા શ્રેણિકને ઘોર દુઃખ આપનારો, જેલમાં પૂરનારો, આત્મહત્યા કરાવનારો બન્યો.

આ છે એક અનોખો ઈતિહાસ !

(આ સમગ્ર પ્રસંગના આધારે આમ તો બધો જ હિતોપદેશ સમજાઈ જ જાય એવો છે. છતાં કંઈક કહેવાનું મન થાય છે. તમને સૌને અને મારી જાતને પણ !

૯૦ ઉપવાસના પારણે પણ જો ક્ષમા ગુમાવી, ત્રણ-ત્રણવાર ભૂલ કરનારા ઉપર પણ જો ક્ષમા ગુમાવી તો એ તપસ્વી વિરાધક બન્યા. તો નાની નાની વાતોમાં અનેકજીવો પર ક્ષમા ગુમાવી દેનારાની, અનેક જીવો માટે જાત જાતના પૂર્વગ્રહ બાંધી દેનારાની શી હાલત થાય ?

આવો, સંકલ્પ કરીએ કે ગમે તે થઈ જાય, તો ય મારે કોઈપણ જીવ પ્રત્યે અરુચિ-અમૈત્રી-તિરસ્કારભાવ રાખવો નથી જ.

આપણે ક્ષમા માંગીએ, પગે પડીએ, પણ સામેવાળો જીવ માફી ન આપે તો ? આપણી ક્ષમાપનાને ઢોંગ ગણે તો ? તો એ પણ આપણે સહન કરવાનું છે. એ વખતે એવું બિલકુલ વિચારવાનું નથી કે ''એ કેટલો ક્રોધી છે. આવેશવાળો છે. હું આટલી ક્ષમા માંગુ છું, તો ય એ ક્ષમા આપતો નથી.''

ક્યારેક ભવિતવ્યતા જ એવી હોય છે કે માણસ એક-બે નહિ, અનેક

ભૂલો કરી બેસે. છતાં એ નિર્દોષ પણ હોય. દા.ત. રાજા. એમ કોઈ વારંવાર આપણો અપરાધ કરી બેસે, છતાં એ ખરાબ જ હોય એવું એકાંતે શી રીતે માની શકાય ? કદાચ એ ખરાબ હોય તો પણ આપણને એની સાથે કષાય કરવાની સંમતિ તો નથી જ મળતી ને !

*''उवसमसारं खु सामण्णं''* *સાધુપણામાં ઉપશમભાવ પ્રધાન છે.*

જોઈ લો **કુરગડુ**નો ઉપશમભાવ !

જોઈ લો **ચંડરુદ્રાચાર્ય**નો ઉપશમભાવ !

જોઈ લો **મૃગાવતીજી**નો ઉપશમભાવ !

જોઈ લો **દમદન્ત રાજર્ષિ**નો ઉપશમભાવ !

જ્યાં ઉપશમભાવ નહિ, એ સાધુતા જીવ વિનાના શરીરની માફક મડદું જ માનવું.

કોઈપણ ગચ્છ સાથે - ગ્રુપ સાથે - વ્યક્તિ સાથે આપણા મનમાં ઉંડે ઉંડે ક્યાંય દ્વેષભાવ પડ્યો હોય, ઈર્ષ્યા - અરુચિ - આવેશની આગ સળગતી હોય, તો ક્ષમાના નીરથી ઓલવી નાંખજો એ આગને !)

★

# ઝંકારા

**હંસ** અને **પરમહંસ આચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજા**ના સગા ભાણેજ ! ભારે તેજસ્વી ! પ્રચંડ શક્તિના માલિક ! એક સાથે ૧૦૦૦ સૈનિકો સાથે લડી શકે એવું અપ્રતિમ કૌવત ! બંનેએ મામા મહારાજના શિષ્યત્વનો અંગીકાર કર્યો. આચાર્યશ્રી ખુદ ધુરંધર વિદ્વાન ! શાસ્ત્રાભ્યાસ ધમધોકાર ચાલવા માંડ્યો. થોડા જ વખતમાં બંને ભાઈઓ વિદ્વાન - તાર્કિક શિરોમણી બની ગયા.

એક દિવસ

બંનેને વિચાર આવ્યો કે "અમુક નગરનો રાજા સંપૂર્ણ બૌદ્ધધર્મનો અનુયાયી છે. એ નગરમાં જ બૌદ્ધલોકોની મોટી વિદ્યાપીઠ ચાલે છે. બૌદ્ધાચાર્ય ત્યાં બૌદ્ધયુવાનોને પોતાના ધર્મનો અભ્યાસ કરાવે છે. બાકીના દર્શનોનું ખંડન પણ શીખવાડે છે. જો આપણે બંને એમની પાસે જઈને અભ્યાસ કરીએ, તો તેઓ પોતાના ધર્મના મંડન માટે કેવા કેવા તર્કો કરે છે, એ જાણવા મળે અને તો પછી એને તોડનારી સચોટ યુક્તિઓ આપણે શોધી શકીએ."

અને મહત્ત્વાકાંક્ષી, શાસનરાગી બંને મુનિરાજોએ આચાર્ય હરિભદ્રસૂરિજી પાસે આ પ્રસ્તાવ મૂકી જ દીધો. આચાર્યશ્રી ચિંતામાં પડી ગયા. એમને કંઈક અમંગળના એંધાણ આવવા લાગ્યા. એમનું મન ના પાડતું હતું કે "આમાં કોઈ ફાયદો નથી..." પોતાના લાડીલા શિષ્યોને સમજાવવા માટે એમણે ઘણા પ્રયત્નો કર્યા.

એમણે કહ્યું કે "હું તમને ભણાવનાર બેઠો જ છું. પછી તમારે બીજે જવાની જરુર જ ક્યાં છે ? આખો બૌદ્ધમત તમને બરાબર ભણાવીશ."

**હંસ-પરમહંસ :** ગુરુવર ! આપને બૌદ્ધમતનું જ્ઞાન છે. એમાં તો કોઈ શંકા જ નથી. પણ ગમે તેમ તો ય આપ જૈનાચાર્ય છો ને ? એટલે બૌદ્ધમતની તરફેણમાં જે જે તર્કો-કુતર્કો એક બૌદ્ધાચાર્ય કરી શકે, એ તો આપ ન જ કરો ને ? બૌદ્ધાચાર્ય માટે તો સ્વમતની રક્ષા એ અગ્નિપરીક્ષા જેવો ગંભીર પ્રશ્ન છે. એટલે એ તો એને માટે તમામ પ્રકારના કુતર્કો ય શોધી કાઢશે. અમારે એ કુતર્કો જાણીને એનું પણ ખંડન કરવું છે. જેથી બૌદ્ધમત કદી આ ધરતી પર ટકી જ ન શકે. પણ એ માટે એ જ બૌદ્ધાચાર્ય પાસે અભ્યાસ કરવો આવશ્યક છે.

મુનિવરોની દલીલ મજબુત હતી, છતાં આચાર્યશ્રીનું મન માનતું ન

હતું. તેઓ ગમગીન બની ગયા.

"તમારી વાત સાચી ! છતાં..."

"શું આપને એવો ભય છે કે અમે બંને બૌદ્ધમતમાં ખેંચાઈ જશું ?"

"ના, ના ! એ ભય નથી."

"તો પછી રજા આપવામાં વાંધો શું છે ?"

આચાર્યશ્રી મુંઝાઈ ગયા. ના પાડવા માટેની કોઈ દલીલ મળતી નથી અને હા પાડવા માટે મન માનતું ન હતું.

"તમને ખબર છે ? કે બૌદ્ધાચાર્ય માત્ર બૌદ્ધભિક્ખુઓ-બૌદ્ધ ઉપાસકો વગેરેને જ ભણાવે છે. તમે તો જૈનસાધુ છો. તમને તો એ વિદ્યાપીઠમાં પ્રવેશ પણ નહિ કરવા દે. એ બૌદ્ધાચાર્ય અને એનો સેવક રાજા બે ય ભારે ઝનુની છે..." આચાર્યશ્રીએ અંતિમ ઉપાય અજમાવ્યો.

"એ અમને ખબર છે. એનો પણ અમે ઉપાય શોધી કાઢ્યો છે. વેષપરિવર્તનમાં અમે હોંશિયાર છીએ. જૈનસાધુનો વેષ ગુપ્ત રાખીને અમે બૌદ્ધ બનીને જ ભણવા જશું. થોડુંક જોખમ તો ખેડવું જ પડે, બસ ! આપ અમને રજા આપો."

આચાર્યશ્રીને લાગ્યું કે "હવે આ બંનેને અટકાવી શકાશે નહિ. જો એમ પણ જવાના જ હોય, તો 'ના' કહીને એમને દુઃખી નથી કરવા."

અને આચાર્યશ્રીએ બંનેને દુઃખી હૈયે રજા આપી.

ભવિતવ્યતાને કોણ અટકાવી શકે ?

બંનેએ વેષપલટો કરીને વિદ્યાપીઠમાં પ્રવેશ કરી લીધો. અભ્યાસ શરુ થઈ ગયો, ધારણા પ્રમાણે જ બૌદ્ધધર્મની ઝીણામાં ઝીણી બાબતોનો બોધ બંનેને પ્રાપ્ત થવા લાગ્યો. બંને ભાઈઓ જ્યારે પણ સમય મળે, ત્યારે એ દલીલોને તોડનારી જડબેસલાક યુક્તિઓ કાગળો પર લખતા જતા હતા. બંનેને એટલો બધો ઉત્સાહ હતો કે 'બસ, આ અભ્યાસ થયા બાદ બૌદ્ધોને હરાવી દેવા એ તો ડાબા હાથનો ખેલ જ બની રહેશે.' અને હકીકત પણ એવી જ હતી. એ બંનેએ તૈયાર કરેલી દલીલો એવી તો અકાટ્ય હતી કે બૌદ્ધાચાર્યનો પરાજય થયા વિના ન રહે.

પણ

ભવિતવ્યતા કોનું નામ !

**ગુરુની ઈચ્છા વિરુદ્ધ ભરેલું સારું દેખાતું પગલું પણ આખરે ભારે પડે જ.**

બન્યું એવું કે

એક દિવસ બંને ભાઈઓ કોઈક કામકાજ માટે આડા-અવળા ગયેલા હતા અને એ જ વખતે પવન જોરથી ફૂંકાવાના કારણે એમણે લખી રાખેલા કાગળો ઉડી-ઉડીને આમતેમ ફંગોળાયા. એમાંના કેટલાક કાગળો બૌદ્ધાચાર્યના આસન પાસે જ આવી પડ્યા. બૌદ્ધાચાર્યે સહજ રીતે જ એ કાગળો હાથમાં લીધા. એના પર કંઈક લખેલું નજરે પડતા એ વાંચવાની શરુઆત કરી અને એ ધ્રુજી ઉઠ્યા. પોતાનો આખો ય મત પત્તાના મહેલની માફક કકડભૂસ કરતો તૂટી જતો દેખાયો. એ ચમકી ઉઠ્યા. ખ્યાલ આવી ગયો કે "નક્કી કોઈક શત્રુઓ આ વિદ્યાપીઠમાં ઘૂસી ગયા છે, જે બૌદ્ધમતના ભુક્કેભુક્કા બોલાવી નાંખવા સમર્થ છે"

પણ એ કોણ ? એ બૌદ્ધાચાર્યને ખબર ન પડી. કાગળો પકડાયા, પણ કાગળો લખનાર કોણ ? એનો અંદાજ ન આવ્યો. આટલા બધા વિદ્યાર્થીઓમાં અમુક અક્ષરો અમુકના જ છે... એવી બધી નોંધ એમણે રાખી ન હતી. એની જરુર પણ અત્યાર સુધી તો પડી જ ન હતી. પણ હવે ? એમને પકડવા કઈ રીતે ?

હા ! એક ઉપાય છે. આ લખાણમાં જૈનદર્શનની તરફેણમાં દલીલો લખવામાં આવી છે. એનો અર્થ એ કે શત્રુઓ જૈન છે. બસ, બસ. હવે એમને શોધી શકાશે."

અને બીજા જ દિવસે એક દરવાજા પાસે જૈનોના ભગવાનનું ચિત્ર દોરાવી દીધું. તમામ વિદ્યાર્થીઓને આદેશ કરવામાં આવ્યો કે "તમારે સૌએ આ ચિત્ર ઉપર પગ મૂકીને બહાર નીકળવાનું છે."

હંસ-પરમહંસ ચિત્ર જોતાની સાથે જ સમજી ગયા કે નક્કી હવે આપણો ભંડો ફૂટી જવાનો. આચાર્યને ખબર પડી ગઈ લાગે છે, શું કરવું ? પ્રભુના ચિત્ર ઉપર પગ મૂકી દેવા ? ના, ના ! તારણહાર અનંતોપકારી સર્વજ્ઞ મહારાજા પ્રભુની આ આશાતના તો કોઈપણ ભોગે નહિ જ કરીએ. પણ તો શું વિરોધ કરવો ? તો તો નક્કી પકડાઈ જ જવાના. અને તો પછી આ ઝનુની આચાર્ય આપણને જીવતા ન જ રહેવા દે. અરે ! મરવાનો ય વાંધો નથી. પણ આપણું કામ તો અધૂરું જ રહી જાય.

હે ભગવાન ! ઉપકારી ગુરુદેવની ઈચ્છાને ઉત્થાપી, એનું પ્રત્યક્ષ ફળ આજે નિહાળવા મળે છે. હવે તો એની ક્ષમાપના માંગવા માટે પણ જીવવું અને ગુરુ પાસે ગમે તે રીતે પહોંચવું અત્યંત આવશ્યક છે. પણ આ ચક્કરમાંથી

છટકવું શી રીતે ?"

અચાનક જ એમને એક ઉપાય સૂઝી ગયો. એમણે હાથમાં એક ચોક લઈ લીધો, અને જ્યારે ચિત્ર ઉપર ચાલવાનું આવ્યું, ત્યારે ખૂબ જ હોંશિયારીપૂર્વક, ઉતાવળપૂર્વક એ ચિત્રના ખભાથી પીઠ સુધીના ભાગ ઉપર આડો લીટો કરી દીધો અને ચીલઝડપે એ ચિત્ર ઉપર પગ મૂકી પસાર થઈ ગયા. આજુબાજુ ગુપ્તચર તરીકે ગોઠવાયેલા બૌદ્ધભિક્ખુઓ શરુઆતમાં કંઈ સમજી ન શક્યા, પણ જેવી પેલા ચિત્ર પર નજર પડી કે ચોંકી ઉઠ્યા. એમને ખ્યાલ આવી ગયો આ બે યુવાનો જ આપણામાં ઘૂસી ગયેલા જૈનધર્મી યુવાનો લાગે છે. કારણ કે જે રીતે આડી લીટી કરેલી, એના લીધે એ લીટી જનોઈ જેવી લાગતી હતી. એટલે હવે એ ચિત્ર જૈનોના ભગવાનનું ચિત્ર રહેતું જ ન હતું. એ કોઈક જનોઈધારક બ્રાહ્મણાદિના ચિત્ર તરીકે જ દેખાતું હતું.

ભિક્ખુઓએ બૌદ્ધાચાર્યને બધી વાત કરી. આચાર્યે કહ્યું કે "આપણે એ બેને જીવતા ન રખાય. એ જો જીવે, અહીંથી બચી જાય તો આપણા ધર્મનું નિકંદન કાઢી નાંખે એવી બુદ્ધિપ્રતિભા એમની પાસે છે. પણ હજી એક પરીક્ષા કરી લેવી છે. મારે કાચું કાપવું નથી. ભૂલથી કોઈ નિર્દોષ મરી ન જાય એ ય જોવું છે."

અને એ જ રાતે બધા જ વિદ્યાર્થીઓ ઉંઘતા હતા, ત્યારે ત્યાં જ જોરથી એક ઘડા જેવી વસ્તુ ફોડવામાં આવી. એના મોટા અવાજથી બધા જ જાગ્યા, ગભરાટના કારણે અને સીધા ઉંઘમાંથી ઉઠ્યા હોવાના કારણે બધાના મોઢામાંથી પોતપોતાના ઈષ્ટદેવનું નામ બોલાઈ ગયું. એમાં હંસ-પરમહંસ પણ અરિહંત શબ્દ બોલી બેઠા. બીજી જ પળે એ બંનેને પણ ખ્યાલ આવી ગયો કે "અમને પકડવા માટે આ બીજો નુસખો અજમાવવામાં આવ્યો છે, અને અમે અરિહંત બોલીને આબાદ ફસાઈ ગયા છીએ. હવે એક પળ પણ અહીં ઉભા રહેવામાં મોત જ છે."

અને બંને જણે બારીમાંથી નીચે કુદકો મારીને ભાગવા માંડ્યું. બૌદ્ધાચાર્યે ઝડપથી આદેશો છોડ્યા "એ બંનેને કોઈપણ ભોગે પકડી લો, મારી નાંખો. એમનું જીવન એ આપણું મોત છે."

આગળ બંને ભાઈઓ અને પાછળ બૌદ્ધ ભિક્ખુઓ + બૌદ્ધરાજાના હજારો સૈનિકો ! બંને વચ્ચેનું અંતર ઘટતું જતું હતું, બંનેને લાગ્યું કે હવે બચવું શક્ય નથી. હવે તો યુદ્ધ કર્યે જ છુટકો છે." અને દોડવાનું બંધ કરીને બંનેએ યુદ્ધ શરુ કર્યું. બંને સહસ્રયોધી (૧ હજાર સાથે સહેલાઈથી લડીને જીતી

શકે એવા) હતા, એટલે બૌદ્ધોએ શરુઆતમાં તો પીછેહઠ કરવી પડી. પણ હંસ સમજી ગયો કે આમાંથી સંપૂર્ણ છુટકારો શક્ય નથી જ.

"પરમહંસ ! તું મારી એક વાત માન ! હું આ બધાને અહીં યુદ્ધમાં રોકી રાખું છું. તું ભાગી જા."

"ના ભાઈ ! તમને એકલા આ રીતે હજારોની વચ્ચે લડતા મૂકીને..."

"તું જીદ ન કર. જો તું નહિ ભાગે, તો આપણે બંને મરશું. તો આપણા ગુરુદેવને આ બધા સમાચાર કોણ આપશે ? એમના ચરણોમાં પડીને માફી કોણ માંગશે ? માટે તું જા, અને હા ! મારા વતી ગુરુદેવને કહેજે કે 'આપની આજ્ઞા ન માની, દ્રોહ કર્યો એનું ઘોર ફળ મને મળ્યું છે. મારા અપરાધની ક્ષમા માંગું છું. ઉદાર હૈયે માફી આપશો જ."

અને બિલકુલ ઈચ્છા ન હોવા છતાં ય પરમહંસ ભાગ્યો. હંસે થોડોક સમય તો બૌદ્ધોને રોક્યા, પણ આખરે એ એકલો ! ભાગી ભાગીને થાકેલો ! એવા કોઈ શસ્ત્રો પણ નહિ. થોડીવાર બાદ ત્યાં જ એનો દેહ ઢળી પડ્યો.

બૌદ્ધો ઝપાટાબંધ આગળ ચાલ્યા, તેઓ તો એકેયને જીવતો રહેવા દેવા માંગતા ન હતા.

આ બાજુ પરમહંસ ભાગતો ભાગતો એક નગરમાં પહોંચ્યો. સીધો પહોંચ્યો રાજદરબારમાં ! "રાજન ! તમારા શરણે આવ્યો છું. બૌદ્ધો મને મારી નાંખવા માટે મારી પાછળ પડ્યા છે."

"ચિંતા ન કર, યુવાન ! શરણે આવેલાનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે, મારી ફરજ છે." રાજાએ આશ્વાસન આપ્યું અને આશરો આપ્યો.

જોતજોતામાં બૌદ્ધ સૈનિકો પણ ત્યાં આવી પહોંચ્યા.

**સૈનિકો :** રાજન ! એ યુવાન અમારો ગુન્હેગાર છે, અમને સોંપી દો.

**રાજા :** એ નહિ બને. એ મારા શરણે આવેલો છે અને શરણે આવેલાનું રક્ષણ કરવું એ મારી ફરજ છે.

**સૈનિકો :** પણ એ અમારા માટે ભયંકર માણસ છે. એને મારવો અનિવાર્ય છે.

**રાજા :** પણ એનો દોષ શું છે ?

**સૈનિકો :** એણે ગુપ્તરીતે અમારા નગરમાં પ્રવેશીને આચાર્ય પાસે બૌદ્ધધર્મનો અભ્યાસ કર્યો છે.

**રાજા :** એ તો સારું જ છે ને ? એણે અભ્યાસ જ કર્યો છે ને ? કંઈ પાપ તો નથી કર્યુ ને ?

**સૈનિકો :** એ અમારા ધર્મનું ખંડન કરે છે.

**રાજા :** જુઓ, તમારો ધર્મ ખરેખર ખોટો હશે, તો જ એ એનું ખંડન કરી શકશે. સાચો હશે, તો એનું ખંડન જ ખંડિત થઈ જવાનું. તમે એક કામ કરો, બૌદ્ધાચાર્યને જણાવો કે એ મારી સભામાં આ યુવાન સાથે વાદ કરે, જો આચાર્ય જીતે તો હું યુવાન એમને સોંપી દઈશ. જો આચાર્ય હારે તો નહિ સોંપુ. આ જ સાચો ન્યાય છે.

રાજાએ વચલો માર્ગ કાઢ્યો. બૌદ્ધસૈનિકો વીલે મોઢે પાછા ફર્યા. આચાર્યને હંસ મરી ગયાની અને પરમહંસ રાજાને શરણે હોવાની વાત જણાવી.

બૌદ્ધાચાર્ય મુંઝાયા. બંનેએ જે રીતની દલીલો કાગળ ઉપર લખેલી, એ જોતા તો આચાર્યને સ્પષ્ટ લાગ્યું કે 'એ પરમહંસને જીતવો શક્ય નથી.' અને જો એ જીવતો રહી જાય તો મહા મુશ્કેલી ! બૌદ્ધરાજા પેલા રાજા સાથે યુદ્ધ કરે એ હજી શક્ય ખરું. પણ એમાં ય કોણ હારે ને કોણ જીતે ? એ નક્કી ક્યાં છે ?

છેવટે બૌદ્ધાચાર્યે ધ્યાન-જપ-સાધના કરીને બૌદ્ધધર્મની અધિષ્ઠાત્રી દેવીને પ્રગટ કરી, એની સહાય માંગી. "દેવી ! તું જ આનો ઉપાય બતાવ."

દેવીએ કહ્યું  જો તમે વાદ કરશો તો હારશો. હું વાદ કરું તો હું લગભગ તો એને જીતી જ લઈશ. પણ એક દેવી સાથે એક મનુષ્યનો વાદ એ ન્યાયપાત્ર નહિ જ બને. એ રાજા કે એ યુવાન આ વાદ ન જ સ્વીકારે. લોકો પણ ન સ્વીકારે.

તમે એક કામ કરો. તમારે એ રાજાને એવું કહેવું કે "પરમહંસે અમારો ઘોર અપરાધ કર્યો છે, એટલે એ પાપિષ્ઠનું મોઢું પણ અમારે જોવું નથી. એટલે વાદ દરમ્યાન અમારે વારંવાર એનું મોઢું જોવું પડે એ અમને મંજુર નથી. એટલે અમે પડદા પાછળ બેસીને જ વાદ કરશું."

આ રીતે રાજા તૈયાર થશે, અને પછી તમારે પડદા પાછળ બેસીને વાદ કરવો, એ વખતે હું પણ તમારી સાથે હાજર રહીશ. પડદો હોવાથી મારી હાજરીની કોઈને ગંધ પણ નહિ આવે, હું તમને યોગ્ય જવાબો દર્શાવતી રહીશ."

આચાર્યને આ ઉપાય ગમી ગયો અને એમ જ થયું.

વાદ શરુ થયો, પણ શું પરમહંસની વાદશક્તિ ! સામે દેવી હોવા છતાં પણ એણે જબરદસ્ત ટક્કર ઝીલી, દિવસો સુધી વાદ ચાલ્યો, ન કોઈની હાર ! ન કોઈની જીત !

પરમહંસને શંકા પડી "મારી સામે, મારી સચોટ દલીલોની સામે ટકી શકવાની તાકાત બૌદ્ધાચાર્યમાં તો ન જ હતી. છતાં આજે એ હારતો નથી, એટલે નક્કી કોઈક સહાય હોવી જોઈએ."

પરમહંસે શાસનદેવીનું પ્રણિધાન કર્યું. દેવીએ હાજર થઈને બધી સાચી હકીકત જણાવીને કહ્યું કે "તું ચાલુ વાદસભામાં પડદો ખેંચી નાંખજે, એટલે બધો ભંડો ફૂટી જશે."

બીજા દિવસે વાદ શરુ થયો, અચાનક અધવચ્ચે જ પરમહંસે ઉભા થઈને પેલો પડદો ખેંચી નાંખ્યો. બૌદ્ધાચાર્યની સાથે બૌદ્ધદેવીને આખી સભાએ નિહાળી. "આ કપટ ! આ લુચ્ચાઈ ! રાજન ! આ મોટો અન્યાય છે, એક માનવની સામે દેવીને વાદમાં ઉતારવી એ કોઈપણ હિસાબે યોગ્ય નથી જ. આ તો મારું સત્ત્વ કે આટલા દિવસ દેવીની સામે પણ હું હાર્યો નહિ."

રાજાએ પણ પરમહંસની વાતને સમર્થન આપ્યું. બૌદ્ધાચાર્યને લાગ્યું કે "હવે આ વાદસભાથી કશું ફળ મળશે નહિ." એટલે એમણે આડકતરી રીતે પરમહંસને મારી નાંખવાનો નિર્ણય કરી લીધો.

આ બાજુ રાજાએ પણ પરમહંસને શિખામણ આપી કે "આ લોકો ભારે ચાલબાજ છે. હું તને શરણું તો આપીશ જ, પણ તો ય ગમે તે રીતે તને મારી નાંખવા તેઓ આકાશ-પાતાળ એક કરશે જ. વળી તારે તારા ગુરુ પાસે પહોંચવું પણ અનિવાર્ય છે. તો તું અહીંથી ગુપ્ત રીતે ભાગી જ જા."

અને પરમહંસે ત્યાંથી પણ ભાગવું પડ્યું. બૌદ્ધોને આ વાતનો ય અંદાજ હતો જ, એટલે જ તેઓ ચાંપતી નજર રાખીને જ બેઠેલા. તેઓની નજર માંડ માંડ ચુકવીને પરમહંસ ભાગ્યો અને પહોંચ્યો તે ગામમાં, જ્યાં ગુરુદેવ બિરાજમાન હતા.

હૈયામાં ઘોર પશ્ચાત્તાપ ! દિવસોનો સખત થાક ! મોટા ભાઈની કતલ થઈ હોવાથી કારમી વેદના ! આ બધું જ લઈને પરમહંસે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો, આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી હજી કંઈ સમજે-વિચારે એ પહેલા તો એમના ખોળામાં માથું મૂકીને ચોધાર આંસુએ રડવા લાગ્યો. હીબકાઓ ભરી ભરીને રડવા માંડ્યું.

આચાર્યદેવ હેબતાઈ ગયા. એમને તો કશી ખબર જ ન હતી. 'શું બન્યું હશે ?' એના વિચારમાં પડી ગયા, તરત ઢગલાબંધ પ્રશ્નો મનમાં

ઉભરાઈ આવ્યા, પણ પરમહંસના દર્દનાક રૂદનને જોયા બાદ

અત્યારે તો પ્રશ્નો પુછી જિજ્ઞાસા સંતોષવાની ઉતાવળ કરવાને બદલે એને આશ્વાસન આપવું એ જ જરુરી લાગ્યું.

આચાર્યદેવે હેતાળ હાથે પરમહંસની પીઠ થાબડી માથે હાથ ફેરવ્યો. "શું થયું પરમહંસ ? હું બેઠો છું પછી તારે આટલું બધું રડવાનું શા માટે ? અને હંસ ક્યાં છે ?"

"હંસ કપાઈ મર્યો ગુરુદેવ !" પરમહંસે એક જ વાક્યમાં મોટો ધડાકો કરી નાંખ્યો. આચાર્યદેવના સાડાત્રણ કરોડ રૂંવાડે ધ્રુજારી ફરી વળી.

"તું શું બોલે છે, પરમહંસ ! હંસ કપાઈ મર્યો ? કોણે માર્યો એને ?" આચાર્યદેવના શબ્દોમાં આવેશની માત્રા ભળવા લાગી.

"બૌદ્ધોએ ! અમે ત્યાં પકડાઈ ગયા ગુરુદેવ ! આપની ઈચ્છા વિના જીદ કરીને ગયા હતાને ? એનું આ પ્રત્યક્ષ ફળ અમને મળ્યું. હું અહીં સુધી પહોંચ્યો છું, એ પણ માત્ર આપની ક્ષમા માંગવા ! આપની આજ્ઞા ઉત્થાપી, એ અપરાધની માફી માંગવા ! હંસે પણ મૃત્યુ પહેલા જ આપને ક્ષમાપના કહેવડાવી છે. માફી આપવા માટે વિનંતિ કરી છે."

આચાર્યદેવના રૂંવાડે રૂંવાડે ભયાનક ક્રોધ વ્યાપી ગયો. એમણે પરમહંસને તમામ બાબતો વિસ્તારથી જણાવવા કહ્યું, પરમહંસે પણ બધી જ વાત કરી, એ પછી થોડાક સમયમાં પરમહંસ પણ મૃત્યુ પામ્યો.

આચાર્યદેવના હૈયામાં વૈરની આગ સળગી ઉઠી. "મારા ભાણિયાઓને, મારા શિષ્યોને મારી નાંખનારા એ બૌદ્ધોને હું હણી ન નાંખુ, તો હું હરિભદ્રસૂરિ નહિ."

પહોંચી ગયા એ પેલા રાજાના રાજ-દરબારમાં ! વિનંતિ કરી કે 'તમે પેલા બૌદ્ધાચાર્ય સાથે મારો વાદ ગોઠવી આપો. વાદની શરત એ કે જે હારે, તેણે ભડભડ બળતા તેલમાં ભુસકો મારીને સળગી મરવાનું.'

આ અતિભયંકર શરત સાંભળીને પળભર તો રાજા પણ ધ્રુજી ગયો. બૌદ્ધાચાર્ય આને માટે તૈયાર થશે કે કેમ ? એવી શંકા પણ થઈ આવી. પણ છેવટે કેટલીક હોંશીયારી વાપરી અને બૌદ્ધાચાર્યને આ વાદ માટે તૈયાર કરી દીધા. વાદમાં આચાર્યદેવે એક પછી એક એમ કુલ ૧૪૪૪ બૌદ્ધ ભિક્ખુઓને ધડાધડ હરાવી દીધા. બધા ગભરાયા અને જીવ બચાવવા માટે ભાગ્યા, પણ આચાર્યદેવને તો વૈરનો બદલો લેવો હતો. એ ભિક્ખુઓને જીવતા જવા જ કેમ દે ? આચાર્યદેવે **સ્તંભની** નામની વિદ્યાથી બધાને ભાગતા અટકાવી

દીધા, **આકર્ષણી** વિદ્યાથી વારાફરતી તમામને આકાશમાંથી અદ્ધર ખેંચી ખેંચીને ભડભડ બળતા તેલમાં નાંખી દીધા. ૧૪૪૪ બૌદ્ધ ભિક્ખુઓની હત્યા કરવાનું એક મહાપાપ વૈરની આગથી પ્રેરાઈને આચાર્યદેવ કરી બેઠા. (મતાંતર એવો પણ છે કે ૧૪૪૪ને તેલમાં નાંખે, એ પૂર્વે જ ગુરુ તરફથી આવેલો સંદેશ વાંચીને એમનો પ્રકોપ શાંત થયો...) અલબત્ત કાયદેસર રીતે એ હત્યા ન કહેવાય, કેમકે એ તો વાદની શરત જ હતી અને એ પ્રમાણે જ આચાર્યે કર્યું. પણ આધ્યાત્મિક દૃષ્ટિએ તો એમાં નકરી વૈરભાવના જ પ્રજ્વલિત હતી, એટલે એને હત્યા કહીએ તો કશું જ ખોટું નથી.

આ બાજુ આ બધા સમાચાર એમના ગુરુવરને મળ્યા. પોતાના વિદ્વાન શિષ્યને વૈરભાવનાથી પાછો વાળવા માટે ગુરુએ **ગુણસેન-અગ્નિશર્મા**ના નવ ભવોના નામ વર્ણવતી બે-ત્રણ ગાથાઓ લખી મોકલાવી, જેનો ગર્ભિત સંદેશો એ હતો કે "હરિભદ્રવિજય ! વૈરની ભાવના કેવા નુકસાનો ઉભા કરે છે, એ આ બેના નવભવોથી સ્પષ્ટ રીતે સમજાય છે. ભાણિયાઓના-શિષ્યોના રાગમાંથી ઉત્પન્ન થયેલી આ વૈરભાવના તારા આત્માનું નિકંદન કાઢી નાંખશે, માટે સાવધ બન, શાંત બન."

**"તેજીને ટકોરો"** એ ન્યાયે અને આમ પણ ૧૪૪૪ની હત્યા કરી લીધી હોવાને લીધે વૈરભાવના ઠંડી પડી હોવાથી પણ હવે એમનો આત્મા જાગી ગયો, ઘોર પશ્ચાત્તાપ થયો, "હું કેવો ભયાનક પાપી ! ૧૪૪૪નો હત્યારો ! શિષ્યોના ગાઢ રાગવાળો ! હે ભગવાન !"

તરત પહોંચ્યા ગુરુવર પાસે ! આંસુઓથી ગુરુવરના પદકમલ ભીંજવી દીધા. પ્રાયશ્ચિત્તની યાચના કરી. ગીતાર્થ ગુરુવરે પ્રાયશ્ચિત્ત આપ્યું "તારા જેવા માટે આનું પ્રાયશ્ચિત્ત તપ વગેરે નથી, પણ તારે નૂતન ૧૪૪૪ ગ્રન્થોની રચના કરવી એ જ આનું પ્રાયશ્ચિત્ત !"

આચાર્ય હરિભદ્રસૂરિજીએ પ્રાયશ્ચિત્ત વાળી આપવા માટે ગ્રન્થ રચના શરુ તો કરી, પણ બે ભાણેજ શિષ્યોનો સ્નેહરાગ સાડાત્રણ કરોડ રૂંવાડે એટલો બધો વ્યાપી ગયેલો હતો કે વારંવાર તેઓ એ બેના જ વિચારમાં ચડી જતા. એમનો વિરહ એમને બેચેન બનાવી દેતો. ક્યાંય ચેન ન પડતું. પરિણામે શાસ્ત્રરચનાનું કામ આગળ વધતું જ ન હતું. આવી પરિસ્થિતિમાં એક દિવસ શાસનદેવીએ પ્રગટ થઈને આચાર્યશ્રીને ઠપકો આપ્યો.

**શાસનદેવી :** આચાર્યવર ! એક મહાપાપનું પ્રાયશ્ચિત્ત વાળી આપવાની જવાબદારી તમારા શિરે છે. આયુષ્યનો કંઈ લાંબો ભરોસો નથી.

તો એ કામમાં વિલંબ શા માટે ? આળસ-અનુત્સાહ શીદ ને ?

**આચાર્યદેવ :** દેવી ! આળસ નથી, પણ બે શિષ્યોનો વિરહ સહન નથી થતો. મન સતત રીબાયા જ કરે છે. કલમ ઉપડવાનું નામ નથી લેતી.

**શાસનદેવી :** આચાર્યદેવ ! આપ જેવા પૂજ્યપુરુષોને આટલો બધો શિષ્યરાગ શોભતો નથી. શિષ્યવિરહને આટલો બધો યાદ કરવાને બદલે **ભવવિરહ**ને વારંવાર યાદ કરો. સંસારનાશની ભાવના જ્વલંત બનાવો, તો એની મેળે કલમ ચાલવા માંડશે. બાકી જો પ્રાયશ્ચિત્ત નહિ વાળો, તો **ભવવિરહ** શક્ય નહિ બને.

અને શાસનદેવીની સૂચના કામ કરી ગઈ. આચાર્યદેવનો ખેદ દૂર થયો, પ્રાયશ્ચિત્ત પૂર્ણ કરવાનો મક્કમ નિર્ધાર કરીને આચાર્યદેવે કલમ ઉપાડી, પોતાના હૈયામાં પડેલું અગાધ શ્રુતજ્ઞાન કાગળો પર ઉતારવા માંડ્યું. ક્યાંક તદ્દન નવા ગ્રન્થોની રચના કરી, તો ક્યાંક આગમગ્રન્થાદિ ઉપર સુંદર મઝાની, ટુંકી-વિસ્તૃત બંને પ્રકારની, અર્થગંભીર ટીકાઓ લખી.

એક બાજુ ગ્રન્થોની રચના થતી ચાલી, બીજી બાજુ આયુષ્ય પણ ઘટતું ચાલ્યું. આચાર્યદેવને પોતાના જ્ઞાન પ્રમાણે એક અંદાજ આવી ગયો કે "અત્યારે હું જે ઝડપે ગ્રન્થોની રચના કરું છું, એ ઝડપે મારું આયુષ્ય જોતા હું ૧૪૪૪ ગ્રન્થોની રચના પૂર્ણ નહિ કરી શકું."

હા ! ગ્રન્થો માત્ર પૂરા જ કરવા હોત, તો તો નાના નાના અને ગમે તેવા પદાર્થોથી ભરેલા ગ્રન્થો બનાવીને સંખ્યા પૂરી કરી દેવાત. પણ આચાર્ય હરિભદ્રસૂરિજી જેવા ધીર-ગંભીર મહાત્મા આવી ઉતાવળ કરે જ શેના ? કામ પતાવી દેવાની વૃત્તિ આવા મહાપુરુષોને ન હોય. તેઓ તો કામ ચીવટથી કરવાની જ ભાવનાવાળા હોય. એટલે જ ૧૪૪૪ ગ્રન્થો પૂરા થઈ નહિ શકે, એવી ચિંતા એમના મનમાં પ્રગટ થઈ.

એક બાજુ કામ ચાલુ, બીજી બાજુ એ ચિંતા ઘુંટાતી ગઈ. મનની ચિંતા મુખ ઉપર ઉપસવા લાગી. મોઢા ઉપર ઉદાસીનતા છવાઈ જવા લાગી. શિષ્યો કે અન્ય શ્રાવકો તો આ વસ્તુ સમજી ન શક્યા પણ **લલિંગ** નામનો ચતુર શ્રાવક આ ફેરફારને કળી ગયો. રોજ વંદનાદિ માટે ઉપાશ્રયમાં આવતો એ શ્રાવક આચાર્યદેવની નિરાશાને કળી ગયો.

અને એક દિવસ

**લલિંગ :** સાહેબજી ! આપને કશીક ચિંતા છે ? આપને કંઈક વેદના છે ?

**આચાર્યદેવ :** ના રે ! કેમ એવું પુછવું પડ્યું ?

**લલિંગ :** સાહેબજી ! આપ ભલે ના પાડો, પણ છેલ્લા કેટલાક દિવસથી આપના મુખ ઉપર સાહજિક પ્રસન્નતા દેખાતી નથી. ભલે, બહારથી આપ ગમે તેવો સારો દેખાવ કરો, પણ અંદર ચિંતાનો કીડો સળવળતો હોય, એવું મારા અનુભવથી મને લાગે છે.

**આચાર્યદેવ :** તારી સૂક્ષ્મદૃષ્ટિ માટે ધન્યવાદ ! તારી વાત સાચી છે. વેદના તો છે જ મને ! પણ એ તને કહેવાનો કોઈ અર્થ નથી, એટલે...

**લલિંગ :** પણ શું છે, એ તો કહો. સાહેબજી ! જો મારી પાત્રતા હોય, તો આપના દુઃખમાં મને સહભાગી બનાવો. આપ મારા ઉપકારી છો, શાસનના ધુરંધર છો, આપનું દુઃખ દૂર કરવા હું મારા તમામ પ્રયત્નો કરીશ.

**આચાર્યદેવ :** તારી ગુરુભક્તિ માટે મને શંકા નથી. અને તને વાત કહેવામાં કોઈ વાંધો પણ નથી. પણ તું કશું કરી નહિ શકે. વાત માત્ર એટલી જ કે મારે ૧૪૪૪ ગ્રન્થોની રચના પ્રાયશ્ચિત્ત રૂપે કરવાની છે. ઉંમર ઘણી થઈ ગઈ છે, આયુષ્ય હવે જેટલું બાકી છે, એ મુજબ લાગે છે કે મારું કામ પૂરું નહિ થાય. એક ઘોરાતિઘોર પાપનું પ્રાયશ્ચિત્ત અધૂરું રહી જશે...

બોલતા બોલતા આચાર્યદેવની આંખો ભીની બની ગઈ. લલિંગ બધી વાત સમજી ગયો. આચાર્યદેવ આગળ બોલ્યા. "હું દિવસે જ લખાણ કરી શકું. રાત્રે તો પ્રકાશ ન હોવાથી લખાય નહિ. હા ! દીવો-ફાનસ કરીને એના પ્રકાશમાં લખી શકાય. પણ એમાં તેજસકાયની કેટલી બધી વિરાધના ! ચોક્કસ, અપવાદમાર્ગ હોઈ શકે. પણ આ કામ માટે તેજસકાયની આટલી બધી વિરાધના... એ મને અપવાદરૂપે અત્યારે તો ઉચિત નથી લાગતી. વળી અનવસ્થા વગેરેનો પણ મારે વિચાર કરવો જરૂરી છે.

હવે બોલ, આમાં તું શું કરી શકે ? તું તો કંઈ ગ્રન્થરચના કરી શકવાનો નથી.

**લલિંગ :** સાહેબજી ! દીવાના પ્રકાશમાં ભલે ન લખાય, પણ રત્નોના પ્રકાશમાં તો લખી શકાય ને ? રત્નો તો અચિત્ત હોય છે, એટલે એનો પ્રકાશ પણ અચિત્ત જ હોવાનો ને ?

આચાર્યદેવ આ સાંભળીને ચમક્યા, આ વિચાર તો એમને આવેલો જ નહિ.

**આચાર્યદેવ :** આવા રત્નો હોય, તો તો મારું કામ થઈ જાય. રાત્રે પણ ઘણો બધો સમય લખી શકાય. પણ આવા રત્નો તો ઘણા દુર્લભ હોય, ખૂબ મોંઘા હોય, એ કેવી રીતે મળી શકે ?

**લલિંગ :** આચાર્યદેવ ! આપ જેવા ગુરુભગવંતોની કૃપાથી એવા રત્નો પણ મળી રહેશે. મને આપની, શાસનસેવા કરવાની અમૂલ્ય તક મળશે, મારો તો આજે આનંદ સીમાતીત બન્યો છે. સંપત્તિ તો આમ પણ વિનાશી છે, એનો ઉપયોગ જો આવા શ્રેષ્ઠ કાર્યોમાં થાય, તો હું તો સંસારસાગર સહેલાઈથી તરી જાઉં.

બસ, આપ હવે ચિંતામુક્ત બની જાઓ. આજે જ એ રત્નો હાજર કરી દઉં છું. આપની સર્જનયાત્રાની ગતિ વધારી દઈ પ્રાયશ્ચિત્ત પૂર્ણ કરશો, તો એનો બધો જ લાભ મને મળશે.

અને એક સહૃદયી, ચતુર, ઉદાર શ્રાવકે જિનશાસનની સેવામાં ઘણો અગત્યનો ફાળો નોંધાવી દીધો. એ જ રાત્રે રત્નો ગોઠવાઈ ગયા. આચાર્યદેવનું શ્રુતસર્જન તીવ્રગતિએ આગળ ધસતું ગયું. ગ્રન્થો પર ગ્રન્થો રચાતા ગયા, કુલ ૧૪૪૩ ગ્રન્થોનું નિર્માણ થઈ ગયું.

છેલ્લો ગ્રન્થ અને આયુષ્યની છેલ્લી ઘડીઓ !

એ ૧૪૪૪માં ગ્રન્થની રચના શરુ થઈ.

આચાર્યદેવનું સ્વાસ્થ્ય લથડી રહ્યું હતું. સંઘને અંદાજ આવી જ ગયો કે "હવે આ જિનશાસનના મહાન જ્યોતિર્ધર ઓલવાઈ જવાની તૈયારીમાં છે." સ્થાનિક સંઘના શ્રાવક-શ્રાવિકાઓ, સાધુ-સાધ્વીઓ ભેગા થઈ ગયા હતા. પણ આચાર્યદેવ તો પોતાના ઉદ્દેશને પૂર્ણ કરવા માટે ૧૪૪૪માં ગ્રન્થની રચનામાં તરબોળ બની ગયા હતા. સખત માંદગી વચ્ચે પણ પોતાનું પ્રાયશ્ચિત્ત સંપૂર્ણ કરવાનો અદ્ભુત શુભ ભાવ એમના સાડા ત્રણ કરોડ રૂંવાડે દીપી રહ્યો હતો.

***"संसारदावानल...."*** છેલ્લા ગ્રન્થની પહેલી ગાથા બનાવી દીધી.

***"भावावनाम......"*** બીજી ગાથા પણ બનાવી દીધી.

***"बोधागाधं......"*** ત્રીજી ગાથા પણ બનાવી દીધી.

છેલ્લો ગ્રન્થ માત્ર ચાર ગાથાનો નાનકડો ગ્રન્થ બનાવવાનો હતો. હવે માત્ર એક જ ગાથા બાકી રહી.

છેલ્લી ગાથા કાગળ ઉપર ઉતરવા લાગી. ***"आमूलालोलधूलि-बहुलपरिमलालीढलोलालिमाला..."*** આટલા શબ્દો આચાર્યદેવે કાગળ ઉપર ઉતાર્યા, અને કલમ અટકી પડી, હાથમાંથી પડી ગઈ, આચાર્યદેવનું પ્રાણપંખેરુ ઉડી ગયું. એમનું મસ્તક એક બાજુ ઢળી પડ્યું. આખો સંઘ અનિમેષ નેત્રે આચાર્યદેવના પવિત્ર મૃતદેહને નિહાળી રહ્યો. તેઓની આ વિરાટ સાધનાને અનંતા વંદન અર્પી રહ્યો. પ્રત્યેકની આંખમાંથી શ્રાવણ-ભાદરવાનો વરસાદ વરસવા લાગ્યો. "આચાર્યદેવનું પ્રાયશ્ચિત્ત માત્ર થોડાક

માટે રહી ગયું." એવો વસવસો બધાના મનને કોરી રહ્યો હતો. "કોણ પૂર્ણ કરશે, આ છેલ્લી ગાથા ?" બધા ચિંતામાં પડ્યા.

પણ ત્યાં જ એક ચમત્કાર થયો, **સરસ્વતી દેવી**એ ત્યાં હાજર રહેલા તમામ લોકોના શરીરમાં પ્રવેશ કર્યો, અને દેવીના પ્રભાવથી આખા સંઘના મોઢામાંથી બુલંદ અવાજે શબ્દો સરકવા લાગ્યા. ***"झंकारारावसाराम-लदलकमला....."***

હાજર રહેલ દરેકના મોઢા ઉપર આશ્ચર્યના ભાવો તરવરી ઉઠ્યા. કશા પ્રયત્ન વિના, કશા બોધ વિના આવા શ્લોકશબ્દો પોતાના જ મોઢામાંથી નીકળી રહ્યા હતા, એ એમના માટે ખૂબ જ આશ્ચર્યનું કારણ હતું.

***"भवविरहवरं देहि मे देवि ! सारं"*** છેલ્લા શબ્દો નીકળ્યા, અને છેલ્લો ગ્રન્થ પણ પૂર્ણ થયો. આખા ય સંઘમાં આનંદ-આનંદ છવાઈ ગયો.

આચાર્યદેવે પોતાના ૧૪૪૩ ગ્રન્થોમાં છેલ્લે **भवविरह** શબ્દ વાપરેલો, દેવીએ આપેલા ઉપદેશમાંથી એ **भवविरह** શબ્દને એમણે આત્મસાત કરવા આ રસ્તો અપનાવેલો. પછી તો એ શબ્દ એમનું ઉપનામ બની ગયો. દેવીએ પણ કમાલ કરી ને ? છેલ્લા શ્લોકમાં **भवविरह** શબ્દ ગોઠવી દઈને એ શ્લોક પણ એ મહાપુરુષનો જ છે, એ પદાર્થને દૃઢ કરી દીધો.

ચૌદશના પ્રતિક્રમણમાં બધા **ઝંકારા....**થી એક સાથે બોલે છે, એનું રહસ્ય આ છે કે ઝંકારાથી માંડીને આખી ગાથા એ વખતે આખો સંઘ દેવીના પ્રભાવથી સાથે બોલેલો, માટે એના સ્મરણ માટે આજે પણ સંઘ સાથે બોલે છે.

આ વાતની ઘણાઓને ખબર નથી હોતી, એમાં ય યુવા પેઢીને તો બિલકુલ નહિ. એટલે જ ઝંકારા.... ઘાંટાઓ પાડીને બોલવું એ એમના માટે મજાકનું - હસાહસીનું - મશ્કરીનું સાધન બની રહે છે.

દરેક સંયમીઓ શ્રીસંઘને આ ઘટના કહે, જૈનાચાર્યના મહાન ભોગને સમજાવે, એમના ભોગને અશ્રુઓની શ્રદ્ધાંજલિ આપવાની પ્રેરણા કરે, 'મજાક-મશ્કરી માટે આ બોલવાનું નથી.' એવી હાર્દિક અપીલ કરે એ મને જરૂરી લાગે છે. હરિભદ્રસૂરિજી સાચા જૈન હતા. મુસ્લિમ નહિ... એ એમના ઘોર પશ્ચાત્તાપથી ખ્યાલ આવે છે.

**॥ અર્હં નમઃ ॥**

**॥ નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય ॥**

– X – X –